
અબતક
તા. ૧૩-૧૦-૨૦૨૫, સોમવાર

ESTD. 1969

# SHILPA JEWELLERS

A SYMBOL OF LEGACY



**મંગળવાર, ૧૪ ઓક્ટોબર ૨૦૨૫**
**સવારના ૧૧:૦૦ વાગ્યાથી**

અમારા નવા શોરૂમના

# GRAND OPENING

ના ઉજવણી પ્રસંગે અમારી સાથે જોડાઓ

## મંગળ પુષ્ય નક્ષત્રના શુભ દિવસે

| | | |
|---|---|---|
| ડાયમંડ મેકિંગ ચાર્જિસ પર ફ્લેટ 50% ઑફ | પ્લેન ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ 8% થી શરૂ થાય છે | પોલ્કી મેકિંગ ચાર્જિસ પર ફ્લેટ 50% ઑફ |
| રોઝ ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ 14% થી શરૂ થાય છે | એન્ટિક ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ 12% થી શરૂ થાય છે | હેરિટેજ ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ 14% થી શરૂ થાય છે |

**THE TWIN TOWERS, NR SAURASHTRA HIGH SCHOOL,**
**OFF KALAVAD ROAD, RAJKOT - 360 001**

પેલેસ રોડ શોરૂમ ૧૩ થી ૧૫ ઓક્ટોબર સુધી બંધ રહેશે.

TERMS & CONDITIONS APPLY*

# અસરકારક પ્રત્યાયન જ સફળતાની ચાવી

# સંવાદ સેતુ: શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અસરકારક જોડાણ

## આ ટેકનિક જ જ્ઞાનના પ્રવાહ સાથે અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાને જીવંત બનાવે છે: સફળ શિક્ષક બનવા માટે અસરકારક સંચારના સિદ્ધાંતોનો અમલ કરવો પડે: વિદ્યાર્થીઓને સાચું શિક્ષણ ઈફેક્ટિવ કોમ્યુનિકેશનથી જ આપી શકાય

પ્રત્યાયન કે માહિતી સંચાર એટલે પ્રતિકાત્મક સંદેશાઓ, સુચનાઓ દ્વારા કરવામાં આવતી માહિતીની આપ-લે અને તેનું અર્થઘટન : જે વિદ્યાર્થી પોતાની મુંઝવણ કે મુશ્કેલીઓ તેમના શિક્ષકો અને વાલીઓને સમજાવી શકતા નથી, તેઓ એક પ્રકારની ગુંગણામણ અનુભવે છે અને પરિણામે તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ અને નકારાત્મકતા જોવા મળે છે

આજકાલ વિદ્યાર્થીને ભણતરનો ભાર કે ટ્રેસ લાગે છે. કામનાં સ્થળે પણ દબાણને કારણે કોમ્યુનિકેશન પર નકારાત્મક અસરો પડે છે. માણસને સ્ટ્રેસ ગમે તે રીતે આવી શકે છે. પોતે પોતાની મુશ્કેલી કોઈને સમજાવી ન શકે તો પણ માનવી હોય છાત્ર બધા જ તણાવમાં આવી જાય છે. આજે તો રોજીંદા જીવનમાં પણ તકલીફ પડી રહી છે, ત્યારે વ્યકિતએ હકારાત્મક વલણ થકી ટ્રેસને ખાળવું જરૂરી છે. જો આમ નહીં કરે તો તે પોતાના કામમાં સંપૂર્ણ ધ્યાન આપી શકતો નથી. ઘણીવાર તમે જોયું હશે કે એક વ્યકિતના ટ્રેસથી બીજાના કાર્યો પર અસર પડે છે. હળવું વાતાવરણ નકારાત્મક અસરોને ઓછી કરે છે.

છાત્રોની મુશ્કેલી સમજીને તેને કાઉન્સેલીંગ (પરામર્શ) દ્વારા માર્ગદર્શન-સમજ-તારણો આપવા જરૂરી છે. પોઝીટીવ કોમ્યુનિકેશનનું વિદ્યાર્થીના જીવનમાં અતિ મહત્વનું કામ કરે છે. આજના યુગમાં તો ટાઈમ મેનેજમેન્ટ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, ઈફેકટીવ કોમ્યુનિકેશન વિગેરે હસ્તગત કરવું જ પડશે. વિદ્યાર્થીઓમાં આ સ્કીલ ડેવલપ થતા તે એક બીજા સાથે વિચારોનું આદાન-પ્રદાન સુવ્યવસ્થીત રીતે કરી શકે છે. છાત્રોના કૌશલ્યોમાં સુધારો-ટીચર-મા-બાપ જ કરી શકે છે. આમ જોઈએ તો જીવનના પહેલા દિવસથી જ કૌશલ્યોનો વિકાસ થતો હોય છે. નોકરીના સ્થળે તથા આપણા જીવનમાં રોજે રોજ અસરકારક પ્રત્યાયનની જરૂર પડે છે. બોડી લેંગ્વેજ પણ કોમ્યુનિકેશન સ્કીલમાં આવી જાય છે. ઘણીવાર આપણે શબ્દોને બદલે તેના દ્વારા જ જવાબો આપતા હોય છે. શ્રવણ કથન પણ મહત્વનો પાર્ટ છે. સમજે-વિચારે-બોલે-લખે કે બીજાને સમજાવે આજ હકારાત્મક વલણની ખરી વાત છે. આજકાલ સોશિયલ મીડિયા પણ ઈફેકટીવ મીડિયમ તરીકે છે. ટિવટર એક અસરકારક માધ્યમ બન્યું છે. સામાન્ય માણસથી પોલિટિકલ લોકો પણ પોતાની વાત-વિચારો રજુ કરવા આનો ઉપયોગ કરે છે.

**નોલેજ કોર્નર**




**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

પ્રત્યાયન અથવા માહિતી સંચાર એટલે પ્રતિકાત્મક સંદેશાઓ અથવા સૂચનાઓ દ્વારા કરવામાં આવતી માહિતીની આપ-લે અને તેનું અર્થઘટન. આ માહિતી સંચાર અસરકારક ત્યારે જ કહેવાય છે કે જયારે સંદેશો ઝીલનાર વ્યકિત તે સંદેશાનો મૂળ અર્થ સમજે. પછી ભલે તે સંદેશાઓ શાબ્દિક, અશાબ્દિક અથવા ચિત્રાત્મક હોય. દા.ત. પુસ્તકાલયમાં મોઢા ઉપર આંગળી મુકીને ઉભેલી છોકરીનું ચિત્ર જોઈને વિદ્યાર્થીઓ સમજી જાય છે, કે આ ચિત્ર શાંતિ જાળવો નો સંદેશ આપે છે. પ્રત્યાયનમાં વ્યકિત વાતચીત, હળવી વાતચીત અથવા મતપ્રદર્શન, વકતવ્ય, વિચારોની આપ-લે વિગેરે દ્વારા પોતાના વિચારો બીજા સુધી પહોંચાડવા ઈચ્છે ત્યારે અસરકારક પ્રત્યાયનનું કૌશલ્ય એનામાં હોવું અનિવાર્ય બને છે. જે વિદ્યાર્થીઓ પોતાની મુંઝવણ કે મુશ્કેલીઓ તેમના શિક્ષકો અથવા વાલીઓને સમજાવી શકતા નથી, તેઓ એક પ્રકારની ગુંગળામણ અનુભવે છે અને પરિણામે તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ, નકારાત્મકતા અને હિનતાની લાગણી જેવી મર્યાદાઓ જન્મે છે. આવા નકારાત્મક વલણો તેમના વ્યકિતત્વના વિકાસમાં મોટા અવરોધો ઉભા કરે છે. બીજી બાજુ જે બાળકો ખુબ સરસ રીતે, સ્પષ્ટતાથી પોતાના મંતવ્યો, વિચારો અને લાગણીઓનું પ્રદર્શન કરી શકે છે. તેમજ અન્ય વ્યકિતઓના વિચારો અને લાગણીઓ સમજી શકે છે, તેઓ સરળતાથી બધા સાથે હળીમળીને ઝડપભેર આગળ વધતા જાય છે અને ભવિષ્યમાં એક સફળ વ્યકિત તરીકે ઉભરી આવે છે. આમ, વિદ્યાર્થીઓ માટે આ કૌશલ્ય શીખવું અત્યંત જરૂરી છે. આ કૌશલ્ય શીખવતી વખતે શિક્ષકો તેમજ વાલીઓએ વિદ્યાર્થીઓ/બાળકોને તેમના દષ્ટિકોણથી સમજવા ઘટે છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓની વિવિધ લાક્ષણિકતા, પૂર્વભૂમિકા, વ્યકિતત્વના પાસાઓ, મર્યાદાઓ અને ભાષાકીય જ્ઞાનને ધ્યાનમાં રાખીને તે મુજબ પ્રત્યાયનનું કૌશલ્ય તેમનામાં વિકસાવવું જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓને એવું પ્રોત્સાહન પુરુ પાડવું આવશ્યક છે કે જેનાથી વિદ્યાર્થીઓ સ્વતંત્ર વિચારોનું આયોજન કરે, માહિતી સંચારની જવાબદારી સમજે અને તે નિભાવવા તૈયાર થાય. માહિતીની આપ-લેની જરૂરીયાત, હેતુ અને મહત્વ સમજીને માહિતીનો સંચાર કરે તેમજ સાંભળનાર વ્યકિત અથવા વ્યકિતગણ સમયની માંગને અનુસરે. જેમ કે વિદ્યાર્થીઓ જાતે જ સમજી જાય કે જયારે શિક્ષક અતિ વ્યસ્ત હોય ત્યારે તેમની પાસેથી માર્ગદર્શન લેવા ન જવાય અથવા તો ઘરમાં, જયારે માતા-પિતા અન્ય કામમાં રોકાયેલા હોય ત્યારે ઉજાણીએ જવાનું આયોજન કરવા ન બેસાય.જયારે શિક્ષકો ભણાવતા હોય અને વિદ્યાર્થીઓ પણ તેને સાચા અર્થમાં સમજતા હોય ત્યારે જ તે જ્ઞાન બને છે. આ રીતે, વિદ્યાર્થીઓને સાચું શિક્ષણ અસરકારક પ્રત્યાયન દ્વારા જ આપી શકાય છે. તે માટે જરૂરી છે કે શિક્ષકો વારંવાર વિવિધ રીતે વિદ્યાર્થીઓના પ્રત્યાઘાતો જાણે અને તે મુજબ ભણાવવાની રીતમાં ફેરફાર કરે. જયારે કોઈ અઘરા પાઠ વિદ્યાર્થીઓને ન સમજાતા હોય ત્યારે શિક્ષક વિદ્યાર્થીઓને સમજ પડી છે કે નહીં તેની ખાતરી સવાલો દ્વારા કરીને, તે મુજબ આગળ ભણાવી શકે. વળી, જીવન કૌશલ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને એ સમજાવવું પણ એટલું જ જરૂરી છે કે પ્રત્યાયનમાં શ્રવણ એટલે કે સાંભળવાનું મહત્વ સૌથી વધારે છે.તેમને ધ્યાનપૂર્વક સાંભળતા કરવાથી શિક્ષણ વધુ અસરકારક બની શકે છે. વિદ્યાર્થીઓને આ કૌશલ્ય વ્યકિતગત રીતે પણ આંતર માનવીય સંબંધોમાં જ્ઞાન વિસ્તારવામાં અને સહકાર મેળવવામાં મદદરૂપ થાય છે. જયારે વિદ્યાર્થીઓ પ્રત્યાયનનો વિવેક જાળવતા શીખે છે એટલે કે જયારે તેઓ સમજે છે કે ક્યાં શું કહેવું, ક્યારે અને કોની સાથે કઈ રીતે બોલવું ત્યારે તેઓ આપો આપ એક સમજદાર, સફળ અને પ્રતિષ્ઠિત વ્યકિત છે.મનના વિચારો, મંતવ્યો, સંવેદનાઓ અને લાગણીઓના પ્રત્યાયન દ્વારા એક વ્યકિતનો બીજી વ્યકિત વચ્ચે સમજનો સેતુ રચાય છે. એક વ્યકિતએ કરેલ રજુઆત તે જ સ્વરૂપે બીજી વ્યકિત સમજે તો સફળ પ્રત્યાયન થયું કહેવાય. શિક્ષણને અસરકારક બનાવવા શિક્ષક-વિદ્યાર્થી, વિદ્યાર્થી અને શાળા-સમાજ વચ્ચે પ્રત્યાયન થવું અત્યંત આવશ્યક છે.

### શિક્ષણ પ્રક્રિયાને રસમય બનાવવા માટે વ્યક્તિ અને વસ્તુઓ અસરકારક પ્રત્યાયન પૂરું પાડે છે

પ્રત્યાયન લેખીત, મૌખિક, દ્રશ્ય-શ્રાવ્ય, શાંત સ્વરૂપે પણ હોઈ શકે, આજે તમામ ક્ષેત્રો અદ્યતન ટેકનોલોજીથી ધમધમતાં થયાં છે. પ્રત્યાયન માટેના અસંખ્ય સાધનો શોધાઈ રહ્યા છે. કમ્પ્યુટર, ટેલિવિઝન, મોબાઈલ વગેરે સાધનો પ્રત્યાયન માટે આજના સમયની દેન છે. શિક્ષણ પ્રક્રિયાને રસાળ બનાવવા માટે વ્યકિત અને વસ્તુઓ અસરકારક પ્રત્યાયન પુરૂ પાડે છે. પ્રત્યાયનના હેતુઓ ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃતિઓ પણ શિક્ષણને અસરકારકતા બક્ષે છે. કાવ્ય, નાટક, સંવાદો એ પ્રત્યાયનના ઉત્તમ ઉદાહરણ છે. વિજ્ઞાન ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન જેવા વિષયોના સફળ પ્રત્યાયન માટે સ્થાનીક સ્રોત અગત્યનો ભાગ ભજવે છે. વર્ગખંડમાં અધ્યાપન પ્રક્રિયા કર્યા બાદ આપણે મૂલ્યાંકન કરીએ છીએ જે થયેલ પ્રત્યાયનનું માપન છે. જો વિદ્યાર્થી શિક્ષણની પ્રક્રિયા, પ્રવૃતિને સારી રીતે સમજ્યો હશે તો મૂલ્યાંકન પરિણામ ઊંચુ રહેશે. વિદ્યાર્થીના મૂલ્યાકન સાથે સાથે શિક્ષકે કરેલ પ્રત્યાયનનું પણ મૂલ્યાંકન થાય છે.





**શિક્ષક, વિદ્યાર્થી અને શાળા સમાજ વચ્ચે પ્રત્યાયન થવું એ અત્યંત આવશ્ય: પ્રત્યાયન એ બે વ્યક્તિના વિચારોનું પ્રતિબિંબ છે આજકાલ વિદ્યાર્થીને ભણતરનો ભાર કે ટ્રેસ લાગે છે. કામનાં સ્થળે પણ દબાણને કારણે કોમ્યુનિકેશન પર નકારાત્મક અસરો પડે છે**

# નારાયણી હોસ્પિટલનાં ડો.કુંતલબા જાડેજા, ડો. ચેતનાબા જાડેજાનું કરાયું સન્માન

## મેડીકલ સાયન્સ ક્ષેત્રની યશસ્વી કારકીદીની કદર કરાય

**અબતક,રાજકોટ**

રાજકોટની જાણીતી નારાયણી હોસ્પિટલ બે મહિલા તબીબોની સેવા કદર કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી દ્વારા ડો. કુંતલબા જાડેજા અને ડો. ચેતનાબા જાડેજાનો સન્માન સમારોહ યોજાઇ ગયો. મેડિકલ સાયન્સ ક્ષેત્રે યશસ્વી કારકિર્દી ધરાવતાં આ બંને બહેનો સમાજલક્ષી સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહ્યા છે.એમનાં અભ્યાસ અને કારકિર્દી વિશે જોઈએ તો, ડો. કુંતલબા જાડેજા ફીટલ મેડિસિન એકસપર્ટ છે અને ડો. ચેતનાબા જાડેજા પેઈન ફિજિશિયન છે. અને તેઓ બંને પોતપોતાના ક્ષેત્રે પોતાની નારાયણી હોસ્પિટલમાં સેવા આપી રહ્યાં છે, ડો. કુંતલબા જાડેજાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટની પી. ડી. યુ. મેડિકલ કોલેજમાંથી સ્નાતકની અને સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરમાંથી અનુસ્નાતક ની પદવી મેળવી છે. એટલું જ નહીં તેઓ ત્યારબાદ લંડન ગયાં અને ફીટલ મેડિસિનમાં ફેલોશિપ મેળવી ને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભારતમાં આવીને એ ક્ષેત્રે કાર્યરત્ રહ્યા છે. ડો. કુંતલબા જાડેજા રાજકોટમાં ૧૬ વર્ષથી કાર્યરત છે નોંધનીય વાત એ છે કે તેમણે રાજકોટમાં ફીટલ મેડિસિન એકસપર્ટ તરીકે સારી એવી નામના અને લોકચાહના મેળવી છે. ડો.ચેતનાબા જાડેજાએ બરોડા મેડિકલ કોલેજમાંથી સ્નાતકની પદવી મેળવી છે અને અનુસ્નાતકની પદવી તો તેમણે ગુજરાતની ખ્યાતનામ કોલેજ - બી. જે. મેડિકલ કોલેજમાંથી મેળવેલ છે. તેઓ સૌરાષ્ટ્રના સિનિયર પેઈન ફિજિશિયન છે અને છેલ્લા ૨૫ વર્ષથી મેડિકલ ફિલ્ડ માં કાર્યરત છે.






મેડિકલ ક્ષેત્રે આગવું કામ કરી રહેલ આ બંને ડોકટર બહેનો સામાજિક-સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે પણ પ્રેરણાદાયી કામ કરી રહેલ છે એ નોંધનીય બાબત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કોઓપરેટીવ હાઉસિંગ સોસાયટીનાં પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયા, સજી મેથ્યુ, સહમંત્રી અજયસિંહ પરમાર, ડી. પી. ત્રિવેદી, શૈલેષભાઈ પટેલ, જીતેશકુમાર હતા. આ પ્રસંગે ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ, ડો. ચૈતન્યસિંહ ગોહિલ, ડો ઓમદેવસિંહ, ડો બ્રિન્દા અને ડો હેનિલ માથુકિયા, એમ.પંડિત, ડો. સેજલબેન ભટ્ટ, ડો. દર્શન ભટ્ટ સહિત સોસાયટી પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં ડો પ્રતાપ ડોડિયા, ડો ખુશ્બુ ડોડિયા, ડો. હેતલ જોશી, ડો. હિતેશ મુંધવા સહિત ડોકટર્સ પણ હાજર રહ્યા હતા.

# ગોંડલ અક્ષર મંદિરમાં બુધવારે થશે મહંત સ્વામી મહારાજની પધરામણી: હરીભકતોમાં હર્ષ

## ૧૫ ઓકટો. થી ૭ નવેમ્બર સુધી મહંત સ્વામી હરીભકતોને આપશે સત્સંગ લાભ




**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના અક્ષર મંદિરે બી. એ. પી. એસ. સંસ્થાના વડા પૂ. મહંત સ્વામી મહારાજ ૧૫ ઓક્ટા બુધવારે આવી રહ્યા છે. પ્રતિ વર્ષ તેમનાં સાન્નિધ્યમાં અક્ષર મંદિર ખાતે દિવાળી અને નુતન વર્ષ નિમિત્તે અન્નકુટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. જેને લઈને ભક્તોમાં અદમ્ય ઉત્સાહ અને આનંદ જોવા મળી રહ્યો છે. સમગ્ર અક્ષર મંદિરનાં પરિસરને રોશની તેમજ કમાન દ્વારા શણગારવામાં આવ્યું છે. પૂ. મહંતસ્વામી મહારાજ તા. ૧૫/૧૦થી તા. ૭/૧૧ શુક્રવાર સુધી શ્રી અક્ષર મંદિર ખાતે ઉપસ્થિત રહી ભક્તોને વિવિધ ઉત્સવોમાં સત્સંગ લાભ આપશે. પ.પૂ. મહંત સ્વામી સવારે ૬:૦૦ કલાકે ઠાકોરજીની પૂજા દર્શન તેમજ સાંજે ૫:૩૦ કલાકે સત્સંગ સભામાં દર્શનનો લાભ આપશે. મહંત સ્વામી મહારાજના પૂજા દર્શન પૂર્વે પૂ. આદર્શજીવન સ્વામી મહંત ચરીતમ આધારિત કથામૃતનું પાન કરાવશે. આ નિમિતે દેશ-વિદેશથી હજારો હરિભક્તો અક્ષર મંદિર ખાતે ઉમટી પડશે.



## આવતીકાલનું રાશિફળ

### તા.૧૪.૧૦.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, આસો આઠમ, પુનર્વસુ નક્ષત્ર, સિદ્ધ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, અન્ય બાબતો માં સારું રહે.

**કર્ક (ડ,હ) :** તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ) :** કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.

**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું, હિસાબ રાખવો.

**તુલા (ર,ત) :** અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંતને સમજી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** ઈષ્ટદેવની આરાધનાથી લાભ થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.

**મકર (ખ,જ) :** જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**કુંભ (ગ ,સ,શ) :** હિત શત્રુઓથી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખથી કામ કરવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૧૦-૨૦૨૫ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (થય જશે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ટ્રફલ કેક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૮:૩૦ ચાલ જીવી લઈએ
૦૮:૩૦ થી ૧૧:૦૦ પાટડી ઉદાસી આશ્રમ આયોજિત (૧૩.૦૬.૨૦૨૨)ભવ્ય સંતવાણી
૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૧૦-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૪-૧૦-૨૦૨૫ મંગળવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** આસો વદ આઠમ
**નક્ષત્ર** પુનર્વસુ
**યોગ** સિધ્ધ **કરણ:** તૈતિલ
**સુર્યોદય** ૬.૪૪ **સુર્યાસ્ત:** ૬.૨૨
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૯ થી ૧.૫૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૯ | | | | ૮ | | |
| | | | | | | | | ૧ |
| ૧ | | ૭ | | | ૨ | | | ૪ |
| ૨ | | ૪ | ૩ | ૯ | ૮ | | ૬ | |
| | | ૬ | ૨ | | | | ૧ | |
| | ૯ | | ૪ | | ૧ | | | |
| | | | ૮ | | ૭ | | | |
| ૩ | ૬ | | ૯ | ૫ | | | | ૨ |
| | | | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૫ | ૩ | ૧ | ૪ | ૬ | ૮ | ૯ |
| ૪ | ૩ | ૯ | ૬ | ૮ | ૫ | ૭ | ૧ | ૨ |
| ૬ | ૧ | ૮ | ૭ | ૨ | ૯ | ૫ | ૪ | ૩ |
| ૭ | ૬ | ૩ | ૯ | ૫ | ૧ | ૪ | ૨ | ૮ |
| ૯ | ૪ | ૨ | ૮ | ૭ | ૬ | ૩ | ૫ | ૧ |
| ૮ | ૫ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૬ | ૫ |
| ૧ | ૮ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ |
| ૫ | ૯ | ૭ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૪ |

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY


# અબતક®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૩-૧૦-૨૦૨૫, સોમવાર
વર્ષ: ૧૪, અંક: ૧૮૫

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




બંધકોની આપલે વચ્ચે સુખના આંસુ વરસ્યા

# આજે ઈજિપ્તમાં ૨૦ દેશના વડાઓ ગાઝાની શાંતિ વચ્ચે વિશ્વને “શાંતિ” તરફ દોરી જશે?

## ગાઝામાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે ઈજિપ્તમાં યોજાઈ રહેલી મહત્વપૂર્ણ બેઠકમાં ભારતીય પક્ષની હાજરી પણ મહત્વની સાબિત થશે કેમ કે ભારતે હંમેશા શાંતિ અને સંયમનું સમર્થન કર્યું છે

**અબતક, નવી દિલ્હી**

ગાઝામાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે ઈજિપ્તમાં યોજાઈ રહેલી મહત્વપૂર્ણ બેઠકમાં ભારતીય પક્ષની પણ હાજરી રહેશે. વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહ ઈજિપ્તના શહેર શર્મ અલ શેખમાં આયોજિત શાંતિ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ગયા છે.ત્યારે આજે ઈજિપ્તમાં ૨૦ દેશના વડાઓ ગાઝાની શાંતિ વચ્ચે વિશ્વને ‘‘શાંતિ‘‘ તરફ દોરી જશે.

ભારતે હંમેશા શાંતિ અને સંયમનું સમર્થન કર્યું છે. ભારત ઈઝરાયલ અને પેલેસ્ટાઈન બંને સાથે સારા સંબંધો રાખે છે, જેના કારણે ભારતનું આ શાંતિ પ્રક્રિયામાં ભાગ લેવો મહત્ત્વનો છે.બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની, ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને સંયુકત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ પણ આ શિખર સંમેલનમાં ભાગ લેનારા નેતાઓમાં સામેલ છે.ઈજિપ્ત દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ શિખર સંમેલનનો ઉદ્દેશ ગાઝા પટ્ટીમાં યુદ્ધ સમાપ્ત કરવું અને પશ્ચિમ એશિયામાં શાંતિ તથા સ્થિરતા લાવવાના પ્રયાસોને વેગ આપવાનો છે. આ સંમેલન રાષ્ટ્રપતિ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના પ્રથમ તબક્કાના અમલના થોડા દિવસો બાદ યોજાઈ રહ્યું છે.

ગાઝામાં લાંબા સમયથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે હજારો લોકોના મોત થયા છે અને ભારે વિનાશ થયો છે. હવે બંને પક્ષો વચ્ચે શાંતિ કરાર પર ઔપચારિક રીતે હસ્તાક્ષર થવાના છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ માટે ૨૦ સૂત્રીય યોજના રજૂ કરી છે. જેમાં મુખ્યત્વે યુદ્ધવિરામ, સેના પાછી ખેંચવી, બંધકોની મુક્તિ અને ગાઝામાં લાંબા સમય સુધી સ્થાયી શાંતિ જાળવી રાખવાના મુદ્દાઓનો પર ચર્ચા થશે.

ટ્રમ્પે કહ્યું કે અમે બધાને ખુશી મળે તેવું કરીશું. બધા ખુશ છે અને ભલે પછી તે યહૂદી હોય કે મુસ્લિમ હોય કે અરબ દેશો હોય. ઈઝરાયલ બાદ હું ઈજિપ્ત જઈશ અને તમામ શક્તિશાળી તથા મોટા દેશો, ધનિક દેશો અને અન્ય દેશોના નેતાઓ સાથે મુલકાત કરીશું અને આ તમામ લોકો આ સમજૂતિમાં સામેલ થશે.ડોનાલ્ડ ટ્રમ્પનું માનવું છે કે, આ પ્લાન મધ્ય પૂર્વમાં સ્થાયી શાંતિ સ્થાપવાની સૌથી સારી રીત છે. પરંતુ, હજી અનેક રાજકીય અને સુરક્ષાની સમસ્યાઓ છે જેનો ઉકેલ લાવવાનો બાકી છે.

# દુર્લભ ખનિજનું ખેડાણ કરી આત્મનિર્ભર બનશે ભારત

## ઈલેક્ટ્રિક વાહનો તથા એરક્રાફ્ટ એન્જીનમાં અતિ ઉપયોગી એવા રેર અર્થનો બે મહિનાનો સ્ટોક કરવા સરકારની ઝુંબેશ : આગામી પાંચ વર્ષમાં ૬,૦૦૦ ટન રેર અર્થના ઉત્પાદનનો લક્ષ્યાંક

**અબતક, નવી દિલ્હી**

રેર અર્થ એલિમેન્ટ્સ, જેમાં ૧૭ તત્વોનો સમાવેશ થાય છે, તે ઈલેક્ટ્રિક વાહનો, એરક્રાફ્ટ એન્જિન અને લશ્કરી રડાર જેવા ઉત્પાદનોમાં મહત્વની ભૂમિકા ભજવે છે.ભારત સરકાર દેશમાં રેર અર્થ એલિમેન્ટ્સની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ સ્ટોકપાઈલ નામનો એક વિશેષ કાર્યક્રમ શરૂ કરવાની તૈયારી કરી રહી છે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું, અમે આ કાર્યક્રમ હેઠળ રેર અર્થ એલિમેન્ટ્સનો બે મહિનાનો સ્ટોક બનાવવાનું લક્ષ્ય રાખીએ છીએ, જેમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી પર ભાર મૂકવામાં આવશે. પ્રારંભિક ધ્યાન રેર અર્થ એલિમેન્ટ્સ પર છે, પરંતુ ભવિષ્યમાં અન્ય ક્રિટિકલ ખનિજોને પણ આવરી લેવામાં આવશે.

રેર અર્થ એલિમેન્ટ્સ ૧૭ રાસાયણિક તત્વોનું જૂથ છે, જે તેમના અનન્ય ચુંબકીય અને વિદ્યુતીય ગુણધર્મોને કારણે હાઈ-ટેક એપ્લિકેશન્સ, ખાસ કરીને રેર અર્થ મેગ્નેટના રૂપમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ કાર્યક્રમ દેશમાં રેર અર્થ મેગ્નેટના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસોને પૂરક બનશે. અગાઉ એક અહેવાલમાં જણાવાયું હતું કે એક આંતર-મંત્રાલય પેનલે રેર અર્થ મેગ્નેટના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ૭,૩૦૦ કરોડ રૂપિયાની પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે, જેનો લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં ૬,૦૦૦ ટન ઉત્પાદનનો છે.

રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ્સ મિશન હેઠળ, સરકારે પુરવઠાની વિક્ષેપોને રોકવા અને સ્થાનિક ઉપયોગ માટે ખનિજોની

(અનુ. આઠમા પાને)

### અમેરિકાને ન આપવાની શરતે ભારતને રેર અર્થ દેવા ચીન તત્પર

ચીનએ રેર અર્થ એલિમેન્ટ્સ અને તેની પ્રોસેસિંગ ટેક્નોલોજીના નિકાસ પર નિયંત્રણો વધુ કડક કર્યા છે. આ નિયંત્રણો ખાસ કરીને વિદેશી સંરક્ષણ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગોને લક્ષ્યમાં રાખે છે. ચીન, જે વિશ્વના ૯૦% થી વધુ પ્રોસેસ્ડ રેર અર્થ અને રેર અર્થ મેગ્નેટનું ઉત્પાદન કરે છે, ભારત પાસે ગેરંટી માંગી રહ્યું છે કે તેના દ્વારા સપ્લાય કરવામાં આવેલા હેવી રેર અર્થ મેગ્નેટ યુએસમાં ફરીથી નિકાસ નહીં કરવામાં આવે અને તેનો ઉપયોગ માત્ર સ્થાનિક જરૂરિયાતો માટે જ થશે. અહેવાલ મુજબ, ચીન ઈચ્છે છે કે ભારતને સપ્લાય કરવામાં આવેલા હેવી રેર અર્થ મેગ્નેટ યુએસ સુધી ન પહોંચે. એક જાણકાર વ્યક્તિએ જણાવ્યું કે ચીન યુએસ સાથે હેવી રેર અર્થ મેગ્નેટને લઈને કોઈ ડીલની શક્યતા શોધી રહ્યું છે અને તે ઈચ્છે છે કે સપ્લાયનું ડાયવર્ઝન ન થાય. ભારત સરકારે

(અનુ. આઠમા પાને)

# “સોના ચાંદી”ની વણથંભી તેજી: સોનામાં રૂ.૨૫૦૦ અને ચાંદીમાં રૂ.૮૦૦૦નો વધારો

## સોનાનો ભાવ એક જ દિવસમાં રૂ. ૨,૫૦૦ વધીને રુ. ૧,૨૫,૪૫૦ પર પહોંચી ગયો: ચાંદી પણ રૂ. ૧,૮૦,૦૦૦એ પહોંચી

**અબતક રાજકોટ**

તહેવારોની મોસમમાં ખરીદીના સૌથી શુભ મુહૂર્ત પુષ્ય નક્ષત્રના બરાબર એક દિવસ પહેલા સોના અને ચાંદીના ભાવે ઈતિહાસ રચ્યો છે. પુષ્ય નક્ષત્ર, દિવાળી અને ધનતેરસના શુભ મુહૂર્તો પહેલા જ સોના અને ચાંદીના બજારમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આજે સોના અને ચાંદી બંનેના ભાવ સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા હતા. ૨૪ કેરેટ સોનાનો ભાવ એક જ દિવસમાં રુ. ૨,૫૦૦ વધીને રુ. ૧,૨૫,૪૫૦ (પ્રતિ ૧૦ ગ્રામ) પર પહોંચી ગયો છે. ચાંદીના ભાવમાં પણ વિક્રમી તેજી જોવા મળી છે, જે એક જ દિવસમાં રુ. ૮,૦૦૦ જેટલો તોતિંગ ઉછાળા સાથે રુ. ૧,૮૦,૦૦૦ પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે.સોનાના ભાવમાં આ જંગી વધારો થવા પાછળ ત્રણ મુખ્ય પરિબળો

(અનુ. આઠમા પાને)

### સોનું સદાય કાળ ચમકતું

### વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ તરફથી ૨૦૦ ટન સોનાની અછત વચ્ચે રીલાયન્સ, કલ્યાણ, તનિષ્ક તરફ રોકાણકારોનો ધસારો

**સોનાના ભાવના જબરદસ્ત વધારો થયો, બીજી તરફ લોકો ડિફર્ડ પરચેઝ સ્કીમ તરફ વધુ પ્રમાણમાં વળ્યાં : ડિજિટલ ગોલ્ડની ખરીદી પણ વધી**

**અબતક, નવી દિલ્હી**

કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં સોનાના ભાવમાં ૨૩% વધારો થયો છે, અને ગત વર્ષની સરખામણીએ જાન્યુઆરીથી ૫૬%નો વધારો થયો છે. આના પરિણામે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલએ ભારત માટે ૨૦૨૫ના સંપૂર્ણ

(અનુ. આઠમા પાને)

### હાજર નહીં, સોવરિન ગોલ્ડ બોન્ડની ડિમાન્ડ ઊછળતા જ અછત સર્જાઈ

**સરકારે નવા બોન્ડ જારી કરવાનું બંધ કર્યું : બોન્ડમાં સોનાના સ્પોટ ભાવની સરખામણીએ રોકાણકારોએ ૩૨% સુધીનું પ્રીમિયમ ચૂકવ્યું**

રિટેલ રોકાણકારો સરકાર દ્વારા જારી કરાયેલા સોવરિન ગોલ્ડ બોન્ડ્સ તરફ ભારે આકર્ષણ ધરાવે છે. ગયા સપ્તાહે, સોનાના સ્પોટ ભાવની સરખામણીએ રોકાણકારોએ ૩૨% સુધીનું પ્રીમિયમ ચૂકવ્યું હતું, જેના કારણે ખરીદીનો ઉન્માદ વધ્યો છે. જો સોનાના ભાવમાં ઘટાડો થાય તો આ રોકાણકારોને ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

૧૦ ઓક્ટોબરે નેશનલ સ્ટોક એક્સચેન્જ પર સોવરીન ગોલ્ડ બોન્ડસ ફેબ્રુઆરી ૩૨ (૪) સિરીઝ-જે ફેબ્રુઆરી ૨૦૨૪માં જારી થઈ અને ફેબ્રુઆરી ૨૦૩૨માં મેચ્યોર થશે-એ રૂ.૧૫,૨૬૬ પ્રતિ ગ્રામના ભાવે ટ્રેડ થઈ, જે સોનાના સ્પોટ ભાવ કરતાં ૨૬% વધુ છે. તે જ દિવસે, ડિસેમ્બર ૩૧ (૩ રૂ.૧૪,૫૫૬ પ્રતિ ગ્રામના ભાવે ટ્રેડ થઈ, જે ૨૦%નું

(અનુ. આઠમા પાને)

# તાલિબાને ૫૮ પાક સૈનિકોનો ખાતમો બોલાવી ૨૫ ચોકીઓ કબજે કરી

## કોઈપણ અણધારી પરિસ્થિતિનો સામનો કરવા અફઘાનિસ્તાને તેની સુરક્ષા વ્યવસ્થાને હાઈ એલર્ટ પર રાખી

**અબતક, ન્યુ દિલ્હી**

અફઘાનિસ્તાને દાવો કર્યો હતો કે તેમણે ૫૮ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા છે અને સરહદ પર ઘણી પાકિસ્તાની ચોકીઓ કબજે કરી છે. બંને દેશોની સેનાઓ વચ્ચે અથડામણ અને ગોળીબારના અહેવાલો સાથે પ્રદેશમાં પરિસ્થિતિ તણાવપૂર્ણ રહે છે. અફઘાનિસ્તાને તેની સુરક્ષા વ્યવસ્થાને હાઈ એલર્ટ પર રાખી છે. કોઈપણ અણધારી પરિસ્થિતિનો સામનો કરવા માટે અફઘાન સુરક્ષા દળોની તૈનાતી વધુ મજબૂત બનાવવામાં આવી છે. સ્પિન બોલ્ડક-ચમન સરહદ બંધ થવાથી બંને દેશોના સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને મોટી અસુવિધા થઈ શકે છે, કારણ કે લોકો વ્યવસાય, તબીબી સંભાળ અને પારિવારિક હેતુઓ માટે વારંવાર એકબીજાની મુલાકાત લે છે. બંને દેશો વચ્ચેના તણાવને ધ્યાનમાં રાખીને સરહદ ફરીથી ખોલવાની કોઈ તાત્કાલિક શકયતા નથી.અફઘાનિસ્તાન દ્વારા પાકિસ્તાન દ્વારા અફઘાન પ્રદેશ અને હવાઈ ક્ષેત્રના વારંવાર ઉલ્લંઘનના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. તાલિબાન સરકારના પ્રવકતા ઝબીહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો હતો કે અફઘાન સુરક્ષા દળોએ ૨૫ પાકિસ્તાની લશ્કરી ચોકીઓ પર કબજો કર્યો હતો, જેમાં ૫૮ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા અને ૩૦ અન્ય ઘાયલ થયા હતા. પાકિસ્તાન તરફથી આ જાનહાનિની તાત્કાલિક પુષ્ટિ કરવામાં આવી નથી.

અફઘાન સંરક્ષણ મંત્રાલયે આ કાર્યવાહીને સફળ અને જવાબી ગણાવી હતી અને જણાવ્યું હતું કે ’અમારું ઓપરેશન મધ્યરાત્રિએ સમાપ્ત થયું.’ મંત્રાલયે પાકિસ્તાનને કડક ચેતવણી પણ આપી હતી. મંત્રાલયે કહ્યું હતું કે, ‘‘જો પાકિસ્તાન ફરીથી અફઘાન સરહદનું ઉલ્લંઘન કરે છે, તો અમારી સેના દેશનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને તેનો કડક જવાબ આપશે.‘‘ મુજાહિદે એ પણ સ્પષ્ટતા કરી હતી કે

(અનુ. આઠમા પાને)

# ભારત કૂડની સામે ખેત અને મરીન પ્રોડક્ટ આપી રશીયા સાથે વેપાર સરભર કરશે

## રશિયાથી ભારતની આયાત વધુ અને નિકાસ ઓછી, જેથી વેપાર ખાધ આસમાને, બન્ને દેશો વચ્ચેનો વેપાર બેલેન્સ કરવા સરકારે પ્રયાસો શરૂ કર્યા

**અબતક, નવી દિલ્હી**

ભારતે રશિયા સાથેના વેપાર ખાધને ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે તેના દરિયાઈ અને કૃષિ નિકાસ પરના ૬૫થી વધુ બિન-શુલ્ક અવરોધો ઓળખ્યા છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ અવરોધો ખાસ કરીને દરિયાઈ ઉત્પાદનો અને કૃષિ ઉત્પાદનોની નિકાસને અસર કરે છે. હવે ભારત ક્રૂડની સામે આ પ્રોડક્ટની નિકાસ વધારી વેપાર સરભર કરવાના પ્રયાસો કરશે.

એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું, ‘‘ભારત રશિયા સાથે બિન-શુલ્ક અવરોધોનો મુદ્દો ઉઠાવી રહ્યું છે. આમાંના મોટા ભાગના અવરોધો કૃષિ અને દરિયાઈ ઉત્પાદનો સાથે સંબંધિત છે.‘‘ રશિયાએ તાજેતરના વર્ષોમાં ભારતની કેટલીક આંબળી અને કેળાની જાતો માટે બજાર ખોલ્યું છે, પરંતુ ઝીંગા નિકાસ માટે ભારતીય દરિયાઈ ઉત્પાદન એકમોને મંજૂરી આપવાનો મુદ્દો મુખ્ય ચિંતાનો વિષય છે.

૨૦૨૪-૨૫માં ભારતની રશિયા સાથેની વસ્તુઓની નિકાસ ૪.૮૮ બીલીયન ડોલરની હતી, જેમાંથી ૧૨૩ મિલિયન ડોલરની નિકાસ ફ્રોઝન ઝીંગા અને પ્રોન્સની હતી. ભારતે રશિયા સાથે ૫૯ બીલીયન ડોલરની વેપાર ખાધનો સામનો કરવો પડ્યો હતો, જેને ઘટાડવા માટે આ અવરોધોનું ઝડપી

(અનુ. આઠમા પાને)






# પૂજિત રૂપાણી ટ્રસ્ટના સર્વરોગ નિદાન કેમ્પમાં ૨૦૦થી વધુ દર્દીઓએ વિવિધ સેવાઓનો લીધો લાભ

## થાઈરોઈડ, મેદસ્વીતા, ડાયાબિટીસ સહિતના રોગોની વિનામૂલ્યે તપાસ કરાઈ: કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા સહિતના મહાનુભવો રહ્યા ઉપસ્થિત





**અબતક, રાજકોટ** પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ, વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ અને રોટરી ક્લબ રાજકોટ મીડટાઉનના સંયુકત ઉપક્રમે પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ ખાતે જરૂરિયાતમંદ લોકો માટે એક વિનામૂલ્યે 'સર્વરોગ નિદાન કેમ્પ'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી દ્વારા (અનુ. આઠમા પાને)

### ટ્રસ્ટ દ્વારા નિયમિતપણે ચશ્મા વિતરણ-દાંતના ચોકઠા બનાવવાનો કેમ્પ: ડો. જૈનમ ઉપાધ્યાય



અબતક સાથેની વાતચીતમાં પૂજિત રૂપાણી ટ્રસ્ટના મેડિકલ કમિટીના ડો. જૈનમ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, સ્વ. વિજયભાઈ રૂપાણીની પુણ્યતિથિને ચાર મહિના પૂરા થતા હોવાથી તેમને યાદ કરીને આ કેમ્પ યોજાયો હતો. (અનુ. આઠમા પાને)

### નિદાન કેમ્પ થકી જરૂરિયાતમંદોને ઘરઆંગણે આરોગ્ય સેવાઓ: ડો. જયેશભાઈ ડોબરીયા



અબતક સાથેની વાતચીતમાં ડો જયેશભાઈ ડોબરીયા જણાવ્યુ હતું કે, પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ અને રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વિનામૂલ્યે કેમ્પમાં રાજકોટના નામચીન ૧૦થી વધુ ડોક્ટરોએ (અનુ. આઠમા પાને)

### દિપાવલી પર્વે બાળકોએ બનાવેલ વસ્તુ ખરીદીને તેના અંધકારને દૂર કરવા અંજલિબેન રૂપાણીનો અનુરોધ



શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત સ્ટ્રીટ ચિલ્ડ્રન પ્રોજેક્ટના બાળકો દ્વારા બનાવેલ દીપાવલિ સુશોભન માટેની વસ્તુઓનું કાલે અને બુધવારે બે દિવસીય પ્રદર્શન સહ વેચાણ કાર્યક્રમ યોજાશે.

બે દિવસ માટે યોજાનાર પ્રદર્શન સહ વેચાણમાં બહોળી સંખ્યામાં નગરજનોને ઉપસ્થિત રહી, વંચિત બાળકોને પ્રોત્સાહિત કરવા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી અંજલિબેન વિજયભાઈ રૂપાણીની અપીલ કરી છે.

શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ છેલ્લા ૩૦ વર્ષથી કચરો વિણતા તેમજ ઝુંપડપટ્ટી વિસ્તારમાં વસતા બાળકો માટે સ્ટ્રીટ ચિલ્ડ્રન પ્રોજેક્ટ ચલાવે છે. જે અંતર્ગત બાળકોને અભ્યાસ સાથે વોકેશનલ ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. આ બાળકો દ્વારા બનાવાયેલ રંગબેરંગી દિવડા તથા દીપાવલિ સુશોભન માટેની કૃતિઓનું પ્રદર્શન સહ વેચાણનું આયોજન મંગળવાર અને બુધવાર સુધી સવારે ૧૦:૦૦ થી રાત્રિ ૮:૦૦ દરમ્યાન ''બ્લિંગ'', નાથ સ્ટોલ, જિલ્લા પંચાયત ચોક, રેસકોર્ષ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.

આ પ્રદર્શન સહ વેચાણ મંગળવારે સવારે ૯.૩૦ વાગ્યે ખુલ્લુ મૂકવામાં આવશે. જેમાં વંચિત બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ (અનુ. આઠમા પાને)

# કષ્ટભંજનદેવનો ૧૭૭મો વાર્ષિક પાટોત્સવ ધામધુમ પૂર્વક ઉજવાયો

## શ્રીફળ હોમ વિધી, દિવ્ય દર્શન, અભિષેક, અન્નકુટ યજ્ઞ દર્શન અને મહાપ્રસાદનો લાભ ભકતો લીધો

**અબતક, રાજકોટ** સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૭ મો વાર્ષિક પાટોત્સવ તા:૧૧-૧૦-૨૦૨૫ને શનિવારના રોજ કષ્ટભંજનદેવને ચાંદીનો મુકુટ-હાર અને વૃન્દાવનમાં તૈયાર થયેલા એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા એવં સેવંતીના ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પ.પૂ.પુરાણી સ્વામી વિષ્ણુપ્રકાશદાસજી દ્વારા, ૭:૦૦ કલાકે શણગાર આરતી શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી દ્વારા તેમજ અભિષેક અને અન્નકૂટ આરતી લાલજી મહારાજ દ્વારા કરવામાં આવી હતી.ત્યારબાદ મારુતિયજ્ઞની પૂર્ણાહુતિ બપોરે કરવામાં આવી હતી.





આજે દેશ વિદેશમાંથી આવતા લાખો શ્રદ્ધાળુઓના હૃદયના હાર એવા કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનો ૧૭૭મો વાર્ષિક પાટોત્સવ છે ત્યારે સ્વામિનારાયણ ભગવાનની, વડતાલદેશ પિઠાધિપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજનાં અને પ.પૂ. ગુરૂવર્ય અથાણાવાળા સ્વામી, પુરાણી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામીનાં આશીર્વાદથી અને ચૈતન્યસ્વરૂપદાસજી સ્વામી (અનુ. આઠમા પાને)

# વીવાયઓ નાથધામ હવેલીએ વ્રજરાજકુમારએ ૧૩૦ વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી





**અબતક, રાજકોટ:** રાજકોટમાં વીવાયઓ નાથધામ હવેલી ખાતે વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદય મંગલ ઉપસ્થિતિમાં વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ દીક્ષા એવમ હરીનામ સંકીર્તનનો લાભ મેળવ્યો.

વીવાયઓ નાથધામ હવેલી ખાતે વૈષ્ણવોચાર્ય વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિમાં વૈષ્ણવોએ ઠાકોરજીના દર્શન કરી વ્રજરાજકુમારજીની મુલાકાત લઈ આશીર્વાદ મેળવ્યા હતા. તેમજ ૧૩૦ થી પણ વધુ વૈષ્ણવોએ પાસે બ્રહ્મસંબંધદીક્ષા ગ્રહણ કરી હતી. અને હરિનામ સંકીર્તન નો લાભ વૈષ્ણવોને પ્રાપ્ત થયા હતા. અને પૂજયની મંગલ પધરામણી પણ વૈષ્ણવોના ઘરે કરવામાં આવી હતી.

# મનપા આયોજિત સ્વદેશી મેળામાં આરોગ્યપ્રદ પ્રોડક્ટ્સની ભરમાર

## 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે રેસકોર્ષ મેદાન ખાતે બુધવાર સુધી ભવ્ય સ્વદેશી મેળો





**અબતક, રાજકોટ** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'વિકાસ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે રેસકોર્ષ મેદાન ખાતે ભવ્ય સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય 'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫' અને કેન્દ્ર સરકારના 'આત્મનિર્ભર ભારત' અભિયાનને જનમાનસમાં પ્રોત્સાહન આપવાનો છે. આ શોપિંગ ફેસ્ટિવલનું ઉદઘાટન ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે રીબીન કાપીને કરવામાં આવ્યું હતું, જ્યારે સમગ્ર ઉદઘાટન સમારોહ મેયર નયનાબેન પેઢડીયાની અધ્યક્ષતામાં અને ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સ્વદેશી મેળો ૧૫ ઓક્ટોબર સુધી ખુલ્લો રહેશે.

આ મેળાને જનતા તરફથી (અનુ. આઠમા પાને)

### વેસ્ટ થઈ ગયેલી સાડીઓમાંથી બંજારા બેગ્સનું વેચાણ : નિશા સોની



નિશા સોની, સ્ટોલ ધારકે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ''હું હાલમાં ટ્રેન્ડમાં રહેલી બંજારા બેગ્સનું વેચાણ કરું છું, જે મારો શોખ હતો અને મેં તેને હવે સફળ વ્યવસાયમાં પરિવર્તિત કર્યો છે. મારી આ બેગ્સની વિશેષતા એ છે કે અમે તેને વેસ્ટ થઈ ગયેલી સાડીઓમાંથી બનાવીએ છીએ, જેનાથી તે ઈકો-ફ્રેન્ડલી અને (અનુ. આઠમા પાને)

### 'સ્વદેશી અપનાવી વિદેશીને બાય બાય કહો': બીના ગોહેલ



અબતક સાથેની વાતચીતમાં સ્ટોલ ધારક બીના ગોહેલે જણાવ્યું હતું કે, ''મેળામાં અમને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે, કારણ કે હવે લોકો 'સ્વદેશ'નો અર્થ માત્ર સમજે જ છે, પરંતુ તેને અપનાવી પણ રહ્યા છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય 'સ્વદેશી અપનાવી વિદેશીને બાય બાય કહો'નો છે. હાલમાં લોકો કેમિકલયુક્ત ખોરાક ખાઈ રહ્યા છે, જેના કારણે કેન્સર જેવી ગંભીર બીમારીઓનો ખતરો વધી રહ્યો છે. આ જોખમમાંથી (અનુ. આઠમા પાને)

### 'લોયલી ગૃહ ઉદ્યોગ' થકી સ્વદેશી પ્રોડક્ટ્સનું વેચાણ: વિનોદ રાઠોડ



અબતક સાથેની વાતચીતમાં સ્ટોલ ધારક વિનોદ રાઠોડે જણાવ્યું હતું કે, હું 'લોયલી ગૃહ ઉદ્યોગ' ચલાવું છું, જેના દ્વારા હું સંપૂર્ણપણે સ્વદેશી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરું છું. અહીં મેળામાં મને સ્વ-સહાય સખી મંડળ દ્વારા સ્ટોલ ફાળવવામાં આવ્યો છે, જ્યાં હું મારી આ સ્વદેશી પ્રોડક્ટ્સનું વેચાણ કરી રહ્યો છું. તેમણે આગળ માહિતી આપતા (અનુ. આઠમા પાને)

# ''શહેરી વિકાસ વિઝન ડોક્યુમેન્ટ''નું સાંસદ પરસોતમ રૂપાલાના હસ્તે વિમોચન

## મહાનગરપાલિકા દ્વારા વિકાસ સપ્તાહ-૨૦૨૫ના ભાગરૂપે રૂ.૭.૪૧ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત

**અબતક, રાજકોટ** મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારના વિકાસ સપ્તાહ-૨૦૨૫ અંતર્ગત રેસકોર્સ ગ્રાઉન્ડમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મહાનગરપાલિકાની મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્યો, શહેરના કોર્પોરેટરો, સ્થાનિક પદાધિકારીઓ અને હજારો નાગરિકો ઉપસ્થિત રહ્યા. અનાવરણ બાદ રૂ. ૭.૪૧ કરોડના ૧૩ મહત્વપૂર્ણ વિકાસ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા, જેમાં બાંધકામ, ડ્રેનેજ, પાણી પુરવઠા અને સામાજિક વિકાસની સુવિધાઓ શામિલ છે.



શહેરના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ પગલાં દર્શાવતાં શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ - રાજકોટ વિઝન ડોક્યુમેન્ટનું અનાવરણ સાંસદ પરસોતમ રૂપાલાના હસ્તે કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં નટવરી નૃત્યમાળાના સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉત્સવના માહોલને વૈભવી બનાવ્યું.

કાર્યક્રમ દરમિયાન નાગરિકોને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવા માટે પ્રેરણા આપવામાં આવી અને

વિઝન ડોક્યુમેન્ટ શહેરની ભવિષ્યની યોજનાઓને વર્ણવે છે, જેમાં ટેકનોલોજી આધારિત નગર સેવા, હોલિસ્ટિક ડેવલપમેન્ટ, માર્ગ, નળ-ગટર સુવિધા, પબ્લિક ટ્રાન્સપોર્ટ, ડબલ ડેકર બ્રિજ, સ્માર્ટ સિટી અને લિવેબલ શહેર બનાવવા માટેના વિવિધ પ્રોજેક્ટોનો સમાવેશ થાય છે. આ યોજનાઓ નાગરિકોને આરામદાયક, સુરક્ષિત અને આધુનિક શહેરી જીવનની સુવિધા પૂરી પાડશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત સાંસદ પરસોતમ રૂપાલાએ જણાવ્યું કે, વિકસિત ગામ એ જ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતનો માર્ગ છે. રાજકોટના ઉદ્યોગો અને શહેરના વિકાસમાં જે યોગદાન છે તે ગૌરવની વાત છે. અમે નવા વિકાસ માટે સતત કાર્યરત છીએ.ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે નાગરિકોને આત્મનિર્ભર બનવા માટે પ્રેરણા આપી અને જણાવ્યું કે સ્વદેશી ઉત્પાદનો અપનાવવાથી દેશના અર્થતંત્રને મજબૂતી મળશે અને નાગરિકો પણ વિકાસના પથ પર આગળ વધી શકે છે.

આ વિઝન ડોક્યુમેન્ટ શહેરને ટેકનોલોજી, સુવિધા, સુશાસન અને લિવેબલ સિટી તરીકે આગળ વધારવાની દિશામાં માર્ગદર્શક સાબિત થશે. આ પ્રોજેક્ટ વિકસિત ગુજરાત ૨૦૪૭ અને વિકસિત ભારતના ધ્યેયને અનુસરીને શહેરના તમામ વર્ગોને વિકાસમાં જોડશે.

રાજકોટ મહાનગરપાલિકા અને રાજ્ય સરકારની આ યોજનાઓ દ્વારા શહેરમાં ભૌતિક, આર્થિક અને સામાજિક વિકાસ વધશે, નાગરિકોના જીવન ધોરણમાં ગુણાત્મક પરિવર્તન આવશે અને શહેરના દરેક વિસ્તારમાં સુવિધાઓનો સચુરીકરણ થશે.

શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ - રાજકોટ વિઝન ડોક્યુમેન્ટ શહેરને વધુ પ્રગતિશીલ, લિવેબલ અને ટેકનોલોજી સાથે એકીકૃત શહેરી કેન્દ્ર બનાવવાનું ઉદ્દેશ ધરાવે છે.

આ દસ્તાવેજમાં નગરની આધુનિક જરૂરિયાતો, નળ-ગટર, રસ્તા, હોલિસ્ટિક સિટી ડેવલપમેન્ટ અને નાગરિક સેવા સુવિધાઓને ૧૦૦% સુનિશ્ચિત કરવા માટેની વ્યવસ્થા દર્શાવવામાં આવી છે.

પછલા ૨૦ વર્ષમાં, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ, ડબલ ડેકર બ્રિજ, ઓવરબ્રિજ, અંડરબ્રિજ, યોગા સ્ટુડિયો, સ્પોર્ટ્સ (અનુ. આઠમા પાને)

# હાઈ ડ્રિમ વેલનેશ સ્પામાં મસાજના ઓઠા તળે ધમધમતું કુટણખાનું ઝડપાયું

**મહારાષ્ટ્ર, એમપી, યુપી, દિલ્હી અને ગુજરાતની આઠ ગણિકાઓ પાસેથી લોહીનો વેપાર કરાવાતો'તો**

**સ્પા સંચાલક જેન્તી વાઘેલા અને ટેલિકોલરની ધરપકડ : એએચટીયુ શાખાનો દરોડો**

**રંગીન મિજાજીઓ પાસેથી શરીર સંબંધ બાંધવા પાંચ હજાર સુધીની રકમ પડાવતા, સંચાલક પ્રતિ ગ્રાહક હજાર રૂપિયા ઉઘરાવતો : એન્ટ્રી ફીના અલગથી હજાર રૂપિયા લેતાં'તા**

**અબતક, રાજકોટ**

શહેરના અનેક સ્પામાં દેહ વેપારનું દુષણ પગ કરી ગયું હોય તેવા અહેવાલો છાસવારે સામે આવી રહ્યા છે ત્યારે વધુ એક સ્પામાંથી કુટણખાનું ઝડપાયું છે. માલવિયા ચોક ખાતે પ્રમુખ સ્વામી આર્કેડમાં આવેલ હાઈ ડ્રિમ વેલનેશ સ્પામાં એએચટીયુ શાખાણી ટીમે દરોડો પાડી કુટણખાનું ઝડપી લઈ સંચાલક અને ટેલિકોલરની ધરપકડ કરવામાં આવી હતી.

દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા અને એસીપી ક્રાઈમ બી બી બસિયા દ્વારા રાજકોટ શહેરી વિસ્તારમાં ઈમોરલ ટ્રાફિક એક્ટ અનુસંધાને જરૂરી તપાસ કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટમી ટીમને માલવિયા ચોક નજીક પ્રમુખસ્વામી આર્કેડ એ-વિંગ, બીજા માળે આવેલ હાઈ ડ્રીમ વેલનેસ સ્પાની અંદર સંચાલક દ્વારા યુવતીઓને રાખી મસાજના નામે બહારથી ગ્રાહકો બોલાવી દેહ વેપારનો ધંધો કરાવવામાં આવે છે અને આર્થિક લાભ મેળવવામાં આવતો હોય તેવી હકીકત મળી હતી. જે હકીકત વેરીફાઈ કરાવતા હકીકત સાચી હોવાનું જણાઈ આવતા એએચટીયુ શાખાની ટીમ દ્વારા ડમી કસ્ટમર મોકલી દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી સ્પાની આડમાં દેહ વ્યાપારની પ્રવૃત્તિ ચાલતી હોવાનું સામે આવ્યું હતું. અહીંથી એએચટીયુની ટીમે સ્પા સંચાલક જયંતિ ગોવાભાઈ વાઘેલા (ઉવ ૩૨, રહે. રેમેશ્વર પ્લોટ, ભાણવડ, દેવભૂમિ દ્વારકા) અને ટેલિકોલર પરીથીવી રામસિંગ (ઉવ ૪૮ રહે. ચંદ્રલોક એપાર્ટમેન્ટ, કાલાવડ રોડ, ડોમિનોઝ પાસે,રાજકોટ)ની ધરપકડ કરી ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૨૨,૩૦૦ નો મુદ્દામાલ કબજે કરી એ ડિવિઝન પોલીસ મથક ખાતે ધ ઈમોરલ ટ્રાફિક એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં હતી.

દરોડા અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર અહીં ગ્રાહકો પાસેથી એન્ટ્રી ફીના નામે હજાર રૂપિયા ઉઘરાવવામાં આવતા હતા. જ્યારે શરીર સંબંધ બાંધવા માટે ૨૫૦૦ થી ૫૦૦૦ સુધીની રકમ પડાવી લેવામાં આવતી હતી. સ્પા સંચાલક પ્રતિ ગ્રાહક યુવતીઓ પાસેથી વધારાના હજાર રૂપિયા ઉઘરાવતા હોવાનું એએચટીયુની તપાસમાં સામે આવ્યું હતું. અહીંથી મહારાષ્ટ્રની બે, દિલ્હી, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશની એક-એક જયારે ગુજરાતની ત્રણ મળી કુલ આઠ યુવતીઓ મળી આવી હતી.આ કામગીરીમાં એએચટીયુ શાખાના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ, પીએસઆઈ એ કે ગોસ્વામી, હેડ કોન્સ્ટેબલ જીજ્ઞેશભાઈ મારુ, હરસુખભાઈ વાછાણી, મહમદ આરીફ અન્સારી, કોન્સ્ટેબલ હસમુખભાઈ બાલધા, મહિલા કોન્સ્ટેબલ ભૂમિકાબેન ઠાકર, કોન્સ્ટેબલ મહેશ ગણેશપ્રસાદ, મહિલા લોકરક્ષક જવાન જ્યોતિબેન બાબરીયા સહિતના રોકાયા હતા.

# તું મારા કેસમાં સાક્ષી છો કહી ડાંગર કોલેજના માલિકના પુત્ર આણી ટોળકી યુવાન પર તૂટી પડી

**બેફામ ગાળો ભાંડી ઝપાઝપી કરી : યુવકનો ચેઈન તૂટી જતાં નુકસાની, ખૂનની ધમકી : યુનિવર્સીટી પોલીસ મથકમાં ચાર શખ્સો વિરુદ્ધ ગુનો**

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ નજીક યુવકને તું મારા કેસમાં સાક્ષી બન્યો છો કહી બી એ ડાંગર કોલેજના માલિકના પુત્ર આણી ટોળકીએ બેફામ ગાળો ભાંડી, ઝપાઝપી કર્યાનો બનાવ સામે આવ્યો છે. ઝપાઝપી દરમિયાન યુવકનો સોનાનો ચેઈન તૂટી જતાં તેમાં પણ નુકસાની સર્જાઈ હતી. બનાવને પગલે યુનિવર્સીટી પોલીસ મથકમાં ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

ડાંગર કોલેજની પાછળ ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતા અને ડ્રાયવિંગ કરતા ૩૧ વર્ષીય યુવાન શનિકુમાર યોગેશભાઈ કાગદડાએ યુનિવર્સીટી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે બી એ ડાંગર કોલેજના માલિકના પુત્ર આત્મન આહીર, શતીષ જળું, સાગર ગઢવી અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યુ હતું કે, ગત તા. ૧૨-૧૦-૨૦૨૫ ના રોજ બપોરના ત્રણેક વાગ્યા આસપાસ હું મારી પ્રાઈવેટ ગાડી ગ્રીનલેન્ડ ચોકડી ખાતે રાખી ઘરે જમવા માટે હું તથા મારો મિત્ર રમેશભાઈ મોટર સાયકલ લઈને જતા હતા. ત્યારે એઈમ્સ હોસ્પીટલ ખાતે પહોંચતા રસ્તામાં શતીષભાઈ જળુ જે અમારા વિસ્તારમાં આવતો જતો હોય તેને હું ઓળખતો હોય તે મળેલ હતો. તેણે મને પુછેલ કે, તમે આત્મન આહીરના કોઈ કેસમાં શાક્ષીમાં રહેલ છો? જેથી મે ના પાડતા અમે ત્યાથી અલગ પડી ગયેલ હતા.

બાદ હું તથા મારો મિત્ર રમેશભાઈ ઘર પાસે પહોંચી પાનના ગલ્લે અર્જુનદાન ગઢવી ઉભો હોય ત્યાં ઉભા રહેલ હતા. દરમિયાન આત્મન આહીર ત્યાં આવેલ કે જે બી.એ.ડાંગર કોલેજના માલીકનો દિકરો હોય તેણે મને પુછેલ કે, તુ મારા કેશમાં શાક્ષી તરીકે રહેલ છો? જેથી મે તેને ના પાડેલ હતી. તેમ છતા તે સમજેલ નહી અને મારી સાથે બોલાચાલી કરવા લાગેલ હતો. બાદમાં તે મને ગાળો આપવા લાગેલ હતો. જેથી મારો મિત્ર રમેશભાઈ મારી પત્નીને બોલાવા ગયેલ હતો. દરમ્યાન મે આત્મનને ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ જઈ મારી સાથે ઝપાઝપી કરવા લાગેલ હતો. તેની બાજુમાં સતીષ જળુ અને સાગરદાન ગઢવી ઉભા હતા. ત્યારે સાગર ગઢવીએ એક અજાણ્યા શખ્સને મને મારવા બોલાવેલ હતો. જે શખ્સ કુહાડી લઈને આવેલ હતો પણ મને કુહાડી મારેલ ન હતી. જો કે, મને ગાળો આપી ઝપાઝપી કરવા લાગેલ હતો. દરમિયાન સતીષ જળુ પણ મારી સાથે ઝપાઝપી કરતો હતો. દરમ્યાન મારો ગળાનો સોનાનો ચેન તુટી ગયેલ હોય નીચે પડી ગયેલ હતો. જે તુટેલો સોનાનો ચેન મે નીચેથી લઈ લીધેલ હતો પણ સોનાના ચેનમાં નુકશાન થયેલ હતું. બાદમાં મારી પત્ની વૈશાલીબેન તથા મિત્ર રમેશભાઈ લાલાભાઈ ચૌહાણ આવી જતા મને વધુ મારમાંથી છોડાવેલ હતો. દરમ્યાન ચારેય શખ્સોએ મારી પત્નીને પણ ધક્કો મારી પછાડી દીધેલ હતી અને ઝપાઝપી દરમિયાન પત્નીની ચૂંદડી ચુદડી પણ ખેંચાયેલ હતી. બાદમાં સ્થાનિકો એકત્રિત થઈ જતાં ચારેય શખ્સો નાસી ગયેલ હતા.

દરમિયાન આત્મને મને કહેલ કે, હવે બીજી વાર મારા હાથે ચડીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો ગયેલ હતો. બનાવને પગલે યુવકે યુનિવર્સીટી પોલીસ મથકમાં ચારેય શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ચારેય શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# વીમા કંપનીઓ સાથે રૂ. ૩૮ લાખની ઉચાપતના ગુનામાં ફીઝિયોથેરાપિસ્ટ અંકિત કાથરાણીના જામીન રદ

**બોગસ મેડિકલ સર્ટિફિકેટ સહિતના દસ્તાવેજો ઉભા કરી બે વીમા ઈન્સ્યોરન્સ કું. પાસેથી રકમ મેળવી કૌભાંડ આચર્યું**

**અબતક, રાજકોટ**

બોગસ મેડિકલ સર્ટિફિકેટ સહિતના દસ્તાવેજો ઉભા કરી વીમા કંપનીઓ સાથે રૂ. ૩૮ લાખની ઉચાપત કરવાના ગુનામાં પકડાયેલા ફીઝિયોથેરાપિસ્ટ ડો. અંકિત કાથરાણીએ ઉચાપતની રકમ પરત ભરપાઈ કરી દીધાના કિસ્સામાં ચાર્જશીટ બાદ દાખલ કરેલી જામીન અરજી વર્તણુક ધ્યાનમાં લઈને નામંજુર કરવામાં આવી છે.વધુ વિગત મુજબ દશક કરતા વધારે સમયથી ફીઝયોથેરાપિસ્ટ તરીકે પ્રેકટીસ કરતા ડો. અંકિત કાથરાણીએ ખોટી રીતે વીમાની રકમ મેળવવા માટે સહયોગ ઈમેર્જિંગ સેન્ટરના પુર્વ કર્મચારી સાથે મિલીભગત કરી ખોટો એમ.આર.આઈ. રિપોર્ટ મેળવેલ હતો. આ રિપોર્ટના આધારે આઈ.સી.આઈ.સી.આઈ. ઈન્સ્યોરન્સ કું. પાસેથી રૂા.૧૬લાખ મેળવેલ. ત્યારબાદ આ રીતે સહેલાઈથી મળી ગયેલ રકમથી લલચાઈ અંકિત કાથરાણીએ ફરીથી ડુપ્લકેટ રીપોર્ટ મેળવી એચ.ડી.એફ.સી. અર્ગો ઈન્સ્યોરન્સ કં. પાસેથી રૂા.૨૨/- લાખની રકમ મેળવેલ. આ કૌભાંડ ઈન્સ્યોરન્સ કં.ની જાણમાં આવતા ફોજદારી ફરીયાદ દાખલ કરવામાં આવતા ડો. અંકિત કાથરાણી, ખાનગી હોસ્પિટલ કર્મચારી સાગર પાનસુરીયા, હિમાંશુ ગોપાલભાઈ અને હિતેશ રવૈયા વગેરેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી બાદ કોર્ટની સુચનાથી જેલ હવાલે કર્યા હતા. જેની પોલીસ તપાસ બાદ ચાર્જશીટ રજુ થતા આરોપી ડો. અંકિત કાથરાણીએ વીમા કં.ને ઉચાપતની રકમ કંપનીને પરત ચુકવી દીધી હોવાનું જણાવી રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા અરજી કરી હતી.જે અરજી અદાલતમાં ચાલવા ઉપર આવતા સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતું કે, ડો. અંકિતે જામીન અરજી રજુ કરતા પહેલા વીમા કંપનીને ઉચાપતની રકમ પરત આપેલ છે, આરોપી ડો.અંકિતની વર્તણુક અભદ્ર કહેવાય. આ ઉપરાંત રજુઆત કરવામાં આવેલ કે આથી સાબિત થાય છે કે ગેરકાનુની રીતે રકમ મેળવવા માટે ડોકટર દરજ્જાના આ વ્યકિત પોતાની લાલચ રોકવા અસમર્થ છે. આ ઉપરાંત કંપનીને નાણા પરત ચુકવવા તે સાબિત કરે છે કે આરોપી ગુન્હા અંગે કબુલાત આપે છે. સરકાર તરફેની આ તમામ દલીલોના અંતે અધિક સેશન્સ જજ સી.જે. પટેલે આરોપી અંકિત કાથરાણીની ચાર્જશીટ બાદની જામીન અરજી ઉચાપતના નાણા પરત ચુકવી આપેલ હોવા છતા રદ કરી છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયા હતા.

# ૧.૧૦ કરોડની ઉચાપતના ગુનામા મુદ્દામાલ સાચવનાર ભાર્ગવ રૂપારકાની જામીન અરજી મંજૂર

**આંગડીયા પેઢી તથા અન્ય પેઢીઓ ખાતે રકમ જમા નહી કરાવી કર્મચારીએ ચાર શખ્સો સાથે મળી કરીતી છેતરપીંડી**

**અબતક , રાજકોટ**

આંગળીયા પેઢીમાંથી રૂપિયા ૧.૧૦ કરોડ ની ઉચાપતના ગુનામા મુદ્દામાલ સાચવનાર ભાર્ગવ રૂપારકાની જામીન અરજી અદાલતે મંજૂર કરી છે.બનાવ અંગે યુની. રોડ પર જે.કે.ચોક પાસે આલાપ એવન્યુમાં રહેતા યતિનભાઈ બાબુભાઈ ચુડાસમાએ કોઠારિયા રોડ ન્યુ કેદારનાથ સોસાયટી, શેરી નં.૦૫ અનિકેત અરજણ સુરેલા, ભાર્ગવ મહેશ રપારકા, આશિષ શિવરાજભાઈ બસીયા અને જયપાલ મહેશભાઈ બસીયા સામે ક્રાઈમ બ્રાન્ચમા રૂપિયા ૧.૧૦ કરોડની છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે યુનિ. રોડ પર આવેલ બ્રાંચ પ્રાઈમ એન્ટરપ્રાઈઝનું સંચાલન છેલ્લા બે વર્ષથી તેમના મોટા ભાઈ ઈન્દ્રેશભાઈ ઉર્ફે પપ્પુભાઈ બાબુભાઈ ચુડાસમા કરે છે. છેલ્લા ત્રણ વર્ષથી અનીકેત સુરેલા આંગળીયા પેઢીના ગ્રાહકોને અને આંગળીયા પેઢીમાં આવેલ રૂપીયા પહોચાડવાનું કામ કરે છે. આરોપી અનીકેત સુરેલાએ આંગળીયા પેઢીના લેવડ દેવડના કુલ રૂ.૧.૧૦ કરોડ રૂપીયા આંગડીયા પેઢી તથા અન્ય આંગડીયા પેઢીઓ ખાતે જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતાં ફરિયાદ નોંધાવી હતી.આરોપી અનિકેત સુરેલાની ધરપકડ કરી પૂછતાછમાં તેને છેતરપીંડીથી મેળવેલ રૂપિયા ગોપાલ નગરમાં રહેતાં ભાર્ગવ રૂપારકા નામના શખ્સને સાચવવા માટે આપ્યાની કબૂલાત આપતાં જેના આધારે ભાર્ગવ રપારકા ની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે મોકલેલ અને આરોપી વીરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ, આરોપી ભાર્ગવ રપારકાએ અદાલતમાં જામીન અરજી કરેલ બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં આરોપી આંગડીયા પેઢીનો કર્મચારી નથી, ઉચાપતનો કેસ બનતો નથી,સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાનમાં લઈ સેશન્સ અદાલતે હાલના આરોપીને શરતોને આધીન જામીન મંજુર કરવાનો હુકમ કરેલ છે. આરોપી ભાર્ગવ રપારકા વતી એડવોકેટ તરીકે પીયુષ એમ.શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નીતેશભાઈ કથીરીયા, વીજયભાઈ પટગીર, જીતેન્દુભાઈ ધુળકોટીયા, હર્ષીલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, આસીસ્ટન્ટ તરીકે સંજયભાઈ મેરાણી, મીહીરભાઈ શાહ અને રાજાભાઈ ભટ્ટ રોકાયેલા હતા.

# વીડીયો રેકોડીંગ એફ.એસ.એલ.માં મોકલવાની અરજી નામંજૂર

**ત્રણ ચેક રિટર્નના કેસના પુરાવામા આરોપીઓ દ્વારા ફરિયાદી વકીલો વચ્ચેની વાત અંગેની ડી.વી.ડી.અંગે દાદ માંગી હતી**

**અબતક , રાજકોટ**

રાજકોટમાં રહેતા એડવોકેટ અજય કાંતિલાલ જોષી અને અજય મદનલાલ ચૌહાણએ મિત્રતાના દાવે આરોપી તુષાર કુંદનભાઈ પતીરા, નરેન્દ્ર માધવજીભાઈ પંડયા અને વીમલ જીવરાજભાઈ પીપળીયાને રૂ.૧૬.૫૦ લાખ આપ્યા હતા. જે રૂપિયાની ચુકવણી માટે આપેલા ચેકો પરત ફરતા ફરિયાદી વકીલ દ્વારા અદાલતમાં જુદી જુદી ત્રણ ચેક રિટર્નની ફરિયાદ દાખલ કરી હતી. જે કેસોમાં પુરાવો ચાલી રહ્યો હતો તે દરમીયાન આરોપીઓ દ્વારા ડી.વી.ડી. રજુ કરવામાં આવેલ અને જે ડી.વી.ડી.ને એફ.એસ.એલ.માં મોકલવા માંગણી કરતી અરજી આપવામાં આવી હતી. ફરીયાદીઓએ મેળવી લીધેલ ચેકોનો દુર ઉપયોગ કરેલ હોવાનું ફરીયાદી વકીલોની ઓફીસમાં આરોપીઓ પોતાના મોબાઈલમાં કરેલ વીડીયો રેકોર્ડીંગની ડી.વી.ડી. બચાવ પુરવાર કરવા એફ.એસ.એલ.માં મોકલવી જરૂરી છે. જેની સામે ફરીયાદીના એડવોકેટ સુરેશ ફળદુએ એવી રજુઆત કરેલ કે ઈલેકટ્રોનીક એવીડન્સ રેકર્ડમાં લાવવાની જોગવાઈ પુરાવા અધીનીયમમાં છે, ઈલેકટ્રોનીક પુરાવો કયારે, કેવી રીતે, કયાં સંજોગોમાં, કયાં માધ્યમથી રેકર્ડ પર લાવવો જોઈએ તે જોગવાઈ અનુસર્યા વગર માત્ર કામ ડીલે કરવાના બદ ઈરાદે અરજી આપવામાં આવેલ છે. આરોપીઓએ આપેલ નોટીસ જવાબ વખતે આવી ડી.વી.ડી. મોકલેલ નથી તેમજ પ્રોમીસરી નોટમાં કે ભાગીદારી ડીડમાં આવો કોઈ ઉલ્લેખ નથી ડી.વી.ડી.ના કેન્ટેન્ટ કબુલ કરેલ ન હોય ત્યારે આરોપીઓની અરજી મંજુર થઈ શકે નહી સહિતની રજૂઆતો ધ્યાને લઈ કોર્ટે આરોપીની અરજી નામંજુર કરતો હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં ફરીયાદી અજય જોષી વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા, મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા અને રાહીલ ફળદુ રોકાયા હતા.


**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૫૩/૨૦૨૫

શ્રી માયાબેન જીવરાજભાઈ ચુડાસમા
રહે.હણોલ, તા.પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, હણોલ ગ્રામ પંચાયત કચેરી,
મુ.હણોલ, તા.પાલીતાણા, જિ.ભાવનગર ..........સામાવાળા

**વિષય:- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી માયાબેન જીવરાજભાઈ ચુડાસમાનો જન્મ તા.૨૨/૦૯/૧૯૯૫ના રોજ મોજે હણોલ, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, હણોલ ગ્રામ પંચાયત કચેરી, મુ.હણોલ, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ:-** પાલીતાણા
**તારીખ:-** ૩૦/૦૯/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા



**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૮૩/૨૦૨૫

શ્રી ઉર્વશીબેન મનુભાઈ પંડ્યા
રહે.ઠાડચ, તા.પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, ઠાડચ ગ્રામ પંચાયત કચેરી,
મુ.ઠાડચ, તા.પાલીતાણા, જિ.ભાવનગર ..........સામાવાળા

**વિષય:- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ઉર્વશીબેન મનુભાઈ પંડ્યાનો જન્મ તા.૨૦/૦૮/૨૦૦૩ના રોજ મોજે.ઠાડચ, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, ઠાડચ ગ્રામ પંચાયત કચેરી, મુ.ઠાડચ, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ:-** પાલીતાણા
**તારીખ:-** ૧૦/ ૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા


# અકસ્માતના બનાવમાં રાજ બેંકના કર્મચારીઓનો ક્લેમ કેસ મંજૂર

**કાર ચાલકના પરિવારને વ્યાજ , ખર્ચ સહિત રૂા.૯૬.૫૦ લાખનું વળતર ચૂકવવા હુકમ**

**અબતક ,રાજકોટ**

રાજ બેંકના કર્મચારીઓની કારને સાયલા પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં મૃત્યુ પામેલા અન્ય કર્મચારીને વળતર મળ્યું હતું. જ્યારે કાર ચાલકના અકસ્માત મૃત્યુ કેસમાં કોર્ટે મૃતક કાર ચાલકના પરિવારને વ્યાજ અને ખર્ચ સહિત રૂા.૯૬.૫૦ લાખનું વળતર ચૂકવવા વીમા કંપનીને હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ રાજકોટના મનહર પ્લોટમાં રહેતા અને ધી કો-ઓપરેટીવ બેન્ક ઓફ રાજકોટ લી. મેઈન બ્રાંન્ચમાં બેન્ચ કલાર્ક કમ આસીસટન્ટ કમ ડ્રાઈવર તરીકે નોકરી કરતા રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ કીશોરભાઈ સોલંકી (ઉ.વ.-૪૬) ગત તા. ૨૦/૧૦/૨૦૧૬ ના રોજ "રાજ બેન્ક" ની કાર લઈ બેંકના મેનેજરો સાથે અમદાવાદથી રાજકોટ તરફ આવી રહયા હતા. ત્યારે સાયલા નજીક કારનું ટાયર ફાટતા કાર ડીવાઈડર કુદી સામેથી આવતી લકઝરી બસ સાથે અથડાઈ હતી. જે અકસ્માતમાં કાર ચાલક રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ સોલંકી, રાજ બેન્કના મેનેજરો અને આર્કીટિકના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. આ અંગે સાયલા પોલીસ સ્ટેશનમાં કાર ચાલક રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ સોલંકી વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા રાજ બેન્કના મેનેજરો, આર્કીટિક અને કારના ચાલક રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ સોલંકીના વારસદારો દ્વારા રાજકોટની ટ્રીબ્યુનલમાં વળતર મેળવવા માટે મોટર વ્હિકલ એક્ટ હેઠળ ક્લેઈમ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસમાં ઈનોવા કારની ઈન્શ્યોરન્સ કંપની ટાટા એ.આઈ.જી. દ્વારા નકકી થયેલ સમાધાનની રકમ મુજબ મૃતકોના પરીવારજનોને વળતર ચુકવી આપવામાં આવ્યું હતું. પરંતુ કાર ચાલક રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ સોલંકી અકસ્માત સમયે કાર ચલાવતા હતા અને તે રાજ બેન્કના "પેઈડ ડ્રાઈવર" નથી એટલે એમના પરીવારજનોને વળતર ન મળે તેવું વીમા કંપનીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું. જેથી રાજેશભાઈનો કલેઈમ કેસ ચાલવા ઉપર આવતા ડીસ્ટ્રીકટ સેશન્સ જજ (એમ.એસી.ટી.) જે. આર. શાહ દ્વારા મૃતક રાજેશભાઈના વારસદારોને વ્યાજ અને ખર્ચ સહિત રૂા.૯૬.૫૦ લાખનું વળતર ચૂકવવા વીમા કંપનીને હુકમ કર્યો છે.આ કેસમાં મૃતક રાજેશભાઈના વારસદારો વતી રાજકોટના એડવોકેટ રાજેન્દ્ર પી. ડોરી (પટેલ) રોકાયા હતા.


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **દિયા પંકજભાઈ સિનોજિયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **દિયા પંકજ સિનોજિયા**થી બદલીને **દિયા પંકજભાઈ સિનોજિયા** કરવામાં આવ્યું છે.હવેથી મને **દિયા પંકજભાઈ સિનોજિયા** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું: દિયા પંકજભાઈ સિનોજિયા બ્લોક-40 એ.જી સોસાયટી, શેરી-5 કાલાવડ રોડ નીલ ધાબા રેસ્ટોરન્ટની સામે રાજકોટ ગુજરાત 360005**


**શ્રદ્ધાંજલિ**




**સ્વ. બાવનજીભાઈ મેતલીયા**

પૂર્વ ધારાસભ્ય, પડધરી ટંકારા

**લી.**

**રામજી હીરાભાઈ મુછડીયા**

ગામ: ઢોકળીયા



**દુઃખદ અવસાન બેસણું**

**સ્વ. જયંતીભાઈ બાબુભાઈ પાદરીયા**

તા. ૧૩-૧૦-૨૦૨૫, સોમવાર

દિલગીરી સાથ જણાવવાનું કે શ્રી શૈલેષભાઈ અને હિરેનભાઈના પિતાશ્રી **સ્વ. જયંતીભાઈ બાબુભાઈ પાદરીયા** (ઉ.વ. ૭૭)નું તા. ૧૦-૧૦-૨૦૨૫, શુક્રવારના દુઃખદ અવસાન થયેલ છે પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

~ સદગતનું બેસણું ~

**તા. ૧૩-૧૦-૨૦૨૫, સોમવાર**
**સાંજે : ૪ થી ૬ સુધી**
**સ્થળ : પાદરીયા સમાજ, નવાગઢ.**

**તા. ૧૫-૧૦-૨૦૨૫, બુધવાર**
**સાંજે : ૪ થી ૬ સુધી**
**સ્થળ : આસોપાલવ લકઝૂરિયા અંબિકા ટાઉનશિપ, રાજકોટ**

~ લી ~

શ્રી શૈલેષભાઈ પાદરીયા • શ્રી હિરેનભાઈ પાદરીયા

**મો. 98791 24774, 80009 75981**


**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા, ફાયર & ઇમરજન્સી શાખા માટે ફાયર વાહનોની ખરીદીનું કામ | ૨૩,૫૦૦/- | ૧૨,૦૦,૦૦૦/- | ૧૨ (કરોડ) |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | તા.૧૪/૧૦/૨૦૨૫ થી ૨૮/૧૦/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | | તા.૦૪/૧૧/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(વ.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક-અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ફાયર ઓફિસર
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ-૧૧૨૬-૨૫-૨૬

## તંત્રી લેખ

# સોનાના ઘરઘરાવ ભંડાર અને નાની બચતની વિરાસત દેશને આર્થિક મહાસત્તાનું બિરૂદ અપાવશે

વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારત હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમપણે આગળ વધી રહ્યું છે, ત્યારે અર્થતંત્ર માટે દેશનું ઘરઘરાવ સોનાનું મૂલ્ય અત્યારે ૩.૮ ટ્રીલીયન ડોલરને પાર થઈ ચૂક્યું છે સાથે સાથે દેશમાં જાણે કે વિકાસ એ રંગ રાખ્યો હોય તેમ નાની બચતમાં ધરખમ વધારો થઈ રહ્યો છે સપ્ટેમ્બર માસમાં જ નાની બચત નો આંક ૨૬૦૦૦ કરોડને પહોંચીચુક્યો છે, દેશના અર્થતંત્રની રોકડ તરલતાની સાથે સાથે ભારતીય ઘરોમાં સદીઓથી ચાલી આવતી સાંસ્કૃતિક અને આર્થિક વિરાસત રૂપ સોનુ સાચવવાની પરંપરા અત્યારે સોનાના આગ ઝરતા ભાવ વચ્ચે દેશની મહિલાઓ દ્વારા સ્ત્રીધન તરીકે સાચવવામાં આવતા સોના નો ભંડાર દેશના અર્થતંત્ર માટે કુબેરનો ભંડાર બની રહ્યો છે,

વૈશ્વિક સ્તરે સોનાના ભાવ મુજબ અત્યારની સ્થિતિએ પારિવારિક સોનાના ભંડારનું મૂલ્ય ૩.૮ ટ્રીલીયન ડોલર સુધી પહોંચી ગયું છે ભારતના કુલ સ્થાનિક ઉત્પાદન દર જીડીપી ના ૮૮.૮% જેટલું છે દેશમાં ઘેરઘર સોનુ સ્ત્રી ધન તરીકે સાચવવાની પરંપરા છે જુના જમાનામાં કટોકટીની સ્થિતિએ સોનાનો આર્થિક હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો ,હવે આ પરંપરા ભારતને આર્થિક મહાસત્તા બનવા માટે અસરકારક પરિબળ બની રહેશે, સરકાર દ્વારા અખત્યાર કરવામાં આવેલી ઉદાર આર્થિક નીતિ, કરવેરામાં રાહત અને વ્યાજની ચુકવણીમાં ઘટાડા જેવા સુધારાવાદી પગલાથી દેશની કરઆવક ની સાથે સાથે નાની બચતમાં પણ ઉત્સાહ વર્ધક વાતાવરણ ઊભું થયું છે વૈશ્વિક સ્તરે સોનાના તેજીના આ દોરમાં ઘરેલુ સોનાનું મૂલ્ય આસમાને પહોંચી ગયું છે ત્યારે ભારતને આર્થિક મહાસત્તા બનવાનું સપનું પૂરું કરવા માટે વિકાસદરની હરણફાલ ની સાથે સાથે બચત અને ઘરે ઘરમાં પડેલા સોનાના ભંડાર અવશ્યપણે શુકનવંતા પુરવાર થશે.

# મહાનુભાવોને જન્મ દિવસ પર ચિત્ર બનાવીને ભેંટ આપનાર ચિત્રકાર નિખિલ ભાવસારનો જન્મ દિવસ



રાજકોટના જાણીતા ચિત્રકાર નિખીલ ભાવસાર કે જેઓ મહાનુભાવોના જન્મ દિવસે તેમનો સ્કેચ બનાવીને અર્પણ કરે છે, તેમનો આજે જન્મ દિવસ છે. શહેરમાં આવતા મહાનુભાવો, ફિલ્મ સ્ટાર સાથે ટીવી સિરીયલના કલાકારોને પણ તેમના સુંદર સ્કેચ અર્પણ કર્યા છે. મહાનુભાવોમાં તેની ચાહના અપાર છે. અત્યાર સુધીમાં તેમણે લગભગ મોટા તમામ વી.આઈ.પી.ના સ્કેચ બનાવેલ છે. આજે જન્મ દિવસ અવસરે તેમનો મો. નં. ૮૪૮૮૮ ૯૫૮૮૧ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૭૫૭મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

બાબુભાઈ વિરાભાઈ આહીર નું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટ ની પ્રેરણા થી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબજ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડ્યુ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન,દેહદાન જાગૃતિ અભિયાન માં કુલ ૭૫૭ ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાત માં ચક્ષુદાન-સ્કીન ડોનેશન- દેહદાન ની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યુ છે.

# લોકભારતી સણોસરામાં અસ્પી ઉદ્યોગગૃહ દ્વારા કૃષિ મહાવિદ્યાલય ભવન ઉદઘાટન



**અબતક, રાજકોટ**

કૃષિ અને ગ્રામવિકાસ કેળવણી માટે કાર્યરત લોકભારતી સણોસરામાં અસ્પી ઉદ્યોગગૃહ દ્વારા કૃષિમહાવિદ્યાલય ભવનનું નિર્માણ થયું છે. મહાનુભાવોની ઉપસ્થિતિમાં શ્રી મોરારિબાપુના હસ્તે આ ભવનનું ઉદ્દઘાટન થયું છે.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા ચાલતાં ગ્રામવિકાસ સંબંધી અભ્યાસક્રમો અને પ્રવૃત્તિમાં અસ્પી ઉદ્યોગગૃહ વિશેષ સહયોગી રહેલ છે. લોકભારતી વિશ્વવિદ્યાલય આરંભ થતાં તેમાં પણ લગભગ રૂપિયા બે કરોડના ખર્ચે કૃષિમહાવિદ્યાલય ભવનનું નિર્માણ થયું છે. સંસ્થાનાં પ્રથમ દીક્ષાંત સમારોહ દરમિયાન મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ ભવનનું ઉદ્દઘાટન મોરારિબાપુના હસ્તે થયું છે.

કૃષિ અને ગ્રામવિકાસ કેળવણી માટે કાર્યરત લોકભારતી સણોસરામાં અસ્પી ઉદ્યોગગૃહ દ્વારા સહયોગ મળતો રહ્યો છે. આ કૃષિ મહાવિદ્યાલય (અસ્પી શકીલમ - સ્કૂલ ઓફ એગ્રીકલ્ચરલ સ્ટડીઝ) ભવનના ઉદ્દઘાટન વેળાએ કિરણભાઈ પટેલ તથા જતીનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી.

લોક ભારતીના વડા અરુણભાઈ દવેએ જણાવ્યા મુજબ અસ્પી ઉદ્યોગગૃહ દ્વારા લોકભારતીની ગ્રામ વિકાસ અને કૃષિ સંબંધી અભ્યાસ પ્રવૃત્તિમાં ખૂબ જ સહયોગ મળ્યો છે. ગાંધી મૂલ્યો અને સર્વોદયી વિચાર અભિગમ ધરાવતા સહયોગી વડીલો સ્વર્ગીય લલ્લુભાઈ પટેલ તથા સ્વર્ગીય શરદભાઈ પટેલનું સહયોગ સ્મરણ લોકભારતી માટે રહેલું છે. તેઓના ભંડોળ ( અસ્પી ફાઉન્ડેશન) અંતર્ગત અગાઉ લોકભારતી દ્વારા ગ્રામદત્તક યોજના અમલી થયેલ, જેમાં અહીંના સ્નાતકો જોડાયેલા અને તેમને શિષ્યવૃત્તિ સાથે પૂરક ખર્ચ પણ આપવામાં આવતો. તેમના દ્વારા કૃષિ અભ્યાસો માટે શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓને ઉમદા આર્થિક સહયોગ મળી રહ્યાનું પણ જણાવ્યું છે.

# આત્મનિર્ભર ભારત - સ્વદેશીથી સમૃદ્ધિ તરફનો માર્ગ: હિરેન જોશી

## સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરી 'સ્વદેશી' અપનાવો



**અબતક, રાજકોટ**

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આત્મનિર્ભર ભારત તરફ દોરી જવાની જે અભિયાનાત્મક શરૂઆત કરી છે, તે અંતર્ગત આ દિવાળીએ સમગ્ર દેશભરના નાગરિકોને સ્વદેશી વસ્તુઓ ખરીદવાની પ્રેરણા આપી છે. આ સંદેશાને વધુ બળ આપતાં, રૂદ્રસેતુ ફાઉન્ડેશનના સંસ્થાપક હિરેન જોશીએ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતની જનતાને અપીલ કરી છે કે આ પાવન તહેવારના અવસરે પોતાના વિસ્તારના સ્થાનિક વેપારીઓ પાસેથી જ ખરીદી કરીને ''સ્વદેશી'' અભિયાનને બળ આપો. 'આત્મનિર્ભર ભારત', 'સ્વદેશી અપનાવો' અને 'વોકલ ફોર લોકલ' જેવા અભિયાનોએ માત્ર આર્થિક વિચારધારા નથી, પણ રાષ્ટ્રભાવના છે - જે દેશના દરેક નાગરિકને સ્વાભિમાન, સ્વરોજગાર અને સ્વબળ તરફ દોરી જાય છે.

વધુમાં હિરેન જોશીએ જણાવ્યું કે દિવાળી આનંદ, પ્રકાશ અને સમૃદ્ધિનો તહેવાર છે. જો આપણે સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરી આપણા દેશના નાના ઉદ્યોગકારો, હસ્તકલાકારો અને સ્થાનિક વેપારીઓનો સહકાર કરીશું, તો તે માત્ર આર્થિક વૃદ્ધિ નહીં પરંતુ આત્મનિર્ભરતાની દિશામાં એક મોટું પગલું સાબિત થશે. આપણે જે દરેક વસ્તુ ખરીદીએ છીએ તે માત્ર એક પ્રોડક્ટ નથી, પણ કોઈ ભારતીયના પરિશ્રમનું પ્રતિબિંબ છે. આપણી ખરીદી કોઈના ઘરમાં દીવો પ્રગટાવે છે.

# એસજીવીપી સ્પોર્ટસ સ્કુલની ધર્મજીવન ટ્રોફી ક્રિકેટ મેચમાં સેન્ટ ઝેવિયર્સ સ્કુલનો ડંકો









**અબતક, રાજકોટ**

એસજીવીપી સુર્યા નેશનલ સ્પોર્ટસ સ્કુલ રીબડા આયોજિત ધર્મજીવન ટ્રોફી ૧ ની પહેલી મેચમાં ઝેવિયર્સ ભાવનગર અને એલ્કેમી સ્કૂલ સુરત વચ્ચે મુકાબલો યોજાયો હતો. ટોસ એલ્કેમી સ્કૂલ ટીમે જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

એલ્કેમી સ્કૂલ નિર્ધારિત ૨૫ ઓવર માં ૭૪/૧૦ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી જેમાં સમર્થ નેગાંધીએ ૧૨ રન ૧૮ બોલ માં અને દ્વિજ સોનીએ ૧૩ રન ૨૪ બોલમાં બનાવ્યા હતા સામે ઝેવિયસ ભાવનગર માંથી દેવ ધરેજિઆએ ૩-૦-૧૩-૩ વિકેટ અને જશ ગઢીયાએ ૩.૩-૦-૦૬-૨ વિકેટ લીધી હતી. જેમાં ઝેવિયર્સ એ ૯ વિકેટે મેચ જીતી લીધી હતી. મેન ઓફ ધી મેચ દેવ ધરેજિઆ ૧૭ રન અને ૩ વિકેટ લઈ ઓલરાઉન્ડ દેખાવ કરી એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

બીજી મેચમાં ગીર ક્રિકેટ એકેડેમી અને એસ.એન.કે. સ્કૂલ રાજકોટ વચ્ચે મુકાબલો યોજાયો હતો. ટોસ ગીર ક્રિકેટ એકેડેમી ટીમે જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

ગીર ક્રિકેટ એકેડેમી એ ૧૨૫/૧૦ (૨૩.૪) ઓવર માં રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી જેમાં સોહમ બાકૂ ૩૩ રન ૪૬ બોલ માં અને અખિલ ગોસ્વામીએ ૨૩ રન ૨૬ બોલમાં બનાવ્યા હતા સામે એસએનકે સ્કૂલમાંથી દ્વિજ કનેરીયાએ ૫-૦-૨૦-૪ વિકેટ અને સૌમ્ય પરસાણાએ ૫-૦-૨૪-૨ વિકેટ લીધી હતી. જગ ઊં ટીમે બેટિંગ કરતા ૧૦૭/૧૦ ઓવર ૨૨.૪ માં ઑલઆઉટ થઈ ગયી હતી. જેમાં ગીર ક્રિકેટ એકેડેમીએ રસાકસી ભરી મેચ ૧૮ રનથી જીતી લીધી હતી. મેન ઓફ ધી મેચ અખિલ ગોસ્વામી ૨૩ રન અને ૪ વિકેટ લઈ ઓલરાઉન્ડ દેખાવ કરી એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

# યુવા મહોત્સવમાં 'ફ્રિ સ્ટાઈલ ગવાહી' નાટક જીલ્લા કક્ષાએ પ્રથમ



**અબતક, રાજકોટ**

યુવક મહોત્સવમાં ધર્મેન્દ્ર પંડ્યા દિગ્દર્શિત એકાંકી હિન્દી નાટક 'ફ્રી સ્ટાઈલ ગવાહી' યુનિવર્સીટી લેવલે પ્રથમ આવ્યું. જામ ખંભાળીયા ખાતે યોજાયેલ યુવા મહોત્સવ ઈવેન્ટમાં ભક્ત કવી નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં ઈંગ્લીશ ડિપાર્ટમેન્ટનાં 'પૃથ્વી'નાં સંગીત સંકલન સાથે દિશા, નિસર્ગ રાઠોડ, તસ્મીયા કુરેશી, ધ્રુવિશા ઓઝા, ભાર્ગવ સિંધવ, મહેક, માનવ નંદાણી અને રાહુલ જેવા યુવા વિદ્યાર્થી - કલાકારોને જાણીતા લેખક - દિગ્દર્શક દ્વારા જીણવટ ભરી તાલીમ મળતા ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી જીલ્લા લેવલની એકાંકી સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતા ભવનનાં અધ્યક્ષ પ્રોફેસર ડો.ફિરોઝ શેખ સાહેબ તેમજ પાર્થ મહેતા સહિત યુનિવર્સીટીનાં તમામ હોદેદારોએ યુવા કલાકારોને બિરદાવતા આગળ પણ તેઓ ઉત્કૃષ્ટ દેખાવ કરે તેવી શુભકામના પાઠવી હતી તેમજ 'શ્રી રંજની આર્ટસ'નાં નીપા દવે, ભારતીબેન દવે, અટલ શર્મા તથા જુગ્તા દવે અને કલા સંસ્થાનાં તમામ સદસ્યો તેમજ રાજકોટ - જુનાગઢનાં કલા રસીકોએ 'કાકા હાથરસી' લિખીત એકાંકીને 'ધર્મેન્દ્ર પંડ્યા'નાં શ્રેષ્ઠ દિગ્દર્શનથી મળેલ સ્થાયી બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

# ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે એક દિવસીય વર્કશોપ યોજાયો



**અબતક, રાજકોટ**

ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ ખાતે કેરિયર કાઉન્સેલીંગ સેલ અંતર્ગત યુપીએસસી/જીપીએસસી કલાસ-૧-૨ તેમજ તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેના યોગ્ય માર્ગદર્શન મળે તેવા હેતુથી આચાર્ય ડો.પરેશ રાવલના અધ્યક્ષ સ્થાને નક્ષત્ર એકેડેમીનાં સહયોગથી એક દિવસીય વર્કશોપ યોજાયો. નક્ષત્ર એકેડેમીમાંથી આવેલ કુલદીપભાઈ તેંરૈયા અને મયૂરભાઈ દ્વારા દ્વારા ''સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી'' અને ''આગામી સમયમાં આવનારી ભરતીઓ'' વિશે ચોક્કસ માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન કોલેજના કેરિયર કાઉન્સેલિંગ સેલના કો - ઓર્ડીનેટર અને સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપક ડો. જે. આર. તેંરૈયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# શાશ્વત ફાઉન્ડેશન આયોજિત સર્વરોગ નિદાન કેમ્પને બહોળો પ્રતિસાદ

## ચામડીના રોગો, કાન, નાક અને ગળા સંબંધિત સમસ્યાઓનું નિદાન કરાયું




**અબતક, રાજકોટ**

શાશ્વત ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ માનવતાવાદી પહેલને જનતાનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ લોકોએ આ સેવાઓનો લાભ લીધો હતો. આ કેમ્પમાં મુખ્યત્વે ચામડીના રોગો, કાન, નાક અને ગળા સંબંધિત સમસ્યાઓ, તેમજ આંખના નંબરની તપાસ સહિતનું નિદાન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં રાજકોટની નિષ્ણાત ડોકટરોની ટીમે ઉપસ્થિત રહીને નિઃસ્વાર્થ સેવા આપી હતી અને દર્દીઓને સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. નિદાન બાદ તમામ લાભાર્થીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## સામાજિક-રાજકીય અગ્રણીએ ફાઉન્ડેશનના પ્રયાસને બિરદાવ્યો: નિલેશ ગૌસ્વામી



અબતક સાથેની વાતચીતમાં નિલેશભાઈ ગૌસ્વામીએ જણાવ્યું હતું કે, શાશ્વત ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. ચામડીના રોગ, કાન, નાક, ગાડાં, તથા આંખના નંબર, અને નિઃશુલ્ક દવા વિતરણ કરવામાં આવી હતી. કેમ્પ માં રાજકોટમાં નિષ્ણાંત ડોકટરની ટીમ ઉપસ્થિત રહી અને સેવા આપી હતી.

# વોર્ડ નં.૧૭માં પેવિંગ બ્લોક નાખવાના કામના ખાતમુહુર્ત કરતા કોર્પોરેટર વિનુ ઘવા



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૧૭માં જુના શુભાશ નગરમાં પૂર્વ શાસકપક્ષ નેતાશ્રી અને કોર્પોરેટર વિનુભાઈ ઘવા અને માર્કેટ સમિતિ ચેરમેન અને કોર્પોરેટર રવજીભાઈ મકવાણાની ગ્રાન્ટમાંથી પેવિંગ બ્લોક નાખવાનું ખાતમુહુર્ત પૂર્વ શાસકપક્ષ નેતાશ્રી અને કોર્પોરેટર વિનુભાઈ ઘવા અને માર્કેટ સમિતિ ચેરમેન અને કોર્પોરેટર રવજીભાઈ મકવાણાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડ પ્રમુખ જયપાલ ચાવડા, વોર્ડ પ્રભારી જેન્તીભાઈ નોંધણવદરા, મહામંત્રી રાજુભાઈ નોંધણવદરા, જગદીશભાઈ વાઘેલા, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ કિશાન મોરચાના વિઠલભાઈ પટેલ, શહેર બક્ષીપંચ મોરચાના ચંદુભાઈ ગરનારા, ભાજપ અગ્રણી ગૌતમભાઈ ગોસ્વામી, હસુભાઈ, બાબુભાઈ કાછડિયા, વિનુભાઈ સોલંકી, વિમલભાઈ ગોહિલ, બટુકભાઈ આસોડિયા, બાબુભાઈ ડોબરિયા સહિતના લતાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઘૂંટણના એક ભાગમાં નુકશાન થયું હોય તો આખું ઘૂંટણ બદલવાની જરૂર નથી: ડો. હાર્દિક ધમસાણીયા

## વોકહાર્ટ હોસ્પિટલમાં ઘુંટણની જટીલ સર્જરીની સમસ્યામાંથી દર્દીને અપાય આસાન મુકિત



**અબતક, રાજકોટ**

રોજિંદા જીવનમાં સતત ઘૂંટણના દુખાવા સાથે જીવવું કેટલું મુશ્કેલ હોય, એ સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા એક ૫૨ વર્ષીય અનુબેન જેઠવાને છ મહિનાથી તેમને ઘૂંટણના અંદરના ભાગમાં સતત દુખાવો રહેતો હતો,

અનુબેને જ્યારે વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટ ખાતે સલાહ લેવા આવ્યા ત્યારે ડો. હાર્દિક ધમસાણિયા દ્વારા તેમની વિગતવાર તપાસ કરી. એક્સ-રે રિપોર્ટમાં જોવા મળ્યું કે ઘૂંટણના આંતરિક ભાગ (મીડિયલ કમ્પાર્ટમેન્ટ)માં ઓસ્ટિયો આર્થરાઈટિસ છે, પરંતુ બહારના ભાગ (લેટરલ) અને પેટેલોફેમોરલ ભાગમાં કોઈ અસર નથી. વધુ વિગતવાર તપાસ માટે એમઆરઆઈ કરવામાં આવ્યું, જેમાં ઘૂંટણ ની ગાદી ફાટેલું જોવા મળ્યું, પરંતુ અઈક, ખઈક અને અન્ય લિગામેન્ટ્સ સંપૂર્ણ સ્વસ્થ હતાં.

આ તમામ નિષ્કર્ષોના આધારે અનુબેનનું આંશિક ઘૂંટણ રિપ્લેસમેન્ટ (યુનિકમ્પાર્ટમેન્ટલ ની રિપ્લેસમેન્ટ) કરવાનું નક્કી કરવામાં આવ્યું.

પરંપરાગત રીતે સમગ્ર ઘૂંટણના સાંધા બદલવામાં આવે છે ભલે ફક્ત એક જ ભાગને નુકસાન થયું હોય. પરંતુ અનુબેનના કેસમાં બાકીના ઘૂંટણના ભાગો સ્વસ્થ હોવાથી ડો. ધમસાણિયાએ આંશિક અભિગમ અપનાવવાની ભલામણ કરી. યુકેઆર પદ્ધતિમાં સ્વસ્થ હાડકાં અને લિગામેન્ટ્સ સાચવવામાં આવે છે, નાના ચીરાથી સર્જરી થાય છે, ટીસ્યુને ઓછું નુકસાન થાય છે અને દર્દી ઝડપથી સાજા થઈ શકે છે.

અનુબેને વોકહાર્ટ હોસ્પિટલમાં આંશિક ઘૂંટણ રિપ્લેસમેન્ટ સફળતાપૂર્વક કરાવ્યું. સર્જરીના બીજા જ દિવસે તેઓ વોકર સાથે ચાલવા લાગ્યાં અને થોડા જ દિવસોમાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થઈ ગયાં. માત્ર એક અઠવાડિયામાં તેઓ આરામથી અને સ્વતંત્રપણે સહાય વિના ચાલવા લાગ્યાં.

આ નિષ્ણાંત અને મિનિમલી ઈન્વેઝિવ સારવારના કારણે અનુબેને ફરીથી આત્મવિશ્વાસ અને આરામની સાથે તેમની સામાન્ય જીવનશૈલી પાછી મેળવી.

# ઉમિયા માતાજી સંસ્થાન 'ઉમિયાધામ'ની સાધારણ સભા યોજાય

## દિવાળી બાદ ગુલાબી પથ્થર દ્વારા મંદિર નિર્માણનું કાર્ય શરૂ થશે



**અબતક, રાજકોટ**

ઉમિયા માતાજી સંસ્થાન રાજકોટ ઉમિયાધામ - જશવંતપુરની વર્ષ ૨૦૨૪-૨૫ ની વાર્ષીક સાધારણ સભા રવિવાર ના રોજ પટેલ સેવા સમાજ રાજકોટ સ્પીડવેલ પાર્ટી પ્લોટના શૈક્ષણિક ઓડીટોરીયમમાં સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ પટેલ (ફિલ્ડમાર્શલ) ના અધ્યક્ષ સ્થાને મળી હતી.વર્ષ ૨૦૨૪-૨૫ ના લેખા જોખા વર્ષ દરમ્યાન થયેલ વિવિધ કાર્યક્રમ અને વર્ષ દરમ્યાન થયેલ આવક - જાવકનો હીસાબ સંસ્થાના માનદ મંત્રી નિલયભાઈ ડેડાણીયા એ રજુ કર્યો હતો. હાજર સૌ સભ્યોએ સર્વાનુમતે મંજુર કર્યો હતો. સંસ્થાના ઉપપ્રમુખ નંદલાલભાઈ માંડવીયા દ્વારા ઉમિયાધામ જશવંતપુર ના પ્રોજેક્ટના પ્લીન્થ લેવલ સુધીના પૂર્ણ થયેલ કાર્યની માહીતી તેમજ આવતા વર્ષમાં થનાર નવા કાર્ય અંગે સુંદર માહીતી આપી હતી. વધુમાં જણાવું છું કે સંસ્થા દ્વારા દિવાળી બાદ ટૂંક સમયમાં પીન્ક પથ્થર દ્વારા મંદિર નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે. આ પ્રથમ પીન્ક પથ્થરના પૂજા માટેના યજમાન તરીકે સવજીભાઈ ભેંસદડીયા પરિવાર તેમજ મુખ્ય મંદિર સામે લોકોને માતાજીના આશિર્વાદ મળતા રહે તે હેતુ થી બનાવવા આવેલ કામચલાઉ મંદિરના પ્રથમ પુજા/આરતીના યજમાન તરીકે અરવિંદભાઈ પટેલ પરિવાર લાભ લેશે.આ ઉપરાંત સહયોગી સંસ્થાની પટેલ પ્રગતિ મંડળ દેવદિવાળી બાદ રાજકોટ શહેરમાં આદર્શ વૈદિક વિવાહ ફિલ્ડમાર્શલ વાડીએ શરૂ કરવા જનાર છે. તે કાર્ય માટે ૧૧૧ જેટલા લગ્નના દાતાઓની નોંધણી થઈ હતી. યુવા સંગઠનના પ્રમુખ ડેનીશભાઈ કાલરીયા દ્વારા સંગઠનના વિવિધ કાર્ય અંગેની સુંદર માહીતી આપી હતી.ઉમિયાધામ ના ટ્રસ્ટી અને ઉમા સંસ્કારધામ- મોરબીના ઉપપ્રમુખ ત્રંબકભાઈ ફેફર દ્વારા ઉમા સંસ્કારધામ મોરબીના કાર્યો અંગે સુંદર માહીતી આપી હતી.

સાધારણ સભાને અંતમાં સંસ્થાના માનદ મંત્રી નિલયભાઈ ડેડાણીયા દ્વારા સંસ્થામાં અત્યાર સુધી જોડાયેલા ૨૦ સ્થાપક ટ્રસ્ટી, ૧૨૫ દાતા ટ્રસ્ટી, ૫૯ શીલાદાન , ૨૭ ભૂમીદાન . ૨૪ ઈંટદાન તેમજ ૧૨ શ્રદ્ધાદાનના દાતાઓ, ૧૯ સીમેન્ટની ગાડીના દાતા , ૫ જરૂરી સાધનના દાતાનો તેમના દાન બદલ આભાર માનવામાં આવ્યો હતો.તેમજ ટ્રસ્ટી જ કારોબારી સભ્યો તેમજ આજીવન મિટીંગમાં હાજર રહેલ સ્થાપક ટ્રસ્ટી દાતા, ટ્રસ્ટી જ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

વિકાસ સપ્તાહ-૨૦૨૫ અંતર્ગત

# વોકાથોન દ્વારા સ્વસ્થ જીવનશૈલી અને ભારત વિકાસ પ્રતિજ્ઞા સાથે હજારો નાગરિકો જોડાયા

## સાંસદ ડો. દર્શિતાબેન શાહ અને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા







**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે આજે સવારે ૭:૦૦ વાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા ખાતે ભવ્ય વોકાથોન યોજાયું. ઉપસ્થિત સાંસદ ડો. દર્શિતાબેન શાહ અને મેયર નયનાબેન પેઢડીયા સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરીને વોકાથોનનો શુભારંભ કરાવ્યો.

આ પ્રસંગે હજારો નાગરિકો ભાગ લેનારા રહ્યા, જેમાં મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી મેયર સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતાઓ, યુએસસી સીએચસી પ્રતિનિધિઓ અને સ્થાનિક પદાધિકારીઓ હાજર રહ્યા. ઉપસ્થિત મહાનુભાવોએ ઝંડી આપી વોકાથોનનું પ્રારંભિક સંકેત આપ્યો અને કાર્યક્રમ અંતે આભારવિધિ મેનેજરશ્રી કૌશિક ઉનાવા દ્વારા કરી સમાપ્ત કરવામાં આવી.

ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે જણાવ્યું, સ્વસ્થ રહેવાથી પરિવાર, શહેર અને દેશ સ્વસ્થ રહેશે. વિકાસની શરૂઆત સ્વચ્છતા અને સ્વસ્થતા પાસેથી થાય છે. નિયમિત ચાલવાથી શરીર તંદુરસ્ત રહે છે અને દેશની યોગ પરંપરા પણ ફેલાય છે.

મેયર નયનાબેન પેઢડીયાએ વોકાથોનના મહત્વ પર પ્રકાશ પાડ્યો, ચાલવું શરીર માટે અત્યંત લાભદાયક છે, પગના અવયવો સક્રિય થાય છે અને લોહી પરિભ્રમણ સુધરે છે. રોજ ચાલવાથી નાગરિકો સ્વસ્થ અને ઊર્જાવાન રહે છે.

આ વોકાથોન દ્વારા નાગરિકોને માત્ર સ્વસ્થ જીવનશૈલી માટે પ્રેરણા મળી નહીં, પરંતુ તેમણે ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લીધું, જે દરેક નાગરિકને સ્વસ્થ અને સક્રિય ભારતના નિર્માણમાં ભાગીદાર બનાવશે.

હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશીના આહવાન સાથે યોજાયેલ આ કાર્યક્રમ રાજ્ય અને શહેરના વિકાસમાં નાગરિકોની સક્રિય ભાગીદારી અને સ્વસ્થ જીવનશૈલી માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ઘેલા સોમનાથનાપવિત્ર રળિયામણા સાનિધ્યમાં યોજાયેલ

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ઉપલેટા પંચાયત બિલ્ડીંગ નામકરણ અને શહીદ પરિવારને સહાય ના ઠરાવ

## જનરલ બોર્ડમાંસ્વચ્છતા ને પ્રોત્સાહન સાથે, માવા ખાઈને થુંકનારાઓનેદંડ અને ગ્રામ્ય કક્ષાએ વિકાસની ગ્રાન્ટમાં વધારો કરવા કવાયત








**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી અને હોદ્દેદારોની હાજરીમાં રાજકોટ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આજે સવારે વિછીયા તાલુકાના સોમપીપળીયા ગામે આવેલ ઘેલા સોમનાથ મહાદેવ મંદિર સત્સંગ હોલમાં યોજાય હતી.જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આજે૧૩ ઓક્ટો સવારે૧૧૩૦ વાગે સામાન્ય સભા મળી હતી જેમાં અગાઉની સભામાં લીધેલા નિર્ણયો ઉપર લેવાયેલા પગલાના અહેવાલ રજૂ કરવામાં આવ્યા હતા, અને સાથે સાથે ઉપલેટા તાલુકા પંચાયત બિલ્ડીંગનું નામકરણ, સ્વચ્છતા અંગે ફાળવવામાં આવતી ગ્રાન્ટ ના વપરાશ અંગે તાલુકા કક્ષાએ અનુસરવાની કાર્યપદ્ધતિ નક્કી કરી હતી સાથે સાથે જિલ્લા પંચાયત કચેરી ખાતે પાન માવા ગુટખા ખાઈને જાહેરમાં ચૂકવા પર પ્રતિબંધ અને દંડની જોગવાઈ કરી હતી. જિલ્લા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીનો અવસાન થાય તો પરિવારને સહાય અને રાજકોટ જિલ્લામાં શહીદ થયેલા પરિવારને જિલ્લા પંચાયતમાં ભંડોળમાંથી સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આજની આ સભામાં તમામ અધિકારી પદાધિકારીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી

# આરોગ્ય વિભાગની જાગૃતિ: ૩૭,૩૫૧ ઘરોમાં પોરાનાશક કામગીરી

## ૭૪૫ ઘરોમાં ફોગીંગ; મેલેરિયા અને ડેન્ગ્યુના કેસ ઘટ્યા

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ગત અઠવાડિયામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોથી બચાવ માટે કામગીરી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી છે.

પાણીજન્ય રોગોથી બચવા માટે પીવાનું પાણી ૨૦ મિનિટ ઉકાળીને કે ક્લોરીન ગોળી ઉપયોગ કરીને પીવાની સૂચના આપવામાં આવી. ઘરોની આસપાસ ગંદકી ન કરવી, કચરાનું યોગ્ય નિકાલ કરવો અને વાસી ખોરાક ન ખાવાની સલાહ આપવામાં આવી.

મચ્છરજન્ય રોગચાળાની રોકથામ માટે ૩૭,૩૫૧ ઘરોમાં પોરાનાશક કામગીરી અને ૭૪૫ ઘરોમાં ફોગીંગ કરવામાં આવી. મચ્છર



ઉત્પત્તિ સ્થાનો માટે રહેણાંક અને કોમર્શિયલ એસામીઓને નોટીસ આપી કાર્યવાહી પણ કરવામાં આવી.

આઠવાડિયાની રિપોર્ટ મુજબ મેલેરિયા માટે ૦ કેસ, ડેન્ગ્યુ માટે ૨ કેસ અને ચિકુનગુનિયા માટે ૧ કેસ નોંધાયો. શરદી-ઉધરસના ૭૯૧ કેસ, સામાન્ય તાવના ૮૨૭ કેસ, ઝાડા-ઉલ્ટીના ૧૧૮ કેસ અને ટાઈફોઈડના ૨ કેસ નોંધાયા. મરડો અને કોલેરા માટે કોઈ કેસ નોંધાયો નથી.

આ કામગીરીથી શહેરના આરોગ્ય પરિસ્થિતિમાં સુધારો આવ્યો છે. આરોગ્ય વિભાગે નાગરિકોને સફાઈ અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે અપીલ કરી છે.

# ભારતીય બૌધ્ધ મહાસભા દ્વારા કાલે બૌધ્ધ ધમ્મ અંગીકાર સમારોહ

## અબતક મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી

**અબતક,રાજકોટ**

ભારતીય બૌધ્ધ મહાસભા તથા સમતા સૈનીક દળ રાજકોટના તત્વ અનુસંધાને ૬૯મો ધમ્મચક્ર પ્રવર્તન દિન અને ૨૨૮૭મો અશોક વિજયાદશમીના અનુલક્ષી રાજકોટમાં ૩૧ પરિવારો આશરે ૧૦૦ વ્યકિત બૌધ્ધ ધમ્મ શરણ ગમન કરી રહ્યા છે.જેમાં ભારતીય ગણતંત્રાત્કમ પ્રક્રિયાને પૂર્ણ કરી સંવેધાનીક બૌધ્ધ માટે ભંતે પથીક શ્રેષ્ઠી અમર બુધ્ધ વિહાર-વઢવાણના માધ્યમથી બૌધ્ધ



ધમ્મમાં પોતાના મૂળધર્મમાંપુનઃ પ્રવેશ કરાવશે. અબતક મીડીયા હાઉસની શુભેચ્છા મુલાકાતે આવેલા બૌધ્ધ ભિક્ષુક પથિક શ્રેષ્ઠર, વિનય સાગર, કરણ દડવી, વિક્રમ વોરાએ માહિતી આપતા જણાવ્યું હતુ કે આ દિવસ તા.૧૪મી ઓકટોબરને ભારતીય આંબેડકરવાદી, બુધ્ધીષ્ઠ લોકો દિક્ષા પર્વ તરીકે ઉજવતા હોય છે. જેમાં તા. ૧૪-૧૦ને મંગળવારના રોજ પૂર્ણિમા કોમ્યુંનીટી હોલ ખાતે સવારે ૧૦ થી ૧૨ દિક્ષા સમારોહ તથા સવારે ૯ કલાકે ભકિતનગર સ્ટેશન અંડર બ્રીજથી ધમ્મ પદ યાત્રા યોજાશે.

# સિનિયર સબ ઓડિટર અને માહિતી મદદનીશ વર્ગ ત્રણ પરીક્ષા માટે એક દિવસીય તાલીમ વર્કશોપ

## ૨૫ માર્કનું જનરલ સ્ટડી નડિયાદના તજજ્ઞ પ્રફુલ્લ ગઢવી મારફત રવિવારે આઠ કલાકની તાલીમ અપાઇ: ભાગ લેનાર છાત્રોને નિઃશુલ્ક પુસ્તક અપાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સિલિંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર કેન્દ્ર અને રાજ્ય સરકારની પરીક્ષાઓના વર્ગો માટે રાજ્યભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે. અંદાજિત ૩,૦૦૦થી વધારે છાત્રોએ સરકારી પરીક્ષામાં સફળતા મેળવી સીસીડીસીની કામગીરીને બિરદાવી છે. તાજેતરમાં સિનિયર સબ ઓડિટર અને માહિતી મદદનીશના વર્ગો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સીસીડીસી કેન્દ્ર ખાતે ચાલી રહ્યા છે. આ તાલીમ વર્ગોમાં દૈનિક સુપ્રસિદ્ધ પત્રોના પત્રકારો અને મીડિયા કર્મીઓ પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. આ પરીક્ષાના જુદા-જુદા વિષયો ગુજરાતની ભૂગોળ, ઈતિહાસ, મેથ્સ, રીઝનીંગ વિગેરે વિષયોની



દરરોજ તાલીમ આપવામાં આવી રહી છે. અત્રેએ ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજયમાં એકમાત્ર સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે માહિતી નિયામકના વર્ગોની તાલીમ શાળા શરૂ કરાયેલ છે. ગત ભરતીમાં પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માધ્યમથી મીડિયા કર્મીઓને તાલીમ અપાયેલી અને ૩૫ જેટલા તાલીમાર્થીઓ સફળ થઈ માહિતી નિયામક કચેરીમાં સફળતાપૂર્વક કામગીરી કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ઉત્પલ જોશી ઉપરોકત તાલીમ શાળા સફળતાપૂર્વક ચાલે તે માટે માર્ગદર્શન આપી રહ્યા છે. તા.૧૨ ઓકટોબર ૨૦૨૫, રવિવારના રોજ આ પરીક્ષાના જનરલ સ્ટડીઝ અને પ્રવર્તમાન પ્રવાહોનું અંદાજિત ૨૫ માર્ક્સનું માળખું નડિયાદના તજજ્ઞ અને આરોગ્ય વિભાગના સરકારી અધિકારી પ્રફુલભાઈ ગઢવી સતત આઠ કલાક ભાગ લેનાર મીડિયા કર્મીઓને નિઃશુલ્ક તાલીમ આપવા કાર્યશાળાનું આયોજન સીસીડીસી ખાતે કરવામાં આવેલ હતું. આ કાર્યશાળામાં ભાગ લેનાર તમામ મીડિયા કર્મીઓને પ્રફુલભાઈ ગઢવી મારફત લખાયેલ પરીક્ષાનું પુસ્તક નિઃશુલ્ક આપવામાં આવેલ હતું. આ પ્રસંગે સીસીડીસીના ડાયરેકટર તથા ફિઝિક્સ ભવનના અધ્યક્ષ પ્રોફેસર નિકેશભાઈ શાહ ટીમ સી.સી.ડી.સી.ના સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# હેલ્થ ચેકઅપ અને સેફ્ટી કીટનું કરાયું વિતરણ

**અબતક રાજકોટ**

મહાનગરપાલિકા દ્વારા 'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે આર આર આર સેન્ટર, હેલ્થ ચેકઅપ કેમ્પ અને સેફ્ટી કીટ વિતરણ જેવા વિવિધ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા.

તારીખ ૭ ઓકટોબર ૨૦૦૧ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ, ગુજરાતની વિકાસ યાત્રા સતત આગળ વધી રહી છે. આ વિકાસના પગલાં 'નાગરિક પ્રથમ અભિગમ' સાથે લેવામાં આવી રહ્યા છે. દરેક વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહ તરીકે રાજ્યવ્યાપી ઉજવણી થાય છે.રાજકોટમાં કાર્યક્રમ અંતર્ગત કલા, સ્થાપત્ય, રિસાયકલિંગ હેલ્થ ચેકઅપ કેમ્પ, સેફ્ટી કીટ વિતરણ, સ્વચ્છતા રેલી,




વૃક્ષારોપણ અને અન્ય સઘન ઝુંબેશો યોજાયા. ત્રણ નવા આર આર આર સેન્ટર ડો. બાબા સાહેબ આંબેડકર લાઈબ્રેરી, મહિલા એક્ટિવિટી સેન્ટર અને નારાયણ પુસ્તકાલય ખાતે શરૂ કરવામાં આવ્યા.સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિ માટે નુક્કડ નાટક પણ બાલાજી હોલ-વોર્ડ ૧૧, બાલક હનુમાન પેડક રોડ-વોર્ડ ૫ અને સ્વદેશી મેળા-રેસકોર્સ વોર્ડ ૨ ખાતે પ્રદર્શિત કરવામાં આવ્યા. હેલ્થ ચેકઅપ અને સેફ્ટી કીટ વિતરણ દ્વારા નાગરિકોને આરોગ્ય સુરક્ષા અને જાગૃતતા પણ આપી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ પ્રયાસો શહેરને સ્વચ્છ, સ્વસ્થ અને પર્યાવરણમૈત્રી બનાવવાના પ્રયત્નો તરીકે દર્શાવવામાં આવ્યા છે.



# માર્કેટયાર્ડ જીરું, તલ, કપાસ અને સોયાબીનથી છલકાયુ

## ૭૦૦થી વધુ વાહનોની આવક: ચેરમેન જયેશભાઈ બોઘરાના માર્ગદર્શન હેઠળ સ્ટાફની ટીમ દ્વારા વાહનોમાંથી ક્રમવાર ઉતરાય કરાવી

**અબતક રાજકોટ**

રાજકોટ માર્કેટયાર્ડમાં આજે સોમવારના રોજ કૃષિ ઉત્પાદનોની ભારે આવક નોંધાઈ હતી. કુલ ૭૦૦થી વધુ વાહનો માર્કેટયાર્ડમાં પ્રવેશ્યા હતા.

આવક મુજબ, સોયાબીનના ૩૫,૦૦૦ મણ, કપાસના ૩૨,૦૦૦ મણ, જીરાના ૧૦,૨૦૦ મણ, અને સફેદ તલના ૧૨,૦૦૦ મણની આવક થઈ



હતી.માર્કેટયાર્ડમાં આવકના વધતા જથ્થાને ધ્યાનમાં રાખી ઉતરાઈની વ્યવસ્થા સુચારુ રીતે હાથ ધરવામાં આવી હતી. ચેરમેન જયેશભાઈ બોઘરા, વાઈસ ચેરમેન, સ્ટાફની ટીમ દ્વારા વાહનોને ક્રમવાર પ્રવેશ આપી અનાજ ઉતરાવવાની પ્રક્રિયા સરળતાથી પૂર્ણ કરવામાં આવી હતી.ખેડૂતોમાં આજની આવકને લઈ ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.



# દિવાળી પર્વે લોકોની ઘરઘાટીને સુરક્ષિત રાખવા DCB, SOG અને સ્થાનિક પોલીસની સ્પે. ડ્રાઈવ

## કિંમતી વસ્તુઓ લોકરમાં રાખવા, ઘર વ્યવસ્થિત લોક કરવા, સીસીટીવીનું બેકઅપ ચેક કરવા પોલીસની પ્રજાને અપીલ

**અબતક, રાજકોટ**

આગામી સમયમાં પર્વાના રાજા દિવાળી તહેવારનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. નવા વર્ષને આવકારવા લોકોમાં થનગનાટ જોવા મળી રહ્યો છે, બજારોમાં ભીડ ઉમટી રહી છે. દિવાળી પર્વે એક સમયની રજા આવતી હોય લોકો પરિવારજનો સાથે ફરવા જવાનું પ્લાનિંગ કરી રહ્યા હોય ત્યારે લોકોની ઘરઘાટીને સુરક્ષિત રાખવા ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી અને સ્થાનિક પોલીસ દ્વારા વિશેષ ડ્રાઇવ યોજવામાં આવનાર છે. ઉપરાંત લોકોને ઘરની સુરક્ષા માટે અલગ અલગ પ્રકારની તકેદારી રાખવા પોલીસ દ્વારા અપીલ કરી છે. જેમાં કિંમતી વસ્તુઓને લોકરમાં રાખી ફરવા જવ છો તો પોલીસને પણ જાણ કરવી, ઘરને વ્યવસ્થિત લોક કરવું, સીસીટીવી અને તેનું બેકઅપ ચેક કરવું સહિતના બાબતે લોકોને સજાગ કર્યા છે. તેમજ કોઈપણ ગુનાહિત હિલચાલ જણાય તો તુરંત ૧૧૨ નો સંપર્ક માટે પણ જણાવાયું છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન હેઠળ તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આગામી દિવસોમાં આવનાર દીવાળી તહેવાર અનુસંધાને પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં બનતા મિલકત સંબંધી ગુન્હાઓ ન બને તે હેતુથી તમામ પોલીસને સજાગ રહેવાં સૂચના આપવામાં આવી છે.

જેમાં જે લોકો વધું સમય બહાર જવાના હોય તેઓ નજીકના પોલીસ મથકમાં જાણ કરવી, તેમજ જો કોઈ ઘરમાં દાગીના સહિતની કિંમતી વસ્તુઓ હોય તો તે ઘરમાં રાખવાના બદલે લોકરમાં રાખીને સુરક્ષિત કરવી જોઈએ, ઉપરાંત ઘરને વ્યવસ્થિત લોક કરીને ફરવા જવું તેમજ ઘરમાં લગાવેલ સીસીટીવી કેમેરા વ્યવસ્થિત ચાલે છે કે નહીં તેમજ તેનું બેકઅપ ચેક કરવું જોઈએ, જો વિસ્તારમાં કોઈપણ ગુનાહિત હિલચાલ જણાઈ તો તુરંત ૧૧૨ નો સંપર્ક કરવાં પણ પોલીસ દ્વારા અનુરોધ કરાયો છે.ઉપરાંત પોલીસે ખાસ સોની બજાર, સામા કાંઠે આવેલ સોની-ચાંદીના કામની પેઢીઓના વેપારીઓને તેને ત્યાં કામ કરતાં કર્મચારી, શ્રમિકોની વિગતો પોલીસ મથકે આપવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ ચોરી સહિતની ગુનાહિત પ્રવુતિ સામે આવે તો તુરંત પોલીસ કાર્યવાહી કરી શકે.

શહેરીજનોની સુરક્ષા માટે પોલીસે પણ હથીયાર સજાવી લીધાં છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી અને સ્થાનિક પોલીસ દ્વારા દિવાળીના પર્વ પર દારૂનું વ્યસન વધતું હોય છે જેથી ખાસ પ્રોહીબિશન ડ્રાઈવ કરવામાં આવશે. તેમજ એસઓજી દ્વારા ડ્રગ્સ સહિતની એનડીપીએસની કોઈ કામગીરી શહેરમાં ન થાય તે માટે પેડલરોને અવિરત ચેક કરી રહી છે.

ઉપરાંત તમામ પોલીસ દ્વારા ઘરફોડ ચોરીના ગુના અટકાવવા સ્પેશિયલ ડ્રાઈવ કરીને લોકોની માલ મિલકત તહેવારો પર સુરક્ષિત રહે તેના માટે પગલાં ભરવામાં આવશે.

### દુકાનોમાં કામ કરતાં કર્મચારી-શ્રમિકોની વિગતો પોલીસ મથકે આપવી: કોઈપણ ગુનાહિત ગતિવિધિ જણાય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અનુરોધ



### આંગડિયા પેઢી, સોની વેપારીઓ, ઈમિટેશનના ધંધાર્થીઓ સાથે પોલીસે બેઠક યોજી

શહેરના અલગ અલગ વિસ્તારમાં કાર્યરત આંગડિયા પેઢીના સંચાલકો, સોની વેપારીઓ અને ઈમિટેશનના વેપારીઓ સાથે ડીસીપી હેતલ પટેલના માર્ગદર્શન હેઠળ આગામી દિવસોમાં આવનાર દીવાળી તહેવાર અનુસંધાને સામાકાંઠે બી. ડિવિઝન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ ન બને તે હેતુથી આગેવાનો સાથે પોલીસ સ્ટેશન ખાતે મીટીંગનુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મોટા પ્રમાણમાં આવેલ વેપારીઓ તેમજ આગેવાનોને દુકાનોમાં સીસીટીવી કેમેરા યોગ્ય રીતે ચાલુ રાખવા, પોતાની દુકાનોમાં કામ કરતા કર્મચારી/મજુરોની વિગત પોલીસને આપવી ખુબ જ કીંમતી ઘરેણા,વસ્તુઓને રજાઓ દરમ્યાન વધુ સુરક્ષીત જગ્યાએ મુકવા સુચના કરેલ હતી.

# ચડત ભરણપોષણ નહીં ચૂકવનાર પતિનું ધરપકડ વોરન્ટ

## પરણીતાએ ચડત ૭,૯૭,૫૦૦ ભરણ પોષણ મેળવવા રેલવે કર્મચારી સામે હાઈકોર્ટમાં દાદ માંગી હતી

**અબતક, રાજકોટ**

પરિણીતાને કોર્ટના આદેશ મુજબ રૂ. ૭.૯૭ લાખનું ચડત ભરણપોષણ નહીં ચૂકવનાર પતિનું ધરપકડ વોરન્ટ કાઢવા ફેમીલી કોર્ટે હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ, શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ ગૌતમ નગર નવજીવન વિદ્યાલય પાસે રહેતા પ્રીતીબેન વા/ઓ. વિશાલભાઈ ભટ્ટ ડો./ઓ. હરસુખભાઈ જોષીના લગ્ન વિશાલ મહેન્દ્રભાઈ ભટ્ટ (રેલ કર્મચારી) સાથે તા.૧૯/૦૨/૨૦૧૮ના રોજ થયા હતા. અરજદારના સાસુ કે જેઓ સુરેન્દ્રનગર મુકામે રહેતા હતા, અરજદાર પ્રીતીબેનને પતિ વિશાલભાઈ દ્વારા છુટાછેડા કરવા અંગે ધાકધમકી આપી ફરીથી કાઢી મુકવામાં આવેલ, જેથી ઉપર મુજબની વિગતે અરજદારે રાજકોટ ફેમિલી કોર્ટમાં નાછૂટકે ભરણપોષણ મેળવવા અરજી દાખલ કરી હતી. જે અરજી ફેમિલી કોર્ટમાં ચાલવા ઉપર આવતા સામાવાળા પતિ વિશાલભાઈની આવક માસિક પગાર તેના નામે આવેલ મિલકત વિગેરે તમામ હકીકતો ધ્યાને લઈ ફેમીલી કોર્ટે માસિક રૂ. ૩૦ હજાર ભરણપોષણ ચૂકવવાનો હુકમ ફરમાવ્યો હતો. જે હુકમ મુજબ વિશાલ ભટ્ટે ભરણપોષણની રકમ નહીં ચૂકવતા રૂ. ૭,૯૭,૫૦૦ ચડત થતા સામાવાળા દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરેલ છે અને ત્યાંથી મૌખીક સ્ટે મેળવેલ છે, તેવી રજુઆત કરવામાં આવેલ. પરંતુ ફેમિલી કોર્ટે રેકર્ડ ઉપરની હકીકત તથા હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલ ઓર્ડર તેમજ સામાવાળાના એડવોકેટ ગત મુદ્દતે હાઈકોર્ટમાં હાજર રહેલ નથી, વિગેરે તમામ રજુઆતો ધ્યાને લઈ પતિ વિશાલ મહેન્દ્રભાઈ ભટ્ટ વિરુધ્ધ રૂ.૭,૯૭,૫૦૦નું ધરપકડનું વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ ફરમાવેલ છે. આ કામમાં અરજદાર પરિણીતા વતી રાજકોટના સિનિયર ધારાશાસ્ત્રી મહેશભાઈ ત્રિવેદી, કિરીટ સાયમન, કિશનભાઈ જોષી, ઘનશ્યામ અકબરી, હર્ષભાઈ ત્રિવેદી, પાર્થ વાઘેલા, મયંકભાઈ હર્ષ તથા મૌલિક સિંહ ડોડિયા રોકાયા હતા.

# બેડલા ગામે તળાવમાં ડૂબી જતા યુવાનનું મોત

## બપોરના સમયે તળાવમાં નાહવા પડેલા યુવકનો ઊંડા પાણીમાં ગરક થઈ જતાં જીવ હણાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલા બેડલા ગામે રહેતો યુવાન ગામ નજીક આવેલા તળાવમાં નાહવા ગયો હતો.દરમિયાન અહીં તળાવમાં ઊંડા પાણીમાં ગરક થઈ જવાથી તેનું મોત થયું હતું. બનાવની જાણ થતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવાનના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, બેડલા ગામ પાસે આવેલા તળાવમાં સાંજના સમયે કોઈ પુરૂષ તળવામાં ડૂબી ગયા અંગેની ગ્રામજનોને જાણ થતા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયરના સ્ટાફે અહીં પહોંચી મૃતદેહને બહાર કાઢ્યો હતો. દરમિયાન પોલીસને જાણ કરી દેવાતા એરપોર્ટ પોલીસ મથકના એએસઆઈ પરેશભાઈ સાંગાણીએ અહીં પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.


પોલીસે જણાવેલી વિગતો મુજબ, તળાવમાં ડૂબી જવાથી મોતને ભેટનાર યુવાન બેડલા ગામે રહેતો દિપકભાઈ માયાભાઈ બથવાર(ઉ.વ. ૩૫) હોવાનું માલુમ પડ્યું હતું. યુવાન કડીયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. યુવાન ત્રણ ભાઈ બે બહેનના પરિવારમાં નાનો હતો. યુવાન ગઈકાલે બપોરના સમયે એકલો ઘર નજીક આવેલા તળાવે નાહવા ગયો હતો. ત્યારે અકસ્માતે તળાવમાં ઊંડા પાણીમાં ગરક થઈ જતા તેનું મોત થયાનું જાણવા મળ્યું છે. બનાવને લઈ યુવાનના પરિવારમાં માતમ છવાય ગયો હતો.

# પડધરી: પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયાનું અવસાન, મુખ્યમંત્રીએ આપી શ્રદ્ધાંજલી

## સ્વ. બાવનજીભાઈની અંતિમ યાત્રામાં પૂર્વ મંત્રી મોહનભાઈ કુંડારીયા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા સહીત આગેવાનો રહ્યા ઉપસ્થિત

**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

સૌરાષ્ટ્રના જાહેર જીવનમાં જાણીતા પડધરી ટંકારાના પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયાના અવસાનના પગલે ભારે શોકની લાગણી છવાય હતી.



પડધરી ટંકારા પૂર્વ ધારાસભ્ય સ્વ. બાવનજીભાઈ મેતલીયા અંતિમ યાત્રામાં ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી મોહનભાઈ કુંડારીયા, પડધરી ટંકારા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, ઉમિયા ધામ સીદસરના પ્રમુખ જેરામભાઈ વાસજાળીયા, પડધરી તાલુકા પંચાયત પ્રમુખ રોહિતભાઈ ચાવડા તથા સદસ્યઓ, રાજકોટ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ નવીનપરી ગૌસ્વામી, પડધરી તાલુકા ભાજપ પ્રમુખ નિલેશભાઈ ડોડીયા મહામંત્રી છગનભાઈ વાસજાળીયા તથા સંગઠનના હોદેદારો, રાજકોટ માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર હઠીસિંહ જાડેજા, રાજકોટ જિલ્લા પંચાયત પૂર્વ કારોબારી અધ્યક્ષ ધીરુભાઈ તળપદા તેમજ સામાજિક રાજકીય અને ઉધોગપતિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્રીય મંત્રી ભારત સરકાર મનસુખભાઈ માંડવીયા દ્વારા ટેલીફોનિક શ્રદ્ધાંજલિ પાઠવી સંદેશા દ્વારા શોક વ્યક્ત કર્યો.

# સેટેલાઈટ ચોક નજીક ૭૦ વર્ષીય વૃદ્ધાનો એસિડ ગટગટાવી આપઘાત

## આરાધના સોસાયટીનો બનાવ : બીમારીથી કંટાળી પગલું ભરી લીધાનું તારણ

**અબતક, રાજકોટ**

મોરબી રોડ પર આરાધના સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષના વૃધ્ધાએ એસિડ લેતા તેને સારવાર માટે એઈમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતાં. જયાં સારવાર દરમિયાન વૃધ્ધાનું મોત થયું હતું. વૃધ્ધાને ડાયાબીટીશ,હ્રદય સહિતની બીમારી હોય તેનાથી કંટાળી જઈ આ પગલું ભરી લીધુ હોવાનું જાણવા મળ્યું છે.

આપઘાતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે રહેતા લક્ષ્મીબેન રામજીભાઈ કટારીયા(ઉ.વ ૭૦) નામના વૃધ્ધાએ ગઈકાલે બપોરના સમયે ઘરે ટોઈલેટ સાફ કરવાનું એસિડ પી જતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. અહીં સારવાર દરમિયાન વૃધ્ધાએ દમ તોડી દીધો હતો.બનાવની જાણ થતા બી ડિવિઝન પોલીસ મથકના પીએસઆઈ એસ.એન.શ્યોરાએ અહીં પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.વૃધ્ધાને સંતાનમાં એક પુત્ર અને પાંચ પુત્રી છે. વૃધ્ધાને હ્રદય, ડાયાબીટીશ સહિતની બીમારી હોય તેનાથી કંટાળી જઈ આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

(ત્રીજા પાનાનું ચાલું)

**આત્મનિર્ભર બનશે ભારત**

ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ઉદ્યોગ નિષ્ણાતોનું માનવું છે કે ચીનના રેર અર્થ મેગ્નેટની નિકાસ પરના પ્રતિબંધો હજુ પણ ચાલુ છે, જોકે તેમાં થોડી રાહતના સંકેતો જોવા મળ્યા છે. આ દરમિયાન, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના નવા નિકાસ નિયંત્રણોના જવાબમાં ચીનથી આયાત પર ૧૦૦% વધારાનો ટેરિફ લગાવવાની ધમકી આપી છે.

નિષ્ણાતોનું કહેવું છે કે સ્ટોકપાઈલિંગ એ રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ્સ મિશનની સફળતા માટે મહત્વપૂર્ણ છે, પરંતુ ભારતની સ્થાનિક અનામતોમાંથી રેર અર્થ એલિમેન્ટ્સનું નિષ્કર્ષણ કરવાની મર્યાદિત તકનીકી ક્ષમતા એક મોટો પડકાર છે, કારણ કે હાલમાં મોટાભાગનો પુરવઠો આયાત દ્વારા જ પૂરો થાય છે. ભારત પાસે આંધ્ર પ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં દરિયાકાંઠે અને અંદરના વિસ્તારોમાં મળેલા ૧૩.૧૫ મિલિયન ટન મોનાઝાઈટમાં ૭.૨૩ મિલિયન ટન રેર અર્થ ઓક્સાઈડનો અંદાજિત અનામત છે. ખાણ મંત્રાલયે અત્યાર સુધીમાં ૫૫ ક્રિટિકલ અને સ્ટ્રેટેજિક ખનિજ બ્લોકસની પાંચ તબક્કામાં હરાજી કરી છે, જેમાંથી ૩૪ બ્લોક્સ સફળતાપૂર્વક ફાળવવામાં આવ્યા છે. ગયા મહિને, સરકારે વધારાના બ્લોક્સ માટે છઠ્ઠા તબક્કાની હરાજી શરૂ કરી હતી.

**ભારતને રેર અર્થ દેવા ચીન તત્પર**

હજુ સુધી આવી શરતોને મંજૂરી આપી નથી. ચીન રેર અર્થ મેગ્નેટ બનાવવાની ટેક્નોલોજીના નિકાસ પર પણ વધુ પ્રકારના મેગ્નેટ માટે પ્રતિબંધો લાદવાની યોજના બનાવી રહ્યું છે. આ નિયંત્રણો ચીનના યુએસ સાથેની વેપાર વાટાઘાટોમાં મહત્વનું હથિયાર બની રહ્યા છે. આ નિર્ણય યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દક્ષિણ કોરિયામાં થનારી મુલાકાત પહેલાં આવ્યો છે.ભારતીય કંપનીઓએ એન્ડ-યુઝર સર્ટિફિકેટ્સ જમા કર્યા છે, જેમાં જણાવાયું છે કે રેર અર્થ મેગ્નેટનો ઉપયોગ સામૂહિક વિનાશના હથિયારો બનાવવા માટે નહીં થાય. ચીનએ વાસેનાર એરેન્જમેન્ટની લાઈન પર નિકાસ નિયંત્રણની ગેરંટી પણ માંગી છે. આ એરેન્જમેન્ટ, જેમાં ૪૨ સભ્ય દેશો આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ડ્યુઅલ-યુઝ ટેક્નોલોજી અને સામગ્રીના ટ્રાન્સફરમાં પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપે છે, તેનો ભારત સભ્ય છે, પરંતુ ચીન આ એરેન્જમેન્ટનું સભ્ય નથી.

**સોનું...**

૧,૬૮,૦૦૦થી વધુ ડિપોઝિટર્સ હતા. સેન્કો ગોલ્ડનો લગભગ ૪૦% વ્યવસાય આવી યોજનાઓમાંથી આવે છે. કલ્યાણ જ્વેલર્સે સપ્ટેમ્બરમાં આવી જ યોજના માટે શેરહોલ્ડર્સની મંજૂરી માંગી હતી. આ યોજનાઓ કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને કંપનીઝ (એક્સેપ્ટન્સ ઓફ ડિપોઝિટ્સ) રૂલ્સ, ૨૦૧૪ હેઠળ સંચાલિત થાય છે.

મુંબઈના ગોલ્ડ ટ્રેડ વિશ્લેષક ભાર્ગવ વૈદ્યના જણાવ્યા મુજબ, સોનાના ભાવમાં અસ્થિરતાને કારણે માસિક હપ્તા યોજનાઓનું આકર્ષણ ઘટી રહ્યું છે. ગ્રાહકોને નિયત તારીખે નિશ્ચિત રકમ જમા કરાવવી પડે છે, અને ભાવમાં સતત વધારો થતો હોય ત્યારે આ રકમ જમા કરાવવી મુશ્કેલ બની જાય છે. આના બદલે, ઘણા ગ્રાહકો હવે ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ડિજિટલ ગોલ્ડ ખરીદી રહ્યા છે, જેમાં સમય અને રકમની લવચીકતા મળે છે. ડિજિટલ ગોલ્ડ વેચીને નફો પણ મેળવી શકાય છે.આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ ૪,૦૦૦ ડોલર પ્રતિ ઔંસને પાર કરી ગયો છે. આર્થિક અને ભૌગોલિક અનિશ્ચિતતા, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપની અપેક્ષા, સેન્ટ્રલ બેંકોની મજબૂત ખરીદી, ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સમાં રોકાણ અને નબળા ડોલરે સોનાના ભાવને વેગ આપ્યો છે. ફ્રાન્સ અને જાપાનમાં રાજકીય અસ્થિરતાએ પણ સોનાની માંગને વધારી છે.

ઉદ્યોગના નિષ્ણાતોનું કહેવું છે કે શુક્રવારે સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ રૂ.૧.૨૨ લાખે પહોંચ્યો હતો, અને આ વર્ષે ભાવમાં વધુ વધારો થવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬માં પણ આવી યોજનાઓમાં નાણાંનો પ્રવાહ ઘટવાની શક્યતા છે. સેન્કો ગોલ્ડના મેનેજિંગ ડિરેક્ટર સુવંકર સેનના જણાવ્યા મુજબ, સોનાના ભાવમાં નોંધપાત્ર વધારાને કારણે આ વર્ષે ખરીદીનું પ્રમાણ ઘટ્યું છે. જોકે, ભાવ વધવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ભાગમાં મૂલ્યની દૃષ્ટિએ વધારો જોવા મળશે.ટાઈટનના નાણાકીય વર્ષ ૨૦૨૫ના વાર્ષિક અહેવાલ મુજબ, તનિષ્ક દ્વારા સોનાની જ્વેલરી ખરીદી માટે જમા થયેલા નાણાંમાં ૧૯% ઘટાડો થયો છે, જે ગત વર્ષની સરખામણીએ ₹૩,૪૫૮ કરોડ રહ્યો. રિલાયન્સ રિટેલના અહેવાલમાં જણાવાયું છે કે રિલાયન્સ જ્વેલ્સ સ્ટોર્સમાં આવી યોજનાઓમાં જમા થયેલા નાણાંમાં ૫% ઘટાડો થયો, જે રૂ.૩૩૩ કરોડ રહ્યો.

**''સોના ચાંદી''ની વણથંભી તેજી**

જવાબદાર છે. પ્રથમ અને મુખ્ય કારણ, દિવાળી અને ધનતેરસની શુભ ખરીદી માટે તહેવારોની મોસમમાં વધેલી માંગ છે. બીજું, ભૂરાજકીય તણાવે રોકાણકારોને સોના તરફ ખેંચ્યા છે. અને ત્રીજું, વિશ્વભરની સેન્ટ્રલ બેંકો દ્વારા ડોલર પરની નિર્ભરતા ઘટાડવા માટે સોનાની સતત ખરીદી. આ લખાઈ રહ્યું છે ત્યારે ૨૪ કેરેટ સોનું રુ. ૧,૨૫,૪૫૦, ૨૨ કેરેટ સોનું રુ. ૧,૧૫,૦૦૦ અને ૧૮ કેરેટ સોનું રુ. ૯૪,૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામના ભાવે વેચાઈ રહ્યું છે.

ચાંદીના ભાવ વધારામાં તહેવારોની માંગ ઉપરાંત કેટલાક વિશિષ્ટ પરિબળોએ પણ ભાગ ભજવ્યો છે. રૂપિયાની નબળાઈને કારણે આયાત ખર્ચ વધ્યો છે. ઉપરાંત, ઈલેક્ટ્રોનિક્સ અને સોલાર પેનલ જેવા ઉદ્યોગોમાં ચાંદીની ઔદ્યોગિક માંગમાં વધારો થવાથી અને વૈશ્વિક સ્તરે પુરવઠાની અછત સર્જાવાથી ચાંદીના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. જોકે, નિષ્ણાતોના મતે, બુલિયન બજારમાં આ તેજી સ્થાનિક અને વૈશ્વિક બંને પરિબળોને કારણે હજુ પણ ચાલુ રહી શકે છે.

**ગોલ્ડ બોન્ડની ડિમાન્ડ**

પ્રીમિયમ દર્શાવે છે. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન અનુસાર, તે દિવસે સોનાનો સ્પોટ ભાવ રૂ.૧૨,૦૮૫ પ્રતિ ગ્રામ હતો.

બ્રોકર્સનું કહેવું છે કે કેટલાક રિટેલ રોકાણકારો આ પ્રીમિયમ ચૂકવવા તૈયાર છે કારણ કે સોવરીન ગોલ્ડ બોન્ડ્સ ૨.૫% વાર્ષિક વ્યાજ આપે છે, મ્યુચ્યુઅલ ફંડની સરખામણીએ શૂન્ય એક્સપેન્સ રેશિયો ધરાવે છે, અને મેચ્યુરિટી પર કેપિટલ ગેઈન્સ ટેક્સ-ફ્રી છે, જે તેઓ માને છે કે ઊંચા ભાવની ભરપાઈ કરશે. વધુમાં, સરકારે નવા બોન્ડ જારી કરવાનું બંધ કર્યું છે. મર્યાદિત પુરવઠાને કારણે, મોટી ખરીદી હોય તો ઈમ્પેક્ટ કોસ્ટ વધે છે, જે ભાવને ઉંચકે છે, એમ પીએલ કેપિટલના સીઈઓ - રિટેલ બ્રોકિંગ એન્ડ ડિસ્ટ્રિબ્યુશન, સંદીપ રાયચુરાએ જણાવ્યું. તેમણે ચેતવણી આપી કે જો સોના માટેનો હાલનો ઉન્માદ ઠંડો પડે, તો સેકન્ડરી માર્કેટમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની શકે છે, અને પ્રીમિયમ ગાયબ થઈ શકે છે, જેનાથી નુકસાન થઈ શકે છે.

બોન્ડની મુદત આઠ વર્ષની હોય છે, તે ૨.૫% વાર્ષિક વ્યાજ આપે છે, મેચ્યુરિટી પર ટેક્સ-ફ્રી છે, અને તેમાં કોઈ સ્ટોરેજ ખર્ચ કે એક્સપેન્સ રેશિયો નથી. એક યુનિટ એક ગ્રામ સોનાનું પ્રતિનિધિત્વ કરે છે.વેલ્થ મેનેજર્સનું કહેવું છે કે રોકાણકારોએ સેકન્ડરી માર્કેટમાં આ બોન્ડ્સ ખરીદતા પહેલા ગણતરી કાળજીપૂર્વક કરવી જોઈએ. તેમણે બાકી રહેલી મુદત, વ્યાજની ઉપજ, અને પ્રીમિયમને ધ્યાનમાં લેવું જોઈએ. રામાસ્વામીએ જણાવ્યું કે નિશ્ચિત મુદત અને આ ઈન્સ્ટ્રુમેન્ટ્સની ઓછી લિકિવડિટીને ધ્યાનમાં લેતા હાલનું ઊંચું પ્રીમિયમ યોગ્ય નથી, અને ઊંચા પ્રીમિયમથી રિટર્ન ઘટી શકે છે. ગયા એક વર્ષમાં સોનાના ભાવમાં રૂપિયાની દૃષ્ટિએ ૬૦%નો ઉછાળો આવ્યો છે, જેના કારણે માંગમાં વધારો થયો છે. ખાસ કરીને ઉભરતા બજારોની સેન્ટ્રલ બેન્કોએ યુએસ ડોલરથી વિદેશી અનામતનું વૈવિધ્યકરણ કરવા માટે સોનાની ખરીદી કરી છે. રિટેલ રોકાણકારો પણ ભૌગોલિક રાજકીય જોખમો અને ટેરિફ-સંબંધિત અનિશ્ચિતતાને કારણે સોનાને હેજ તરીકે જોવે છે.

**વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ**

વર્ષનો વોલ્યુમ અંદાજ ૬૦૦ ટન સુધી ઘટાડી દીધો છે. ૨૦૨૪માં ભારતે ૮૦૨ ટન સોનાનો વપરાશ કર્યો હતો. આમ ૨૦૦ ટન ઓછું સોનું મળવાનો અંદાજ છે. આ દરમિયાન રોકાણકારોનો રીલાયન્સ, કલ્યાણ, તનિષ્ક તરફ ધસારો થયો છે. ડિફર્ડ પરચેઝ સ્કીમ ગ્રાહકોને હપ્તામાં સોનું ખરીદવાની સુવિધા આપે છે અને કેટલીક યોજનાઓ ડિસ્કાઉન્ટ પણ આપે છે. રિલાયન્સ પાસે જુલાઈના મધ્ય સુધીમાં ૧,૬૮,૦૦૦થી વધુ ડિપોઝિટર્સ હતા. સેન્કો ગોલ્ડનો લગભગ ૪૦% વ્યવસાય આવી યોજનાઓમાંથી આવે છે. કલ્યાણ જ્વેલર્સે સપ્ટેમ્બરમાં આવી જ યોજના માટે શેરહોલ્ડર્સની મંજૂરી માંગી હતી. આ યોજનાઓ કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને કંપનીઝ (એક્સેપ્ટન્સ ઓફ ડિપોઝિટ્સ) રૂલ્સ, ૨૦૧૪ હેઠળ સંચાલિત થાય છે.

મુંબઈના ગોલ્ડ ટ્રેડ વિશ્લેષક ભાર્ગવ વૈદ્યના જણાવ્યા મુજબ, સોનાના ભાવમાં અસ્થિરતાને કારણે માસિક હપ્તા યોજનાઓનું આકર્ષણ ઘટી રહ્યું છે. ગ્રાહકોને નિયત તારીખે નિશ્ચિત રકમ જમા કરાવવી પડે છે, અને ભાવમાં સતત વધારો થતો હોય ત્યારે આ રકમ જમા કરાવવી મુશ્કેલ બની જાય છે. આના બદલે, ઘણા ગ્રાહકો હવે ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ડિજિટલ ગોલ્ડ ખરીદી રહ્યા છે, જેમાં સમય અને રકમની લવચીકતા મળે છે. ડિજિટલ ગોલ્ડ વેચીને નફો પણ મેળવી શકાય છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ ૪,૦૦૦ ડોલર પ્રતિ ઔંસને પાર કરી ગયો છે. આર્થિક અને ભૌગોલિક અનિશ્ચિતતા, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપની અપેક્ષા, સેન્ટ્રલ બેંકોની મજબૂત ખરીદી, ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સમાં રોકાણ અને નબળા ડોલરે સોનાના ભાવને વેગ આપ્યો છે. ફ્રાન્સ અને જાપાનમાં રાજકીય અસ્થિરતાએ પણ સોનાની માંગને વધારી છે.

ઉદ્યોગના નિષ્ણાતોનું કહેવું છે કે શુક્રવારે સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ રૂ.૧.૨૨ લાખે પહોંચ્યો હતો, અને આ વર્ષે ભાવમાં વધુ વધારો થવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬માં પણ આવી યોજનાઓમાં નાણાંનો પ્રવાહ ઘટવાની શક્યતા છે. સેન્કો ગોલ્ડના મેનેજિંગ ડિરેક્ટર સુવંકર સેનના જણાવ્યા મુજબ, સોનાના ભાવમાં નોંધપાત્ર વધારાને કારણે આ વર્ષે ખરીદીનું પ્રમાણ ઘટ્યું છે. જોકે, ભાવ વધવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ભાગમાં મૂલ્યની દૃષ્ટિએ વધારો જોવા મળશે.

ટાઈટનના નાણાકીય વર્ષ ૨૦૨૫ના વાર્ષિક અહેવાલ મુજબ, તનિષ્ક દ્વારા સોનાની જ્વેલરી ખરીદી માટે જમા થયેલા નાણાંમાં ૧૯% ઘટાડો થયો છે, જે ગત વર્ષની સરખામણીએ ₹૩,૪૫૮ કરોડ રહ્યો. રિલાયન્સ રિટેલના અહેવાલમાં જણાવાયું છે કે રિલાયન્સ જ્વેલ્સ સ્ટોર્સમાં આવી યોજનાઓમાં જમા થયેલા નાણાંમાં ૫% ઘટાડો થયો, જે રૂ.૩૩૩ કરોડ રહ્યો.

**તાલિબાન**

અફઘાનિસ્તાનની તમામ સત્તાવાર અને વાસ્તવિક સરહદો પર પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે.આ સરહદી તણાવ અગાઉ, અફઘાન અધિકારીઓએ પાકિસ્તાન પર રાજધાની કાબુલ અને દેશના પૂર્વ ભાગમાં આવેલા એક બજારમાં બોમ્બ વિસ્ફોટ કરવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, પાકિસ્તાને આ હુમલાઓની જવાબદારી સ્વીકારી નહોતી. ઈસ્લામાબાદ લાંબા સમયથી તાલિબાન વહીવટીતંત્ર પર પાકિસ્તાન પર હુમલો કરનારા આતંકવાદીઓને આશ્રય આપવાનો આરોપ લગાવતું આવ્યું છે, જે આરોપ કાબુલે સતત નકાર્યો છે, જેનાથી બંને દેશો વચ્ચે સરહદી તણાવ વધી રહ્યો છે.ત્યારે સમગ્ર મામલે પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવીએ શનિવારે રાત્રે થયેલા ગોળીબાર બદલ અફઘાનિસ્તાનની નિંદા કરી હતી અને ભારતની જેમ જ ''યોગ્ય જવાબ'' આપવાની ચેતવણી આપી હતી. તેમના નિવેદનમાં ''ઓપરેશન સિંદૂર સંઘર્ષ'' નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જે દરમિયાન પાકિસ્તાને ભારતીય સંરક્ષણ દળોને જાનહાનિ પહોંચાડવાના ખોટા દાવા કર્યા હતા. આ નિવેદન બંને દેશો વચ્ચેના વધતા તણાવ અને બદલાની કાર્યવાહીની ધમકીઓને રેખાંકિત કરે છે, જે ક્ષેત્રીય અસ્થિરતામાં વધુ વધારો કરી શકે છે.

**ભારત ફૂડ**

નિરાકરણ જરૂરી છે. અધિકારીએ જણાવ્યું, ''ફક્ત નોંધાયેલ એકમો જ રશિયામાં ઝીંગા સપ્લાય કરી શકે છે, અને અમે આ મુદ્દાને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. યુરોપિયન યુનિયને પણ અમારા ઘણા એકમોને નોંધણી આપી છે.''

આ ઉપરાંત, રશિયા યુરેશિયન ઈકોનોમિક યુનિયનના ભાગરૂપે ભારત સાથે વેપાર કરારનું માળખું તૈયાર કરી રહ્યું છે. રશિયા યુરેશિયન ઈકોનોમિક યુનિયનમાં રશિયા, બેલારૂસ, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન અને આર્મેનિયાનો સમાવેશ થાય છે. ભારત અને રશિયા યુરેશિયન ઈકોનોમિક યુનિયને મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો શરૂ કરવાના નિયમો અને પ્રાથમિકતાઓ નક્કી કરી છે, જેનો હેતુ વેપાર અને રોકાણને વધારવાનો છે.

અધિકારીએ જણાવ્યું, ''બિન-શુલ્ક અવરોધોનું વહેલું નિરાકરણ મહત્વપૂર્ણ છે, કારણ કે તે વેપાર કરારની વાટાઘાટો માટે પણ સારો આધાર પૂરો પાડશે, અને રશિયા રશિયા યુરેશિયન ઈકોનોમિક યુનિયનનું સૌથી મોટું સભ્ય છે.'' આ મુદ્દાનું નિરાકરણ ભારતની ઝીંગા નિકાસને વૈવિધ્યસભર બનાવવા માટે મહત્વનું છે, જેને અમેરિકાએ લાદેલા ૫૦%ના ઊંચા શુલ્કથી મોટો આંચકો લાગ્યો છે.

ભારત રશિયામાં ફ્રોઝન માછલીનો માંસ, ફ્રોઝન રોક લોબસ્ટર, સી ક્રોફિશ, કટલફિશ અને સ્ક્વિડની નિકાસ વધારવાની તક જુએ છે, જ્યાં વિયેતનામ, ઈક્વાડોર અને ઈન્ડોનેશિયા મુખ્ય સપ્લાયર્સ છે. વેપાર ખાધ ઘટાડવા માટે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે ઉદ્યોગો સાથે કસ્ટમ્સ કિલયરન્સ, દસ્તાવેજીકરણ, રશિયા સુધી માલ પહોંચાડવામાં આવતી ફ્રેટ સમસ્યાઓ, બેન્કિંગ સંબંધિત મુશ્કેલીઓ, ખાસ કરીને ચુકવણી પદ્ધતિઓ, નિકાસ વિસ્તરણ માટેના મુખ્ય ઉત્પાદનો અને સંયુક્ત સાહસોની શક્યતાઓ અંગે ચર્ચા શરૂ કરી છે.

(ચોથા પાનાનું ચાલુ)

**પૂજિત રૂપાણી ટ્રસ્ટ...**

આયોજિત આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય અને વંચિત લોકોને ગુણવત્તાસભર સ્વાસ્થ્ય સેવાઓ નિ:શુલ્ક પૂરી પાડવાનો હતો. આ કેમ્પમાં ૨૦૦થી વધુ લોકોએ નિદાન અને લેબોરેટરી સહિતની વિનામૂલ્યે સેવાઓનો લાભ લીધો હતો.આ કેમ્પમાં રાજકોટના નામાંકિત અને નિષ્ણાત ડોક્ટરોએ નિ:સ્વાર્થપણે સેવા આપી હતી, જેમાં ડો. તપન પારેખ (મેદસ્વીતા, થાઈરોઈડ, ડાયાબિટીસ નિષ્ણાંત), ડો. રિદ્ધિ મહેતા (હૃદય, બી.પી., ડાયાબિટીસ નિષ્ણાંત), ડો. જતિન મોદી, ડો. નીરવ મોદી, ડો. વૈભવ હાપલિયા, ડો. જીનીશાબા સોઢા, ડો. બિંદન શાહ, ડો. સેજલ શાહ, ડો. રચના સુરાણી, ડો. બંસી કારિયા, ડો. પ્રતીક્ષા દેસાઈ, ડો. સલોની ડોડિયા અને ડો. નેન્સી ડોબરિયાનો સમાવેશ થાય છે. આ માનવસેવા કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, આઈએમએ રાજકોટના પ્રમુખ ડો. જયેશભાઈ ડોબરિયા અને જાણીતા ન્યુરો સર્જન ડો. પ્રકાશભાઈ મોઢા સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

ડો. પ્રકાશ મોઢાએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કે, પૂજિત રૂપાણીની ચોથી પુણ્યતિથિ નિમિત્તે સર્વરોગ નિદાન કેમ્પ પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ, વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ અને રોટરી કલબ રાજકોટ મીડટાઉનના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં જુદી જુદી શાખાઓના નિષ્ણાત ડોક્ટરોએ સેવા આપી હતી, જેમાં એમ.ડી. ફિઝિશિયન, ઈએનટી સર્જન અને ડેન્ટલ સહિતના અનેક ડોક્ટરો ઉપલબ્ધ હતા. આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ સ્વ. વિજયભાઈ રૂપાણીએ શરૂ કરેલી પરંપરાને જીવંત રાખવાનો છે.

**ડો. જૈનમ ઉપાધ્યાય...**

આ કેમ્પમાં થાઈરોઈડ, એમ.ડી. ફિઝિશિયન, દાંતના ડોક્ટરો અને ગાયનેક નિષ્ણાત ડો. પ્રતિક્ષાબેન દેસાઈ સહિત રાજકોટના નામચીન ડોક્ટરોએ સેવા આપી હતી. આ કેમ્પમાં દર્દીઓને સચોટ નિદાન મળે તે માટે લેબોરેટરીની સુવિધા પણ નિ:શુલ્ક હતી, જેમાં ડાયાબિટીસ માટેનો ઈબઅ૧ભ રિપોર્ટ પણ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યો હતો. ટ્રસ્ટ દ્વારા નિયમિતપણે ચશ્મા વિતરણ અને દાંતના ચોકઠા બનાવવાનો કેમ્પ પણ યોજવામાં આવે છે.

**ડો. જયેશભાઈ ડોબરીયા...**

પોતાની સેવા આપી હતી.આ કેમ્પમાં આંખ, નાક, કાન, એમ.ડી. (ફિઝિશિયન), લેબોરેટરી અને દાંત સહિત અનેક વિભાગોમાં નિદાન અને સારવાર આપવામાં આવી હતી.કુલ ૨૦૦થી વધુ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

**અંજલિબેન રૂપાણી...**

પ્રકારનાં રંગબેરંગી દિવડાઓ તેમજ દિવાળી શુશોભન માટેની વસ્તુઓ જેવી કે તોરણ, પર્સ, દિવડા તેમજ અન્ય હેન્ડીક્રાફ્ટ વસ્તુઓ વેચાણ માટે મુકાશે. આ પ્રદર્શનમાં થનાર આવક આ બાળકોના ઉત્કર્ષ માટે વાપરવામાં આવશે.

આ પ્રદર્શનનો લાભ લઈ જરૂરિયાતમંદ બાળકોને મદદરૂપ થવા અને પ્રોત્સાહિત કરવા ટ્રસ્ટી અંજલિબેન વિજયભાઈ રૂપાણીનોએ જાહેર જનતાને અપીલ કરેલ છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના કાર્યાલય ''કિલ્લોલ'', ૧-મયુરનગર, મહાનગરપાલિકા પૂર્વ ઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ અને કો ઓર્ડીનેટર સાગરભાઈ પાટિલનો સંપર્ક સાધવા જણાવાયું છે.

**કષ્ટભંજનદેવ...**

- લોજવાળાની સ્મૃતિમાં કષ્ટભંજનદેવનો ૧૭૭મો વાર્ષિક પાટોત્સવ સંવત ૨૦૮૧ના આસો વદ-૫, ધામધૂમથી ઉજવાયો હતો. સાથોસાથ મંદિર પાસે આવેલ પ્રસાદીની છત્રીનું ઉદઘાટન કરવામાં આવેલ.

સ્વામી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના વક્તાપદે ત્રિદિનાત્મક હનુમંત ચરિત્ર કથા નું આયોજન તા. ૯-૧૦ને ગુરૂવાર થી તા. ૧૧-૧૦-ને શનિવાર દરમિયાન કથા સમય : સવારે ૯ થી ૧૧:૩૦ કલાકે, બપોરે ૪ થી ૬ કલાકે રાખવામાં આવેલ છે. તા.૯મીના ગુરૂવારે બપોરે ચાર વાગે નિલકંઠ મહાદેવ મંદિરથી પોથીયાત્રા કાઢવામાં આવી હતી. સમગ્ર મંદિર-પરિસરને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહારાજ એવમ્ સદ્ગુરુ સંતોના વરદ્ હસ્તે અભિષેક પાટોત્સવ તથા મારૂતિયજ્ઞમાં શ્રીફળ હોમવાની વિધિ સંપન્ન થઈ હતી તથા કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દિવ્ય દર્શન, અભિષેક, અન્નકૂટ, યજ્ઞદર્શન, કથા શ્રવણ એવં ધામેધામથી પધારેલ બ્રહ્મનિષ્ઠ સંતોના દર્શન-આશીર્વચન એવં મહાપ્રસાદનો લાભ સૌ પ્રેમીભક્તો પરિવાર સહિત પધારી ધન્યતા અનુભવી હતી.

**સ્વદેશી મેળા...**

ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે, કારણ કે લોકો હવે 'સ્વદેશ'ના મહત્વને સમજી અને અપનાવી રહ્યા છે. આ મેળાનો મુખ્ય સંદેશ 'સ્વદેશી અપનાવી વિદેશીને બાય બાય કહો'નો છે. અહીં ખાસ કરીને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હાલમાં કેમિકલયુક્ત ખોરાકને કારણે કેન્સર જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધી રહ્યું છે. આ જોખમથી બચાવવા માટે, મેળામાં આયુર્વેદિક અને હર્બલ આધારિત ૨૦૦થી વધુ પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે, જે શુદ્ધ આયુર્વેદિક અને હર્બલ ગુણધર્મો ધરાવે છે અને લોકોને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરે છે.

**નિશા સોની...**

યુનિક બને છે. હું જાતે જ બધી ડિઝાઈન તૈયાર કરું છું અને અમારા કારીગરો તેને સુંદર રીતે હેન્ડક્રાફ્ટ કરે છે. આ પર્સની સૌથી સારી વાત એ છે કે તેને સાડી, ડ્રેસ કે વેસ્ટર્ન આઉટફિટ - દરેક પ્રકારના પોશાક સાથે સરળતાથી વાપરી શકાય છે.

**બીના ગોહેલ...**

બચવા માટે, અમારી પાસે આયુર્વેદિક અને હર્બલ આધારિત ૨૦૦થી વધુ પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે. અમારી તમામ પ્રોડક્ટ્સ શુદ્ધ આયુર્વેદિક અને હર્બલ ગુણધર્મો ધરાવે છે, જે લોકોને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરે છે.

**વિનોદ રાઠોડ...**

જણાવ્યું હતું કે, અમારી પ્રોડક્ટ રેન્જમાં વિવિધ પ્રકારની આયુર્વેદિક વસ્તુઓનો સમાવેશ થાય છે, જેમાં ત્રણ પ્રકારના હર્બલ શેમ્પૂ, ત્રણ પ્રકારના હેર ઓઈલ અને પેઈન રિલીફ ઓઈલ જેવી ઘણી અસરકારક આયુર્વેદિક પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે.

**શહેરી વિકાસ વિઝન ડોક્યુમેન્ટ...**

કોમ્પ્લેક્સ, લાઈબ્રેરી, આંગણવાડીઓ, ફાયર બ્રિગેડ સેવાઓ, BRTS અને ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર જેવી અનેક સુવિધાઓ શહેરને વધુ સુવિધાયુક્ત બનાવવામાં આવી છે. ઉપરાંત, ૨,૭૦૦ કિલોમીટરથી વધુ રસ્તાઓનું નિર્માણ અને ૨૮૬ કિલોમીટર માર્ગનો રિસર્ફેસિંગ પણ કરવામાં આવ્યો છે.

(૧૧માં પાનાનું ચાલું)

**''ગ્રંથિ ડાયાબિટીસ એન્ડોક્રાઈન એન્ડ ઓબેસિટી સેન્ટર'...**

સ્થૂળતા એકબીજાના 'મિત્ર મંડળ' સમાન છે, જેનું મુખ્ય કારણ લોકોની બગડેલી જીવનશૈલી છે.

વૈજ્ઞાનિક સારવારમાં ડાયટ એડવાઈઝરીનું મહત્વ સમજાવતા ડો. તૈલીએ જણાવ્યું કે દર્દીઓએ માત્ર દવા પર નિર્ભર રહેવાને બદલે શું ખાવું, શું ન ખાવું અને કેટલા પ્રમાણમાં ખાવું તેનું સચોટ માર્ગદર્શન લેવું જરૂરી છે. તેમણે સુગરના અચાનક ઘટી જવા (ચક્કર આવવા, હાથ-પગ ધ્રૂજવા) ને પણ એક ગંભીર સમસ્યા ગણાવી હતી. ડાયાબિટીસ, થાઈરોઈડ અને અન્ય હોર્મોનલ સમસ્યાઓ માટે માત્ર સારવાર જ નહીં, પરંતુ તેના લક્ષણો જેવા કે થાક, ત્વચાની સમસ્યા, વજનમાં ફેરફાર, માસિક સમસ્યા અને તેના નિદાન વિશે જાગૃતિ પણ એટલી જ આવશ્યક છે.

ગ્રંથિ સેન્ટર ખાતે મહિલાઓમાં જોવા મળતી હોર્મોનલ સમસ્યાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ડો. તૈલીના મતે, આ સમસ્યાઓનું નિદાન અને સમયસર સારવાર અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ સેન્ટરનો હેતુ માત્ર રોગનો ઈલાજ કરવાનો નથી, પરંતુ લોકોને તેમની જીવનશૈલી એટલે કે આહાર, વિહાર અને વિચાર અંગે માર્ગદર્શન આપીને રોગમુક્ત જીવન તરફ દોરી જવાનો છે.

**વિકસીત ભારતની સંકલ્પના...**

યુવક મહોત્સવમાં જુદી જુદી સ્પર્ધામાં યુવાનો પોતાનું કૌવત બતાવે એવી શુભેચ્છાઓ. યુવાનોના ભવિષ્યને ઉજાગર કરવા માટે યુનિવર્સિટીઓ દ્વારા શિક્ષણની સાથે આવા સુંદર આયોજનો થાય છે એ ખુબ આનંદની વાત છે.૫૩ મા યુવક મહોત્સવના ઉદઘાટન પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી જણાવ્યું હતું કે, યુવક મહોત્સવ એ યુવાનોની શકિતઓને ખીલવવાનો અવસર છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં યુવક મહોત્સવમાં ભાગ લેવા અનેરો ઉત્સાહ અને થનગનાટ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હરહંમેશ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. સૌરાષ્ટ્રમાં પર્વત, દરીયો, સમૃદ્ર જીવસૃષ્ટિ, ખેતી અને જાણીતા ધાર્મિક યાત્રાધામો આવેલા છે. આ યુવક મહોત્સવમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યુવક મહોત્સવના સંદર્ભમાં વિદ્યાર્થીઓ માટે આનુસંગિક સુંદર આયોજન કરવામાં આવેલ છે. આ ત્રિદીવસીય યુવક મહોત્સવમાં ૧૮૫૪ જેટલાં વિદ્યાર્થીઓ જુદી જુદી સ્પર્ધામાં ભાગ લઈ પોતાની કલા રજૂ કરવાના છે. કુલપતિએ આ યુવક મહોત્સવમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને શુભેચ્છાઓ પાઠવી હતી.યુવક મહોત્સવના ઉદઘાટન સમારોહમાં ઉપલેટા કોલેજ તથા ખામટાની મહિલા કોલેજ દ્વારા પ્રાચિન રાસ રજૂ કરવામાં આવેલ હતું.

આ ત્રિદીવસીય યુવક મહોત્સવમાં સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક વિભાગમાં કુલ ૩૩ સ્પર્ધાઓ યોજાશે. જેમાં સંલગ્ન ૮૮ કોલેજોના ૧૮૫૪ સ્પર્ધકો પોતાની કલા રજૂ કરશે અને કુલ ૯૯ જેટલાં તજજ્ઞો નિર્ણાયકો તરીકે સેવા આપશે.કાર્યક્રમના પ્રારંભે જાણીતા અષાઢી ગાયક ઉમેદભાઈ ગઢવીએ પોતાની આગવી શૈલીમાં લોકગીત તથા લોકસંગીત રજૂ કર્યું હતું.

યુવક મહોત્સવમાં વકૃત્વ સ્પર્ધાનો વિષય ''ભારતનું આત્મનિર્ભરતા તરફનું પ્રયાણ'' તથા ડિબેટ સ્પર્ધાનો વિષય ''ઓપરેશન સિંદુરમાં મેઈડ ઈન ઈન્ડિયા શસ્ત્રોની તાકાત જોઈએ દુનિયાને આત્મનિર્ભર ભારતનો પરિચય'' રાખવામાં આવેલ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**એમબીએ...**

ગણતરીની અને નામાંકિત ગણાતી કોલેજોમાં મેરિટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા બાદ ખાલી પડતી બેઠકો નોન સીમેટ વિદ્યાર્થીઓ માટે આપવામાં આવતી હોય છે. આશ્ચર્યની વાત એ કે, સીમેટ ન આપનારા તમામ વિદ્યાર્થીઓને પણ એમબીએ-એમસીએમાં પ્રવેશ મળતો હોવાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સીમેટ સાથે પ્રવેશના બે રાઉન્ડ પુરા થાય તેની રાહ જોઈને નોન સીમેટની પ્રક્રિયા શરૂ થાય ત્યારે પ્રવેશ મેળવી લેતાં હોય છે. આમ, એમબીએ-એમસીએમાં પ્રવેશ માટે સીમેટ આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થઈ રહ્યો હોવાનું બહાર આવ્યું છે.

**બોટાદ...**

કપાસ ખેતીપ્રધાન વિસ્તારમાં આવે છે, અહીં આપ સમર્થિત ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પંચાયતમાં એપીએમસીમાં કપાસના ભાવમાં પાછળથી કરવામાં આવતી કટોતરી (કડદા) નો વિરોધ નોંધાવવાનો હતો. ખેડૂતોનું કહેવું છે કે, આ કડદાથી તેમની આવકમાં ૧૦-૧૫%નું નુકસાન થાય છે, જે તેમની આર્થિક સ્થિતિને બગાડે છે. પરંતુ, મહાપંચાયતને વહીવટી મંજૂરી ન મળતાં ગ્રામજનો ભડકી ઉઠ્યા અને પંચાયત પૂર્વે જ બબાલ શરૂ થઈ ગઈ હોવાનું કહેવામાં આવી રહ્યું છે.સ્થાનિક આપ નેતા રાજુ કરપડાએ કહ્યું, ''આપણો વિરોધ શાંતિપૂર્વક હતો, પણ વહીવટે મંજૂરી ન આપી અને પોલીસ તૈનાત કરી હતી. કેટલાક અસામાજિક તત્વોએ આને તક બનાવીને અશાંતિ ભડકાવી હતી.'' પરંતુ, પોલીસ અનુસાર, કેટલાક લોકોએ પથ્થરમારો કર્યો, જેનાથી ઘર્ષણ વધ્યું હતું.

ઘર્ષણ દરમિયાન કેટલાક લોકોએ પોલીસ પર મોટીમાત્રામાં પથ્થરમારો કર્યો હતો. જેમાં ડીવાયએસપી મહર્ષિ રાવલને પગમાં ફ્રેક્ચર થયું અને તેમને તરત જ સારવાર માટે ખસેડવામાં આવ્યા. તે જ રીતે એલસીબી પીઆઈ એ. જી. સોલંકીને માથાના ભાગે ગંભીર ઈજા થઈ જેમાં ૭ ટાંકા લેવા પડ્યા હતા. બંને અધિકારીઓને સોનાવાલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, અને તેમની સ્થિતિ સ્થિર છે. પરિસ્થિતિ વણસતા પોલીસે ટીયરગેસના સેલ છોડવા પડ્યા જેનાથી વિસ્તારમાં ધુમ્મસ ફેલાયો હતો. આ ઉપરાંત, કેટલાક લોકોએ પોલીસની બે-ત્રણ વાહનોના કાચ તોડી નાખ્યા, જેનાથી પોલીસને વધુ ફોર્સ તૈનાત કરવી પડી હતી.પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, ''શાંતિપૂર્વક વિરોધમાં કોના ઈશારે પથ્થરમારો થયો તેની તપાસ ચાલુ છે. શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા તત્વોને ઓળખીને કડક કાર્યવાહી કરવામાં આવશે. અમે ખેડૂતોના મુદ્દાઓ સાંભળીશું, પણ હિંસાને કોઈ સ્થાન નથી.'' આ ઘટનામાં કોઈ ગ્રામજનને ગંભીર ઈજા નથી થઈ, પણ ૪-૫ લોકોને સામાન્ય ઈજાઓ થઈ છે.

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** ગં.સ્વ. શુશીલાબેન તે સ્વ. કૃષ્ણકુમાર જમનાદાસ રાયચુરા (કુમારભાઈ)ના પત્ની જીજ્ઞાબેન ભૂષણકુમાર કોટક, જલ્પાબેન પાર્થકુમાર જોષીના માતા, અમૃતલાલ કરસનજી પાવાગઢીના દીકરી, નવીનભાઈ, દિલીપભાઈ, પ્રવીણભાઈના ભાભીનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૩ ને સોમવારે સાંજે ૪ થી ૫ પિયર પક્ષની સાદડી સાથે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર કાલાવડ રોડ, નિલકંઠ હોલ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સોની જશવંતીબેન હસમુખરાય પારેખ (રીબડા વાળા) (ઉ.વ.૭૯) તે ગો.વા. હસમુખરાય દુર્લભજીભાઈ પારેખના પત્ની પ્રતિભાબેન દિપકકુમાર સ્વદાસ, રશ્મીબેન ધીરેનકુમાર આડેસરા, હીનાબેન સંજયકુમાર આડેસરા, ઉર્વીબેન પ્રતિકકુમાર કોંઢીયાના માતા, સ્વ. લીલાધરભાઈ લવજીભાઈ કાત્રોડીયા (વાંકાનેર વાળા)ના દીકરીનું તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે.


Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રાજા, સ્ત્રી અને શાસ્ત્ર કોઈના વશમાં ન હોય: મોરારિબાપુ

## રામકથા ''માનસ ગોપનાથ'' તળાજાના ગોપનાથના ટીંબે વિરામ પામી

**અબતક, રાજકોટ**

તળાજાથી ૨૦ કિલોમીટરના અંતરે આવેલું પ્રસિધ્ધ યાત્રાધામ ગોપનાથ મહાદેવ કે જ્યાં સમુદ્ર અને સાધનાનો સંગમ છે તે ભૂમિ પર પૂ. મોરારિબાપુના વ્યાસાસને તારીખ ૪ ઓક્ટોબરથી આરંભાયેલી રામકથા જેનું શીર્ષક માનસ ગોપનાથ અપાયેલું તે આજે તારીખ ૧૨ ના રોજ વિરામ પામી. આજના કથા સંવાદમાં પ્રવેશ કરતા જિજ્ઞાસુના પ્રશ્ન સંદર્ભમાં પુ.મોરારિબાપુએ કહ્યું કે જે ગઈકાલે હનુમાનજીના વિવિધ સ્વરૂપોની વાત શ્રીમદ્ ભાગવતજીના સંદર્ભમાં થઈ હતી તો તેમાં ઘણા બધાં લોકોએ વિવિધ નોંધ મોકલાવી છે. પરંતુ આ સંદર્ભ એ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં મળી આવ્યો છે. જોકે એવું કહેવાય છે કે શાસ્ત્ર અંગે આપણે કોઈ પારંગતતા અંગેનું વિધાન ન કરી શકીએ કારણકે શાસ્ત્ર પર કોઈનું આધિપત્ય થઈ ન શકે. માનસ કહે છે કે રાજા સ્ત્રી અને શાસ્ત્ર એ કોઈના વશમાં નથી. સમાજના કુલ નવ લોકો સાથે વિરોધ ન કરવો. સસ્ત્રી, મર્મી, સમર્થ, શઠ, ધની,વૈધ,ક વિ, રસોયો, વગેરે સાથે વિરોધ કે વિવાદ ન કરાય. કળિયુગમા રામ સ્મરણ સત્ય,રામ ગાવું એ પ્રેમ અને રામકથા સાંભળવી તે કરુણા છે.જો આટલુ કરીએ એટલે કલ્યાણ થાય. આસપાસના ગામજનોએ નવ દિવસ સુધી ખૂબ મોટા પ્રમાણમાં સ્વયંસેવક તરીકે અને ભોજન પ્રસાદની વ્યવસ્થામાં પોતાનું અનન્ય યોગદાન આપ્યું હતું. પણ એક વાત એ મહત્વની ગણી શકાય કે બાપુએ છેલ્લાં ચાર વર્ષ દરમિયાન તલગાજરડાના વાયુમંડળમાં વિવિધ કથાઓના આયોજન અંગેની જાહેરાતો કરી હતી. જેમ કે ૨૦૨૨ માં માનસ માં તું ભવાની ૨૦૨૩ માં માનસ ભૂતનાથ અને સને ૨૦૨૪માં કાકીડીની માનસ ત્રિભુવન રામકથાનું ગાન થયું હતું અને છેલ્લે માનસ ગોપનાથની જાહેરાત કાકીડીમાં થઈ હતી.તે કથા આજે વિરામ પામે છે.પણ સને ૨૦૨૬ની વાયુમંડળની કથાની જાહેરાત થશે તેવી લોકોને કાગડોળે પ્રતિક્ષા હતી.સંભવ છે કે બાપુ હવે પછી પણ તેની જાહેરાત કરે તેવો સંભવ!



# સિનેમાની ગતિમાં કવિતા, રંગમાં ફિલસુફી, અવાજમાં રાષ્ટ્રના હૃદયના ધબકારા: ગૌતમ અદાણી

**અબતક, રાજકોટ**

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલ ખાતે ફિલ્મ વિશે ભણતા વિદ્યાર્થીઓને ખાસ ભાષણ આપ્યું હતું. સિનેમા રાષ્ટ્ર નિર્માણનો આત્મા ગણાવતા તેમણે ઉદ્યોગના અગ્રણીઓને ચેતવણી આપતા જણાવ્યું કે કોઈપણ કથાવસ્તુ ભલે તે કલા, મીડિયા કે બજારોમાં હોય પણ તે ભાગ્યને બદલવાની શક્તિ ધરાવે છે. ''જીના યહાં, મરના યહાં: રાષ્ટ્ર નિર્માણનો સિનેમેટિક આત્મા'' શીર્ષક ધરાવતા મુખ્ય ભાષણમાં તેમણે જણાવ્યું કે ''સિનેમાની ગતિમાં કવિતા, રંગમાં ફિલસૂફી અને અવાજમાં રાષ્ટ્રના હૃદયના ધબકારા છે.'' અદાણીએ ફિલ્મોને સમાજની સામૂહિક સ્મૃતિ, સંસ્કૃતિઓ વચ્ચે પુલ ગણાવી સોફ્ટ પાવરના શક્તિશાળી સ્વરૂપ તરીકે વર્ણવી હતી.મુંબઈની ફિલ્મ સિટીમાં ૨૦ એકરના કેમ્પસમાં ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈ દ્વારા ૨૦૦૬માં સ્થાપિત, વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલ ભારતની અગ્રણી ફિલ્મ સંદેશાવ્યવહાર અને સર્જનાત્મક કળા સંસ્થાઓમાંની એક છે. તે ફિલ્મ નિર્માણ, અભિનય, એનિમેશન, ફેશન, સંગીત અને મીડિયા મેનેજમેન્ટના કાર્યક્રમો ચલાવતી વિશ્વની ટોચની ફિલ્મ શાળાઓમાંની એક છે. અદાણીનું સૌથી તીક્ષ્ણ આકર્ષણ વ્હિસલિંગ વુડ્સના વિદ્યાર્થીઓ પર નિર્દેશિત હતું. તેમણે વિદેશી દ્રષ્ટિકોણને વિશ્વ માટે ભારતીય વાર્તાઓને વ્યાખ્યાયિત કરવા સામે ચેતવણી આપી, સ્લમડોગ મિલિયોનેરને ગરીબીને કેવી રીતે તમાશા તરીકે પેક કરવામાં આવી હતી તેનું ઉદાહરણ ટાંકીને તેમણે જણાવ્યું કે ''ભારતને તેનો અવાજ પાછો આપો, તેના ગીતો પાછા આપો, તેની વાર્તાઓ પાછા આપો.



# સારસ્વત બ્રાહ્મણ મહાપરિષદના પ્રમુખ પદે રાજકોટના અલ્પેશભાઈ જોષીની વરણી



**અબતક,જામનગર**

જામનગર મુકામે જામનગર જ્ઞાતિ ના પ્રમુખ બળવંત ભાઈ પસાના અધ્યક્ષ સ્થાને સમગ્ર ગુજરાત ના પ્રમુખો મંત્રી તથા કારોબારી સમિતિ ની દ્વિતીય મોટી બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું તમામ મહાસ્થાન એક થઈ મોટું ફેડરેશન બનાવે અને સમાજ ના તમામ લોકો સુધી પહોંચી શકે એ હેતુ પૂર્ણ કરવા *સારસ્વત બ્રાહ્મણ મહાપરીષદ ગુજરાતની સ્થાપના કરવામાં આવી હતી.

ચેરિટી કચેરી મા કાયદેસર નોંધણી કરી અને સમાજ ના તમામ લોકોને હરેક પ્રકારની મદદ મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું અને કમિટી ની રચના કરવામાં આવી જેમાં અલ્પેશ ભાઈ જોષી (રાજકોટ) ની પ્રમુખ પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી આ ઉપરાંત ઉપપ્રમુખ પદે જતીનભાઈ બોડા (ભાવનગર), અને પોરબંદરના મુકેશભાઈ લહેરૂ સહિત મંત્રી, નાણામંત્રી, સભ્યોની વરણી કરવામાં આવી હતી.

# જૈન શાસ્ત્રો જીવનની જડીબટ્ટી સમાન છે: ધીરગુરૂદેવ

## ધર્મનાથ સ્થાનકવાસી જૈન સંઘ ખાતેઆગમ રિયાલીટી શો હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન

**અબતક, રાજકોટ**

ધર્મનાથ સ્થાનકવાસી જૈન સંઘ ખાતે ધીરગુરુદેવની નિશ્રામાં આગમ યાત્રા પૂર્ણ થયા બાદ આગમ રિયાલીટી શોનું સંચાલન પૂજાબેન શેઠે કરીને સહુને અભિભૂત કર્યા હતા. ગુરુદેવે જણાવેલ કે જૈન શાસ્ત્ર જીવનની જડીબુટ્ટી સમાન છે.



શાસ્ત્ર વાંચન જીવનનો શણગાર છે. જો કે યથાર્થ સમજણ અને ગુરુગમ વિના વંચાતા શાસ્ત્ર ક્યારેક શસ્ત્ર પણ બની શકે, અશાંતિ અને અસમાધિનું કારણ બની શકે. શાસ્ત્રના શબ્દો કરતા તેના ભાવને સમજાવનાર સાચા આત્માર્થી મળવા દુર્લભ છે. મહિલા મંડળના બહેનોએ ૩૨ આગમનો પરિચય કરાવ્યો પૂ. બીનાજી મ.સ. આ આગમ રિયાલીટી શો માટે જહેમત ઉઠાવી હતી.

સુરત વેસુ સંઘના મહેન્દ્ર પારેખ, ભરત ગાંધી, શરદ મહેતા, જીતેન્દ્ર પટેલ વગેરેએ આગામી ચાતુર્માસની વિનંતી કરતા ઉત્સાહી પૂ. જયોતિબાઈ મ.સ., કલ્પીતાજી મ.સ. ની સ્વીકૃતિ પ્રદાન કરતા જયનાદ કરાયો હતો. અંધેરી લોખંડવાલા સંઘ, હિંગવાલા, ઘાટકોપર સંઘનું અભિવાદન કરવામાં આવેલ. શનિ- રવિ - સોમવાર પ્રભુ મહાવીરની અંતિમ દેશના પ્રવચન શ્રેણી યોજાશે.

# ૧૨ જૈનશાળાના ૧૨૫ બાળકોને ફટાકડા ન ફોડવાના પચ્ચખાણ લેવડાવી કરાયું બહુમાન

**અબતક, રાજકોટ**



સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળના આદ્યસ્થાપક સ્વ. મુળુભાઈ દોમડીયાને વંદન કરી જણાવવાનું કે સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળ દ્વારા રાજકોટની ૧૨ જૈન શાળાઓમાં ૧૨૫ બાળકોને ફટાકડા ફોડવાનાં મહાસતીજી પાસે પચ્ચખાણ લેવડાવી રૂપિયા ૧૫૦ અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ તેમજ બાળકોને સમજાવવામાં આવેલ કે ફટાકડા ફોડવાથી પાપ લાગે છે છકાય જીવની હીંસા થાય છે આ અનુસંધાને આગળ જણાવતા ફટાકડા ફોડતા ગૌમાતા ફફડે છે શ્વાન ડરી જાય છે કીડી મકોડા વગેરેની હીંસા થાય છે,કબૂતર હોલા કાગડા વગેરે ડરથી અહીંયા ત્યાં ભાગી જાય છે મોટી ઉંમરના તથા બીમાર વ્યકિતઓને ધ્રાસ્કો પડે છે આનો આશય માત્ર ને માત્ર ઘડી બે ઘડીના આનંદ માટે જાણતા અજાણતા બીજાને નુકશાન પહોંચાડવાનો કે પછી હીંસા પહોંચાડવાનો એવો થાય છે. સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે રમેશભાઈ દોમડીયા નિશાંતભાઈ દોમડીયા વગેરે એ જહેમત ઉઠાવેલ.

# સૌરાષ્ટ્ર ઝોન ભાજપ મહિલા કાર્યકર્તાઓની આત્મનિર્ભર અંતર્ગત કાર્યશાળા યોજાઈ

## આત્મનિર્ભર ભારતના સ્વપનને પુરૂ કરવા માટે દેશની મહિલાઓ અગત્યનો ફાળો આપી શકે છે: પ્રદેશ ભાજપ મહિલા અધ્યક્ષ ડો. દિપીકાબેન સરડવા

**અબતક, રાજકોટ**

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સામાજીક ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની જરૂરિયાત પર સતત ભાર આપી રહ્યા છે. દેશભરમાં વિવિધ પાસાઓમાં આત્મનિર્ભરતા માટે તેમના આહ્વાનની નોંધ લેવાઈ રહી છે. દેશમાં પ્રચલિત થઈ રહેલ વિવાહ સ્થળોને વધુ લોકપ્રિય બનાવવા, પર્યટન સ્થળોના પ્રવાસો થાય અને 'ગો વોકલ ફોર વોકલ'' ના આહ્વાન અંગેના વડાપ્રધાનના સતત પ્રયાસો દેશભરમાં ગુંજી રહ્યા છે. નીતિઅને આર્થિક ક્ષેત્ર અંગેની વિવિધ ચર્ચાઓમાં આત્મનિર્ભરતા એ મુખ્ય વિષય રહ્યો છે. માન. રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કાર્યાલય, દિલ્હી યોજાયેલ બેઠકમાં નિશ્ચિત કરવામાં આવ્યું છે કે ''આત્મનિર્ભર ભારત સંકલ્પ



અભિયાન'' માધ્યમથી દેશના દરેક નાગરિક સુધી આત્મનિર્ભરતાનો સંદેશો પહોંચાડવો અને તેઓને સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરવા અને સ્વદેશી જીવન મૂલ્યો અપનાવવાની પ્રતિજ્ઞા લેવા માટે પ્રેરિત કરવા ગુજરાતમાં ભાજપ પ્રદેશના નવનિયુકત અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજીની સુચનાથી ગુજરાતના દરેક શહેરમાં ''આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન''ની શરૂઆત કરવામાં આવી છે. ''આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન''ને પોત્સાહન આપવા પ્રદેશ ભાજપ મહિલા અધ્યક્ષ ડો. દિપીકાબેન સરડવાની સુચનાથી સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનની બેઠક રાજકોટ શહેર કમલમ કાર્યાલય ખાતે યોજવામાં આવી હતી.

આ કાર્યશાળામાં પ્રદેશ અધ્યક્ષા ડો દિપીકાબેન સરડવા, પ્રદેશ ઉપાધ્યક્ષ અર્ચનાબેન ઠાકર, પ્રદેશ ઉપાધ્યક્ષ અને રાજકોટ મહાનગર મહિલા મોરચાના પ્રભારી ડો ઉર્વશીબેન પંડ્યા, પ્રદેશ મંત્રી બીનાબેન આચાર્ય,રાજકોટ વિધાનસભા ૬૯ ના ધારાસભ્ય ડો દર્શિતાબેન શાહ, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા,જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# યુવા એડવોકેટ વૈભવ કુંડલીયાનો જન્મ દિવસ



રાજકોટના યુવા એડવોકેટ તેમજ યુવા લોહાણા સમાજના અગ્રણી વૈભવ કુંડલીયાનો આજે જન્મ દિવસ છે. એડવોકેટ વૈભવ કુંડલીયા છેલ્લા ૮ વર્ષથી રાજકોટ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ તથા સીવીલ કોર્ટ ખાતે સીનીયર ધારાશાસ્ત્રી રાકેશભાઈ દોશી સાથે પ્રેક્ટિસ કરે છે. એડવોકેટ વૈભવ કુંડલીયાએ તાજેતરમાં દાણાપીઠમાં વેપારીઓને વકફ બોર્ડના નામની આડમાં દુકાન બળજબરીથી ખાલી કરાવવાના પ્રયાસોને નિષ્ફળ બનાવી કબજો પરત અપાવ્યો હતો. તેમજ સ્વતંત્ર રીતે બચાવ પક્ષે ઘણા ફોજદારી, નેગોશીએબલ, એન.ડી.પી.એસ. તેમજ સીવીલ કેસોમાં પોતાનું સ્વતંત્ર પ્રતિનિધિત્વ કરી પોતાના અસીલોને ન્યાય અપાવ્યો છે. જન્મદિન નિમિતે તેમના મો.નં. ૭૬૦૦૨૭૨૦૭૨ ઉપર વકીલ મિત્રો, કુટુંબીજનો અને સમાજના આગેવાનો શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# પ્રદેશ ભાજપ અધ્યક્ષ વિશ્વકર્માના રાજકોટ પ્રવાસની તૈયારીરૂપે એન.જી.ઓ., સંસ્થાઓ સાથે બેઠક યોજાઈ

## ડો.પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ઉપસ્થિત રહયા

**અબતક,રાજકોટ**

ગુજરાત રાજય ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માજીની પ્રદેશ ભાજપના અધ્યક્ષ તરીકે વરણી થતાં આગામી રાજકોટ શહેરના પ્રવાસે તા. ૧૫-૧૦-૨૦૨૫ બુધવારના રોજ રાજકોટ શહેરના એન.જી.ઓ., વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, સમાજ આગેવાનોની મુલાકાત પણ કરવાના હોય તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત અને અભિવાદન થાય તે માટે રાજકોટ શહેર એન.જી.ઓ., વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, સમાજ આગેવાનો સાથે બેઠક



યોજવામાં આવી હતી, આ તકે પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, સૌરાષ્ટ્ર ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી, શહેરના વિવિધ સંસ્થા સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

આ તકે ઉપસ્થિત સર્વે એનજીઓ, સંસ્થા, સમાજના આગેવનોએ એક સૂરે જણાવ્યું હતું કે, અમારી સંસ્થા તથા સમાજ હંમેશા ભારતીય જનતા પાર્ટી અને તેની વિચારધારા સાથે પેઢી દર પેઢીથી જોડાયેલો છે અને હંમેશા જોડાયેલો રહેશે. ભારતીય જનતા પાર્ટીના નવનિયુકત પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા જયારે રાજકોટના આંગણે સર્વપ્રથમ વખત પધારી રહયા છે ત્યારે તેમનું સ્વાગત અને અભિવાદન સમગ્ર ગુજરાતમાં કયારેય ન થયું હોય તેવું ન ભુતો ન ભવિષ્યય તે ભવ્ય અને જાજરમાન રીતે કરવામાં આવશે અને અમો સૌ બહોળી અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આનંદ અને ઉત્સાહ અને ઉમળકાભેર આવકાર આપીશું. આ કાર્યક્રમ માટે સમગ્ર શહેરના અલગ અલગ વિસ્તારવાઈઝ વિવિધ આગેવાનોની કમીટી બનાવી તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ બેઠકનું સંકલન પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, કિરીટભાઈ પાઠક, પુજાબેન પટેલ, શૈલેષભાઈ જાની, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડએ કરેલ હતું.

## સૌરાષ્ટ્ર એસ.પી.જી. ગ્રુપના

# નૈમિષ પરસાણા 'આપ'માં જોડાતા રાજકારણમાં ખળભળાટ: હરીફોની ઉંઘ હરામ

## પહેલો ઘા... મનપાની ચૂંટણી પૂર્વે જ આપની રણનીતીથી વિરોધીઓમાં હલચલ

**અબતક**
**રાજુ રામોલિયા, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી પહેલાં રાજકોટના રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે. સૌરાષ્ટ્ર એસ.પી.જી. ગ્રુપના ઉપાધ્યક્ષ અને શહેરના પ્રતિષ્ઠિત યુવા નેતા નૈમિષ પરસાણાએ વિસાવદરના ધારાસભ્ય અને આમ આદમી પાર્ટી (અઅક)ના દિગ્ગજ નેતા ગોપાલ ઈટાલિયાની હાજરીમાં 'આપ'નો ખેસ ધારણ કરી લીધો છે. રાજકોટ સ્થિત 'આપ'ની જનસભામાં થયેલા આ જોડાણથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે અને નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે.

યુવા અને સંગઠન ક્ષેત્રે મજબૂત પકડ ધરાવતા નૈમિષ પરસાણાનું વ્યક્તિત્વ રાજકોટમાં જાણીતું છે. તેઓ ખાસ કરીને મોટા મવા, વોર્ડ નંબર ૧૧ વિસ્તારમાં સારું એવું પ્રતિનિધિત્વ ધરાવે છે અને સ્થાનિક સ્તરે તેમની લોકપ્રિયતા નોંધપાત્ર છે. આ જોડાણ પાછળ 'આપ'ની વ્યૂહરચના સ્પષ્ટ દેખાઈ રહી છે કે તેઓ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ગઢમાં ગાબડું પાડવા કટિબધ્ધ છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નૈમિષ પરસાણાના સમર્થકોનો એક મોટો વર્ગ પણ તેમની સાથે 'આપ'માં જોડાયો છે. આ જોડાણથી માત્ર વોર્ડ નંબર ૧૧ જ નહીં, પણ આસપાસના વિસ્તારોમાં પણ 'આપ'ની સ્થિતિ મજબૂત બની છે. નૈમિષ પરસાણા યુવાનોમાં લોકપ્રિય હોવાથી,



'આપ'ને યુવા મતદારોને આકર્ષવામાં મોટો ફાયદો મળી શકે છે. ગોપાલ ઈટાલિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ''નૈમિષભાઈ જેવા સક્ષમ અને લોકપ્રિય યુવા નેતાના જોડાવાથી રાજકોટમાં 'આપ'ની તાકાત બેવડાઈ છે.

આ અસરને નિષ્ક્રિય કરવા માટે તાત્કાલિક બેઠકોનો દોર શરૂ કર્યો છે. ભાજપને ડર છે કે જો નૈમિષ પરસાણા વોર્ડ ૧૧માંથી 'આપ'ના ઉમેદવાર બને તો પરંપરાગત વોટ બેંકમાં મોટું ધોવાણ થઈ શકે છે. ભાજપના એક સ્થાનિક નેતાએ નામ ન આપવાની શરતે સ્વીકાર્યું કે, ''આ જોડાણ અમારા માટે ચોક્કસપણે એક મોટો પડકાર છે. પરસાણાની લોકચાહનાને અવગણી શકાય નહીં. અમારે અમારી રણનીતિ પર ફરીથી વિચાર કરવો પડશે.''

'આપ' દ્વારા આયાતી નેતાઓને મહત્ત્વ આપવાની નીતિની ટીકા થઈ રહી હોવા છતાં, નૈમિષ પરસાણાનું જોડાણ પાર્ટીને મજબૂત જમીન પૂરી પાડી રહ્યું છે. નૈમિષ પરસાણાએ પોતાના જોડાણ બાદ જણાવ્યું હતું કે, ''અરવિંદ કેજરીવાલની રાજનીતિથી પ્રભાવિત થઈને હું 'આપ'માં જોડાયો છું. રાજકોટની જનતા હવે પરિવર્તન ઈચ્છે છે અને હું તેમની અપેક્ષાઓ પર ખરો ઉતરવાનો પૂરો પ્રયાસ કરીશ. ભ્રષ્ટાચાર મુક્ત શાસન જ મારો મુખ્ય ધ્યેય છે.''

સમગ્ર મામલો જોતાં, રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં હવે રસાકસી વધવાની પૂરી સંભાવના છે. નૈમિષ પરસાણાના જોડાણથી 'આપ'ને સંગઠનાત્મક અને જનસમર્થનના સ્તરે જે બળ મળ્યું છે, તેનાથી વિરોધીઓ માટે આ ચૂંટણી જીતવી હવે વધુ મુશ્કેલ બની ગઈ છે. રાજકીય વિશ્લેષકો માને છે કે આ એક 'ટર્નિંગ પોઈન્ટ' સાબિત થઈ શકે છે, જે રાજકોટના રાજકારણની દિશા બદલી નાખશે.

# ત્રંબા કસ્તુરબા ધામ ખાતે જેનરીક દવા જનજાગૃતિ અભિયાન અંતર્ગત ચેકઅપ કેમ્પ યોજાયો

**અબતક, રાજકોટ**

પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન તથા કસ્તુરબા ધામ ત્રંબા ખાતે આવેલા પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં ડાયાબિટીસ બીપી અને બીએમઆઈ ચેકઅપ કરવામાં આવ્યું.

ડાયાબિટીસ બીપી હૃદય રોગ કેન્સર થાઈરોઈડ સાંધા સ્નાયુના દુખાવા વગેરેથી પીડાતા દર્દીઓને અમુક જગ્યાએ જેનરીક દવાઓ અને અન્ય કંપનીના લોગા વાળી દવાઓ વચ્ચે કન્ફ્યુઝન હોય છે તો આ બાબતે જેનરીક દવાઓ શું છે જેનેરિક દવાઓ અને સ્ટાન્ડર્ડ કહેવાતી દવાઓ વચ્ચે શું ફેર હોય છે એ બધી બાબતો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી.

ભારત સરકાર દ્વારા દવાઓ કંપની સ્થાપવા માટેના સ્ટાન્ડર્ડ બધા માટે એક સરખા લાગુ કરવામાં આવેલ છે જે કંપનીઓ જેનેરિક દવાઓ બનાવે છે એ જ કંપનીઓમાં પણ સ્ટાન્ડર્ડ દવાઓ પણ બનતી હોય છે એટલે જેનરીક દવાઓ પણ એટલી જ સુરક્ષિત અને ઉત્તમ હોય છે જેથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધી પરિયોજના અંતર્ગત પીએમ બીજે કે સ્ટોર ચાલુ કરવામાં આવ્યા છે જ્યાં સરકાર માન્ય જેનેરિક દવાઓ હવે આ પ્રકારના મેડિકલ સ્ટોર કસ્તુરબા ધામ ત્રંબા ખાતે પણ કાર્યરત કરવામાં આવ્યો છે.

પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન અને પીએમ બીજે કે કસ્તુરબા ધામના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ત્રંબા ગામના રહેવાસીઓ એ ખૂબ મોંઘેર હાજરી આપી અને હેલ્થ ચેકપ માં સહયોગ આપ્યો હતો.

# શિસ્તના અભાવે ટિમ મહિલા વર્લ્ડકપની બહાર ફેંકાઈ જશે?



**અબતક, નવી દિલ્હી**

મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ ની ૧૩મી મેચમાં ભારતીય ટીમને ઑસ્ટ્રેલિયા સામે ૩ વિકેટથી પરાજય મળ્યો છે. ભારતે પ્રથમ બેટિંગ કરતાં ૩૩૦ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હોવા છતાં, ઑસ્ટ્રેલિયાએ ૬ બોલ બાકી રહેતાં જ આ લક્ષ્ય હાંસલ કરી લીધું. ભારતે છેલ્લા ૩૬ રનમાં જ છ વિકેટો ગુમાવી દીધી અને બાદમાં બોલિંગમાં પણ નિરાશાજનક પ્રદશન કરતા હવે પ્રશ્ન ઉભો થાય છે કે,શિસ્તના અભાવે ટિમ મહિલા વર્લ્ડકપની બહાર ફેંકાઈ જશે?

આ જીત સાથે ઑસ્ટ્રેલિયાએ મહિલા ઓડીઆઈ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી સફળ રન ચેઝ નો નવો રેકોર્ડ બનાવ્યો છે. ઑસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલીએ (મિશેલ સ્ટાર્કની પત્ની) ૧૪૨ રનની યાદગાર સદી ફટકારીને ભારતની જીતની આશા તોડી નાખી. સ્મૃતિ મંધાનાના ૮૦ રન અને પ્રતિકા રાવલના ૭૬ રનના પ્રદર્શન છતાં, ભારતની આ સતત બીજી હાર છે, જેના કારણે સેમિફાઈનલમાં પહોંચવાનો રસ્તો મુશ્કેલ બન્યો છે.

## ઓસ્ટ્રેલિયાએ મહિલા વનડે ઈતિહાસનો હાઈએસ્ટ ટાર્ગેટ ચેઝ કર્યો

ઓસ્ટ્રેલિયાએ વુમન્સ વન-ડે ઈતિહાસનો સૌથી મોટો લક્ષ્યાંક ચેઝ કર્યો. ટીમે શ્રીલંકાનો રેકોર્ડ તોડ્યો, જેણે ૨૦૨૪માં સાઉથ આફ્રિકા સામે ૩૦૫ રન બનાવ્યા હતા. આ ભારત સામે કોઈપણ ટીમ દ્વારા કરવામાં આવેલો સૌથી મોટો રન ચેઝ પણ રહ્યો છે.

મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫ માં ભારતીય ટીમ માટે આ સપ્તાહ નિરાશાજનક રહ્યું છે. દક્ષિણ આફ્રિકા સામેની રોમાંચક હાર બાદ, હવે તેમને ઑસ્ટ્રેલિયા સામે પણ ૩ વિકેટથી પરાજયનો સામનો કરવો પડ્યો છે. આ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાનો આ સતત બીજો પરાજય છે.

વર્લ્ડ કપની આ મેચમાં, ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરીને ૩૩૦ રનનો મોટો સ્કોર ઊભો કર્યો હતો, જે સામાન્ય રીતે વન-ડે ફોર્મેટમાં જીત માટે પૂરતો ગણાય છે.

ભારત તરફથી સ્મૃતિ મંધાનાએ ૮૦ રન અને પ્રતિકા રાવલે ૭૬ રનની મજબૂત અર્ધસદી ફટકારી હતી. જોકે, ટીમ ઈન્ડિયાના બેટ્સમેનો વધુ મોટો સ્કોર બનાવી શક્યા હોત, પરંતુ તેમણે પોતાની છેલ્લી ૬ વિકેટો માત્ર ૩૬ રનમાં ગુમાવી દીધી હતી, જે કદાચ મેચનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો.

આ ઐતિહાસિક જીતનું મુખ્ય શ્રેય ઑસ્ટ્રેલિયન કેપ્ટન અને ઝડપી બોલર મિશેલ સ્ટાર્કની પત્ની એલિસા હીલીને જાય છે.

હીલીએ ૧૪૨ રનની વિસ્ફોટક અને યાદગાર ઈનિંગ રમીને ભારતીય બોલરોને કોઈ તક આપી નહોતી, જેના કારણે ભારતની જીત આંચકાઈ ગઈ.ભારતે અત્યાર સુધી વર્લ્ડ કપમાં ૨ મેચ જીતી છે અને હવે ૨ મેચ હારી ગયું છે. આ સતત હારને કારણે મહિલા વર્લ્ડ કપ સેમિફાઈનલમાં પહોંચવાનો ટીમ ઈન્ડિયાનો માર્ગ હવે મુશ્કેલ બની ગયો છે અને આગામી મેચોમાં વિજય મેળવવો અત્યંત જરૂરી છે.

## મંધાનાની વન-ડેમાં ઝડપી ૫૦૦૦ રનની સિદ્ધિ

ભારતની સ્ટાર બેટર સ્મૃતિ મંધાનાએ ઓસ્ટ્રેલિયા સામેની વિમેન્સ વર્લ્ડ કપ વન-ડેમાં ૮૦ રનની ઈનિંગ્સ રમી હતી. ૨૯ વર્ષીય મંધાનાએ આ સાથે જ મહિલા વન-ડેમાં ઝડપી ૫૦૦૦ રન કરનાર ખેલાડીની સાથે સૌથી યુવા બેટર બનવાની બેવડી સિદ્ધિ હાંસલ કરી હતી. મંધાનાએ ૧૧૨ ઈનિંગ્સમાં ૫૦૦૦ રનનો માઈલસ્ટોન પાર કર્યો છે.




**બેટીંગ-બોલીંગમાં અશિસ્તના કારણે ૩૩૦ રન બનાવીને પણ ભારતની હાર,એલિસા હીલીની ધમાકેદાર સદીએ ભારતની જીત છીનવી લીધી**

# બીજી ટેસ્ટમાં વિન્ડિઝની પૂછડિયા બેટ્સમેનોની પણ વળતી લડત, ભારતને ફરી બેટીંગ કરવું પડશે

**પેટા: કેમ્પબેલ અને હોપની જવાબદારી ભરી ઈનિંગથી વિન્ડીઝની લીડ ૧૦૦ને પાર પહોંચી: કેમ્પબેલે ૫૦ ઈનિંગમાં પ્રથમ સદી ફટકારી, કુલદીપ યાદવને ત્રણ, બુમરાહ-સિરાઝને બે-બે અને જાડેજા-સુંદરને એક-એક વિકેટ મળી**

**અબતક, નવી દિલ્હી**

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ટેસ્ટ મેચ દિલ્હીમાં રમાઈ રહી છે. આજે મેચનો ચોથો દિવસ છે. ફોલોઓન થયા પછી વેસ્ટ ઈન્ડીઝે ભારત પર લીડ મેળવી છે.

હાલમાં વેસ્ટ ઈન્ડિઝ તરફથી બીજી ઈનિંગમાં જસ્ટિન ગ્રીવ્સ અને જેડન સિલ્સ ક્રિઝ પર છે. બન્નેએ ૧૦મી વિકેટ માટે ૫૦ રનની પાર્ટનરશિપ કરી છે.

જસપ્રીત બુમરાહે જોમેલ વોરિકન અને એન્ડરસન ફિલિપને આઉટ કર્યો. કુલદીપ યાદવે વિકેટકીપર ટેવિન ઈમલાક (૧૨ રન), કેપ્ટન રોસ્ટન ચેઝ (૪૦ રન) અને ખૈરી પિયરી (૦)ને આઉટ કર્યો.



શાઈ હોપે કરિયરની ત્રીજી સદી ફટકારી છે. તેણે ટેસ્ટમાં આઠ વર્ષે સેન્ચુરી ફટકારી. તેણે છેલ્લે ટેસ્ટમાં ઑગસ્ટ ૨૦૧૭માં સદી ફટકારી હતી. હોપે ૧૦૩ રન બનાવીને આઉટ થયો. તેને સિરાજે બોલ્ડ કર્યો.

જોન કેમ્પબેલ ૧૧૫ રન બનાવીને આઉટ થયો. તેને રવીન્દ્ર જાડેજાએ એલબીડબ્લ્યુ આઉટ કર્યો. જાડેજાએ ૧૭૭ રનની ભાગીદારીને તોડી.ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ટેસ્ટ મેચ દિલ્હીમાં રમાઈ રહી છે.ઓપનર જ્હોન કેમ્પબેલ અને અનુભવી શાઈ હોપે મળીને વળતી લડત આપતાં પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝે અપેક્ષા કરતાં વિરુદ્ધ રમત દાખવીને અહીં રમાતી બીજી ક્રિકેટ ટેસ્ટ ચોથા દિવસ પર લઈ જવામાં સફળતા હાંસલ કરી છે કેમ કે ભારત સામે ફોલોઓન થયા બાદ વેસ્ટ ઈન્ડિઝે આ બંનેની મજબૂત અને મક્કમ બેટિંગની મદદથી બીજી ઈનિંગ્સમાં વળતો પ્રતિકાર કર્યો હતો.

# ઘાના ૨૦૨૬ના ફુટબોલ વર્લ્ડ કપમાં ક્વોલિફાય, કોમોરોસને ૧-૦થી હરાવ્યું

**અબતક, નવી દિલ્હી**

ઘાનાની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમે ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કરી લીધું છે, જે અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં યોજાનાર છે. આ સફળતા અક્રામાં રમાયેલી એક રોમાંચક મેચમાં મળી, જ્યાં ઘાનાએ કોમોરોસને ૧-૦થી હરાવ્યું. આ મેચનો નિર્ણાયક ગોલ ઘાનાના સ્ટાર ખેલાડી મોહમ્મદ કુદુસે ફટકાર્યો, જેણે ચાહકોમાં ઉત્સાહનું મોજું ફેલાવી દીધું.

અક્રાના રમતગમત સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ઘાનાની ટીમે શરૂઆતથી જ આક્રમક રમત દાખવી. કોમોરોસની ટીમે પણ શાનદાર પ્રદર્શન કર્યું, પરંતુ ઘાનાની રક્ષણાત્મક રણનીતિ અને કુદુસની શાનદાર ફોર્મ જાળવી રાખ્યું. પ્રથમ હાફ ગોલ વગરનો રહ્યો, પરંતુ બીજા હાફમાં કુદુસે એક શાનદાર ગોલ કરીને ઘાનાને લીડ અપાવી. આ ગોલે મેચનું ચિત્ર બદલી નાખ્યું, અને ઘાનાએ આ લીડને અંત સુધી જાળવી રાખી.

મોહમ્મદ કુદુસ, જે હાલમાં ઈંગ્લિશ પ્રીમિયર લીગની ક્લબ વેસ્ટ હેમ યુનાઈટેડ માટે રમે છે, તે ઘાનાની ટીમનો મુખ્ય આધારસ્તંભ બની ગયો છે. તેની ઝડપ, ચપળતા અને ગોલ કરવાની ક્ષમતાએ આ મેચમાં નિર્ણાયક ભૂમિકા ભજવી. ચાહકો અને વિશ્લેષકો દ્વારા કુદુસની રમતની ખૂબ પ્રશંસા કરવામાં આવી રહી છે, અને તેને ઘાનાના વર્લ્ડ કપ અભિયાનનો હીરો ગણાવવામાં આવી રહ્યો છે.

આ જીત સાથે ઘાનાએ આફ્રિકન ક્વોલિફાયર્સમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. ઘાના અગાઉ ૨૦૦૬, ૨૦૧૦ અને ૨૦૧૪માં વર્લ્ડ કપમાં ભાગ લઈ ચૂક્યું છે, જેમાં ૨૦૧૦માં ક્વાર્ટર ફાઈનલ સુધીની સફર ખાસ યાદગાર રહી હતી. આ વખતે ટીમ ૨૦૨૬ના વર્લ્ડ કપમાં મજબૂત દાવેદાર તરીકે ઉભરવા માગે છે.




# રૂ. ૫૦ લાખ કરોડ ખર્ચીને ટ્રમ્પ ગોલ્ડન ડોમ બનાવવા તત્પર : એકીસાથે ૧૦૦૦ મિસાઈલાસને હવામાં જ ખાત્મો બોલાવી દેવા સજ્જ

## અમેરિકન સિસ્ટમ હજી એક વિચારણામાં બેઈજિંગે વિશ્વવ્યાપી પહોંચ સાથે પોતાની પ્રથમ મિસાઈલ સંરક્ષણ પ્રણાલી વિકસાવી અને તૈનાત કરી

અબતક, દિલ્હી

બેઈજિંગનો કહેવા અનુસાર તેણે વિશ્વવ્યાપી પહોંચ સાથે પોતાની પ્રથમ મિસાઈલ સંરક્ષણ પ્રણાલી વિકસાવી અને તૈનાત કરી છે, જ્યારે ટ્રમ્પનો મહત્વાકાંક્ષી ગોલ્ડન ડોમ પ્રોજેક્ટ હજી પણ માત્ર કાગળ પર છે,




ટ્રમ્પે ૫૦ લાખ કરોડના સંરક્ષણ કવચનું સ્વપન જોયું અને ચીને તે સાકાર કરી બતાવ્યું છે. મે મહિનામાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૫.૫ લાખ કરોડની ''ગોલ્ડન ડોમ'' નામની મિસાઈલ સંરક્ષણ પ્રણાલીની જાહેરાત કરી હતી, જે આખા ઉ.અમેરિકાને સંભવિત ચીની અને રશિયન મિસાઈલ હુમલાઓથી બચાવશે. જ્યારે અમેરિકન સિસ્ટમ હજી એક વિચારણામાં છે,તેણે એક સમાન સિસ્ટમ વિકસાવી અને તૈનાત કરી છે જે વિશ્વમાં ગમે ત્યાંથી ચીન પર છોડવામાં આવેલી ૧,૦૦૦ જેટલી મિસાઈલોને એક સાથે ટ્રેક કરી શકે છે અને તેનો હવામાં જ ખાતમો કરી શકે છે.



જેને ડિસ્ટ્રિબ્યુટેડ અર્લી વોર્નિંગ ડિટેક્શન બિગ ડેટા પ્લેટફોર્મ કહેવાય છે, તેની ડિઝાઈન અને વિકાસ ચીનની સૌથી મોટી સંરક્ષણ ઈલેક્ટ્રોનિક સંશોધન લેબ દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને પીપલ્સ લિબરેશન આર્મી દ્વારા પરીક્ષણ અને તૈનાત કરવામાં આવ્યું.

સંશોધકોના મતે, ડેટા પ્રોસેસિંગ ટેકનોલોજીમાં એક મોટી સફળતાને કારણે આ વિશ્વવ્યાપી જોખમ વ્યવસ્થાપન પ્રણાલીનું નિર્માણ થયું, જે યુએસ અત્યાર સુધી વિકસાવી શક્યું નથી.અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત યુએસ સિસ્ટમથી વિપરીત, ચીનનું પ્લેટફોર્મ જૂની સિસ્ટમોને બદલવાની જરૂર વગર વિવિધ ક્ષેત્રોના ડેટાને એકીસાથે ભેગું કરે છે.

### યુએસ કેમ પાછળ છે?

પેન્ટાગોને ડેટા-ફ્લો મેનેજમેન્ટને ગોલ્ડન ડોમ પ્રોજેક્ટ સામેના મુખ્ય પડકાર તરીકે ઓળખાવ્યો છે, જેણે અત્યાર સુધી કોઈપણ તકનીકી માળખાના વિકાસને અટકાવ્યો છે. ટ્રમ્પનો પ્રસ્તાવ ૧૯૮૦ના દાયકામાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગનની સ્ટ્રેટેજિક ડિફેન્સ ઈનિશિયેટિવ પછીનો સૌથી મહત્વાકાંક્ષી પ્રસ્તાવ છે. જઉઈ કાર્યક્રમ જેને મજાકમાં 'સ્ટાર વોર્સ' કહેવામાં આવતું હતું , તેની તકનીકી સંભવિતતા પર તીવ્ર ચર્ચા જગાવી હતી પરંતુ તે છેલ્લે સાકર થયું નહીં. નિષ્ણાતો એવું કહે છે કે ડોમના અમલીકરણની વ્યવહારિકતા અંગે ચિંતાઓ વ્યક્ત કરી છે, જેમાં બહુવિધ સિસ્ટમોને એક સાથે એકીકૃત કરવાની જરૂર છે. તે દરેક પગલાના પોતાના જોખમો, ખર્ચ અને સમયપત્રક છે, અને ઝડપથી કામ કરવાથી વધુ ખર્ચ અને જોખમ વધશે. તમે કદાચ એવી કોઈ વસ્તુ બનાવશો જેનું સંપૂર્ણ મૂલ્યાંકન નહીં થયું હોય. રસ્તામાં નિષ્ફળતાઓ આવશે, અને તમે જે બનાવશો તેમાં મોટા ફેરફારોની જરૂર પડી શકે છે.

યુએસ કોંગ્રેશનલ બજેટ ઓફિસ દ્વારા કરવામાં આવેલા એક સ્વતંત્ર મૂલ્યાંકનમાં કાર્યક્રમનો ખર્ચ ૫૦ લાખ કરોડના સુધીનો અંદાજવામાં આવ્યો છે, જે ટ્રમ્પના ૧૫.૫ લાખ કરોડના પ્રારંભિક અંદાજ કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. આ પહેલે ઘરેલું અને આંતરરાષ્ટ્રીય ટીકાઓને પણ ઉત્તેજન આપ્યું છે, એવી આશંકા સાથે કે તે એક અસ્થિર વૈશ્વિક શસ્ત્ર સ્પર્ધાને ઉત્તેજિત કરી શકે છે અને પૃથ્વીના નાજુક ભ્રમણકક્ષીય વાતાવરણનું લશ્કરીકરણ કરી શકે છે. વિશાળ પ્રમાણમાં સંવેદનશીલ માહિતીની પ્રક્રિયા કરવા માટે અઈં નો ઉપયોગ કરવો કે કેમ તે અંગે પણ ચિંતાઓ છે. તેનાથી વિપરીત, ચીને ઝડપી ડેટા પ્રોસેસિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ પડકારનો સામનો કર્યો છે.

### એક નવી શસ્ત્ર સ્પર્ધા?

યુએસના પ્રસ્તાવિત ગોલ્ડન ડોમ જેવી મિસાઈલ શિલ્ડની ચીન દ્વારા ઝડપી તૈનાતી તેની અવકાશ સંરક્ષણ ક્ષમતાઓને વિસ્તારવાની મહત્વાકાંક્ષાને રેખાંકિત કરે છે. ટ્રમ્પનો પ્રસ્તાવ, જેમાં ભ્રમણકક્ષામાં ઈન્ટરસેપ્ટર્સ મૂકવાનો સમાવેશ થાય છે, તે એવી વધતી જતી ચિંતાઓ વચ્ચે ઉભરી આવ્યો છે કે ચીન અને રશિયા પાસે પહેલાથી જ એવા ઉપગ્રહો હોઈ શકે છે જે અમેરિકન સંપત્તિને નિષ્ક્રિય કરી શકે છે. આ દેશોમાંથી અદ્યતન હાઈપરસોનિક અને બેલિસ્ટિક મિસાઈલો દ્વારા ઉભા થતા ખતરા માટે પ્રારંભિક શોધ પ્રણાલીઓ અને અવકાશ-આધારિત પ્રતિરોધક પગલાં જરૂરી છે. એક અહેવાલ પ્રમાણે , યુએસ સંરક્ષણ વિશ્લેષક નોંધ્યું હતું કે ચીનની વ્યૂહાત્મક મિસાઈલ સંરક્ષણ પ્રણાલીની શોધ સુરક્ષા, તકનીકી અને રાજકીય ઉદ્દેશ્યોના મિશ્રણને પ્રતિબિંબિત કરે છે.

ચીન દ્વારા જરૂરી સેન્સર નેટવર્કનો વિકાસ સંભવિત 'લોન્ચ-ઓન-વોર્નિંગ' (ચેતવણી મળતા જ લોન્ચ કરવાની) સ્થિતિને સમર્થન આપે છે, જે વ્યૂહાત્મક સ્થિતિસ્થાપકતામાં વધારો કરે છે, વિરોધીની યોજનાને જટિલ બનાવે છે અને સંકટની સ્થિરતાને મજબૂત કરે છે. તે જ સમયે, કેટલાક દલીલ કરે છે કે ભવિષ્યવાદી મિસાઈલ સંરક્ષણ પ્રણાલીઓ વિકસાવવાની સ્પર્ધા આખરે પરમાણુ જોખમોને વધુ ઊંડા બનાવી શકે છે.

### ટ્રમ્પના ગોલ્ડન ડોમ વિશે માહિતી



આ વર્ષની શરૂઆતમાં ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલ ગોલ્ડન ડોમ પ્રોજેક્ટમાં બહુસ્તરીય મિસાઈલ ઈન્ટરસેપ્શન સિસ્ટમ હશે જે જમીની અને અવકાશમાંથી છોડવામાં આવેલી બંને મિસાઈલો સામે કામ કરશે. ગોલ્ડન ડોમ પ્રોજેક્ટ પાછળ રશિયા અને ચીન દ્વારા વિકસિત પરમાણુ-સક્ષમ હાઈપરસોનિક મિસાઈલોનો ભય રહેલો છે, જે અવાજની ગતિ કરતાં પાંચ ગણી અથવા ૧.૬ કિમી પ્રતિ સેકન્ડથી વધુની ઝડપે પહોંચે છે. બેલિસ્ટિક મિસાઈલોથી અલગ, જે પૃથ્વી પર પાછા ફરતા પહેલા અવકાશમાં જાય છે, હાઈપરસોનિક મિસાઈલો સપાટ માર્ગ પર ઉડે છે, જે યુએસના જમીન-આધારિત ઈન્ટરસેપ્ટર્સ માટે એક પડકાર હશે. યુએસના અહેવાલ પ્રમાણે , ''મોટાભાગના જમીન-આધારિત રડાર દૃષ્ટિ-રેખાની મર્યાદાઓને કારણે હાઈપરસોડિક શસ્ત્રોને તેમની ઉડાનના છેલ્લા તબક્કામાં જ શોધી શકે છે.''

ગોલ્ડન ડોમનો ઉદ્દેશ્ય ચાર તબક્કામાં જોખમોને નિષ્ક્રિય કરવાનો છેઃ પ્રક્ષેપણ પહેલાં, પ્રારંભિક ઉડાન દરમિયાન, અવકાશમાં મધ્યમ માર્ગમાં અને ફરીથી પ્રવેશ દરમિયાન.

અને ટ્રમ્પ વહીવટીતંત્રે એક નવો ખતરો ઉમેર્યો છે જેનાથી ગોલ્ડન ડોમે અમેરિકન સંપત્તિનું રક્ષણ કરવું પડશે - ભ્રમણકક્ષીય મિસાઈલો. જેને ફ્રેક્શનલ ઓર્બિટલ બોમ્બાર્ડમેન્ટ સિસ્ટમ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મૂળભૂત રીતે બેલિસ્ટિક મિસાઈલો છે જે પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં રહે છે અને પછી પરમાણુ હથિયાર છોડે છે જે લક્ષ્ય તરફ આગળ વધે છે.ટ્રમ્પે આ કાર્યક્રમના વડા તરીકે જનરલ માઈકલ ગ્યુટલેઈન, જે હાલમાં વાઈસ ચીફ ઓફ સ્પેસ ઓપરેશન્સ છે, તેમની નિમણૂક કરી છે.

# મોઢા, ગર્ભાશય અને સર્વાઈકલ કેન્સરની નિઃશુલ્ક તપાસઃ આરોગ્ય જાગૃતિ માટે વિશેષ પહેલ

## ધારાસભ્ય રમેશ ટીલાળા આયોજિત કેમ્પમાં લોકો સુધી પહોંચ્યું આરોગ્ય સેવાઓનું પ્રેરણાદાયક સંદેશ

**અબતક, રાજકોટ**

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા નિર્વાણ વેલફેર ફાઉન્ડેશન-રાજકોટના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક કેન્સર તપાસ બને જાગૃતિ કેમ્પનું આયોજન શ્રી મેઘાણી રંગભવન, ભક્તિનગર સર્કલ ખાતે યોજવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય વિધિથી કરવામાં આવી, દીપ પ્રાગટ્ય સ્વામી પરમાત્માનંદજી, મસ્તરામ બાપુ, નરેશભાઈ પટેલ, મૌલેશભાઈ ઉકાણી, રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય શ્રીમતી દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ માદવભાઈ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, નરેન્દ્ર બાપુ (આપાગીગા ઓટલના મહંત) દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં દેવપ્રસાદ મહારાજ મહંત આણંદા બાવા આશ્રમ જામનગર, પરસોત્તમભાઈ રૂપાલા સાંસદ સભ્ય, રાઘવજીભાઈ પટેલ કેબિનેટ મંત્રી, શ્રીમતી ભાનુબેન બાબરીયા કેબિનેટ મંત્રી, રામભાઈ મોકરીયા સાંસદ સભ્ય રાજ્યસભા, જયેશભાઈ રાદડિયા ધારાસભ્ય જેતપુર, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, દિવ્યેશભાઈ અકબરી ધારાસભ્ય જામનગર, કૌશિકભાઈ તેકરીયા નાયબ દંડક





તસવીરઃ જીતુભાઈ ડોડીયા

ગુજરાત રાજ્ય, ભરતભાઈ બોઘરા ઉપાધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભાજપ, શ્રીમતી પ્રવિણાબેન રંગાણી પ્રમુખ રાજકોટ જિલ્લા પંચાયત, નરેન્દ્રસિંહ જાડેજા ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાશક પક્ષના નેતા લીલુબેન જાદવ તેમજ દંડક મનીષભાઈ રાડીયા તેમજ કોર્પોરેટરો અને સહિતના અનેક આગેવાનો, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોકટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ નિઃશુલ્ક કેન્સર તપાસ અને જાગૃતિ કેમ્પમાં રાજકોટ તથા આસપાસના વિસ્તારોમાંથી ૧૨૭૪ લોકોએ મો (જડબાનો), ગર્ભાશયનો અને સ્તન કેન્સર જેવી ગંભીર બિમારીઓની તપાસ તથા માર્ગદર્શનનો લાભ લીધો, તબીબી નિષ્ણાતોએ સેલ્ફ એક્ઝામીનેશન તથા કેન્સર આરોગ્ય જાગૃતિ અને ફિટ ઈન્ડિયા કાર્યક્રમ અને યોગ્ય સમતોલ આહાર અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

આ કેમ્પમાં સેવા નિષ્ણાંત તબીબો, સ્વયંસેવકો અને સ્થાનિક આગેવાનોનો તેમજ પોતાનો કિંમતી સમય ફાળવીને પધારેલા તમામ લોકોનો કાર્યક્રમ અંતે તમામ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### કેમ્પથી વધુ લોકોને લાભ મળી શકે અને આરોગ્ય જાગૃતિ ફેલાવી શકાય તે ઉદ્દેશ્યઃ ધારાસભ્ય ટીલાળા

'અબતક' સાથેની વાતચીતમાં ધારાસભ્ય ટીલાળાએ જણાવ્યું હતું કે કેન્સર એક ગંભીર રોગ છે, પરંતુ વહેલી તપાસ અને જાગૃતિથી તે એડવાન્સ મેડિસિનથી પુરવઠો શક્ય છે. આ કેમ્પ દ્વારા વધુ લોકોને લાભ મળી શકે અને આરોગ્ય જાગૃતિ ફેલાવી શકાય તે ઉદ્દેશ્ય છે. આ પહેલને સ્થાનિક લોકો અને આરોગ્ય કર્મચારીઓ દ્વારા પણ અભિનંદન આપવામાં આવ્યું, અને કેમ્પને સફળ બનાવવા માટે સહયોગ નોંધાયો. આ પ્રકારની આરોગ્ય પહેલ મહિલાઓ, યુવાનો અને પરિવારો માટે સકારાત્મક અને પ્રેરણાદાયક સાબિત થઈ રહી છે.

# એઆઈ ટેકનોલોજીથી સજજ એલજી ફ્રેન્ચ રેફ્રિજરેટરનું ભવ્ય લોન્ચિંગ

## ચાર અલગ અલગ અને ૬૧૦ લિટરની ક્ષમતા ધરાવતું રેફ્રીજરેટર હવે રાજકોટના કિરણ ટેલિવિઝનમાં ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

અગ્રણી ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડ દ્વારા તેનું નવીનતમ અને અત્યાધુનિક ફ્રેન્ચ ડોર રેફ્રિજરેટર રાજકોટના જાણીતાં એલજી બ્રાન્ડ સ્ટોર કિરણ ટેલિવિઝન ખાતે ડિસ્પ્લે કરી વૈચાણ માટે ખુલ્લુ મૂકવામાં આવ્યુ છે.

કીરણ ટેલીવીઝનના રાજુભાઈ પટેલ, બ્રાન્ચ હેડ નિકુંજ સાંગાણી સહિતના મોડલના લોન્ચ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા

એલજી ફ્રેન્ચ ડોર રેફ્રીજરેટર એ એલજીની ઈનોવેશન અને સુવિધા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આધુનિક ડિઝાઈન વિશાળ સ્ટોરેજ ક્ષમતા અને સ્માર્ટ ટેકનોલોજી સાથે આ રેફ્રિજરેટર ભારતીય પરિવારો માટે એક નવી પેઢીનું કૂલિંગ સોલ્યુશન પૂરી પાડે છે.

આ મોડલ ૬૧૦ લિટર સુધીની ક્ષમતા ધરાવે છે અને ૪ અલગ મોડલમાં ઉપલબ્ધ છે, જેમાં કિંમત રૂ.૧,૦૦,૦૦૦ થી શરૂ થાય છે.

આ રેફ્રિજરેટરનુ ડિઝાઈન ખાસ કરીને ભારતીય ઘરગથ્થુ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે - જેમાં ૭૦% રેફ્રિજરેટર અને ૩૦% ફ્રીઝર ક્ષમતા છે, જે સંપૂર્ણપણે કન્વર્ટિબલ છે, અને તેથી મહિલાઓ માટે વધુ અનુકૂળ અને ઉપયોગી પસંદગી બની રહે છે.

મોડલનું પ્રીમિયમ ડિઝાઈન અને સ્ટેઈનલેસ ફિનિશ દરેક રસોડામાં આધુનિકતા ઉમેરે છે તે માત્ર દેખાવમાં આકર્ષક જ નહીં. પરંતુ એનર્જી ઈફિશિયન્ટ અને હાઈ-પરફોર્મન્સ ટેકનોલોજીથી સજ્જ છે.



તસવીરઃ હર્ષ ઝિંઝુવાડીયા

એલજી ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડના પ્રતિનિધિએ જણાવ્યું કે, એલજી ફ્રેન્ચ ડોર રેફ્રીજરેટર ઘર માટેની સગવડ અને સ્માર્ટ કૂલિંગનો એક નવો ધોરણ સ્થાપિત કરે છે. તે એવી ડિઝાઈન ધરાવે છે જે ભારતીય પરિવારોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે અને ગ્રાહકોને ઉત્તમ ગુણવત્તા સાથેનું ટેક્નોલોજી સોલ્યુશન પ્રદાન કરે છે.

ફ્રેન્ચ રેફ્રિજરેટર એઆઈ ટેક્નોલોજી આધારિત સ્માર્ટ સિસ્ટમ ધરાવે છે. જે અંદરનું તાપમાન આપમેળે નિયંત્રીત કરે છે.અને ખોરાકને વધુ તાજું રાખે છે વધુમાં તેનો વાઈફાઈ કનેકિટવિટી ફીચર ગ્રાહકોને સ્માર્ટ ફોન મારફતે ફ્રિજની કામગીરી મોનિટર કરવાની સુવિધા આપે છે

ભારતમાં એલજી ઈલેક્ટ્રોનિક્સે ઈનોવેશન, ગુણવત્તા અને વિશ્વાસના આધારે એક મજબૂત બ્રાન્ડ તરીકે સ્થાન મેળવ્યું છે. કંપનીના ગ્રેટર નોઈડા અને પુણેના રાંજણગાંવમાં આવેલા આધુનિક ઉત્પાદન એકમો પર્યાવરણ અનુરૂપ છે અને ભારતીય બજાર માટે એલજીના વિવિધ પ્રોડકટ્સનું ઉત્પાદન કરે છે - જેમાં રેફ્રિજરેટર, વોશિંગ મશીન, ટીવી, એર કન્ડિશનર, વોટર પ્યુરિફાયર, માઈક્રોવેવ અને અન્ય હોમ એપ્લાયન્સિસનો સમાવેશ થાય છે.

# ઓમકાર ક્લિનિકમાં "ગ્રંથિ ડાયાબિટીસ એન્ડોક્રાઈન એન્ડ ઓબેસિટી સેન્ટર"નો શુભારંભ

## દર્દીઓના ડાયાબિટીસ, હોર્મોન અને સ્થૂળતાની આધુનિક સારવાર કરાશે માત્ર દવા પર નિર્ભર રહેવાને બદલે શું ખાવું તેનું સચોટ માર્ગદર્શન અપાશે

**અબતક, રાજકોટ**

ડાયાબિટીસ, મેદસ્વિતા અને વિવિધ અંતઃસ્રાવ (હોર્મોન) સંબંધિત રોગોની આધુનિક અને સર્વગ્રાહી સારવાર પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે ૭ મનહર પ્લોટ, મંગળા રોડ ખાતે "ગ્રંથિ ડાયાબિટીસ, એન્ડોક્રાઈન એન્ડ ઓબેસિટી સેન્ટર"નો શુભારંભ થયો છે. જેનું ઉદઘાટન સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી (અર્શ વિદ્યા મંદિર)ના હસ્તે કરવામાં આવ્યું હતું.




મોટાભાગના લોકો ડાયાબિટીસને માત્ર સુગર કંટ્રોલ પૂરતો જ મર્યાદિત માને છે, જે મોટી ભૂલ છે, કારણ કે લાંબા ગાળે વધેલી સુગર કિડની અને શરીરના અન્ય અંગોને ગંભીર નુકસાન પહોંચાડે છે. તેમણે ચેતવણી આપી કે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હૃદય રોગ અને

(અનુ. આઠમા પાને)

### ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હૃદય રોગ, સ્થૂળતા એકબીજાના 'મિત્ર': ડો. રાજેશ તૈલી



અબતક સાથેની વાતચીતમાં ડો. રાજેશ તૈલીએ જણાવ્યું હતું કે, રાજકોટ ખાતે છેલ્લા ૩૫ વર્ષથી કાર્યરત ઓમકાર ક્લિનિક ટૂંક સમયમાં જ ડાયાબિટીસનું સુપર સ્પેશિયાલિટી સેન્ટર અને ઓબેસિટી (મોટાપા) સેન્ટર શરૂ કરવા જઈ રહ્યું છે. ડી.એમ. એન્ડોક્રાઈનોલોજિસ્ટ ડો. બ્રિજ તૈલીના નેતૃત્વ હેઠળ, આ 'ગ્રંથિ ડાયાબિટીસ સેન્ટર અને ઓબેસિટી સેન્ટર'માં તમામ આધુનિક સુવિધાઓ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન ઉપલબ્ધ હશે. આ પહેલનો હેતુ ડાયાબિટીસ, મોટાપો, સ્ત્રીઓની માસિક સમસ્યાઓ અને અન્ય હોર્મોન-સંબંધિત રોગો અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો છે તેમજ લોકોને આહાર, વિહાર અને વિચાર સંબંધિત જીવનશૈલીનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી સુપર સ્પેશિયાલિટી સારવાર પ્રદાન કરવાનો છે.

### "ગ્રંથી" સેન્ટરમાં આહાર, વિહાર,વિચાર અંગે યોગ્ય માર્ગદર્શનઃ એન્ડોક્રાઈનોલોજિસ્ટ ડો. બ્રિજ તૈલી



ડી એમ એન્ડોક્રાઈનોલોજિસ્ટ ડો. બ્રિજ તૈલીએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આજકાલ સમાજમાં ખાવા-પીવાની સમસ્યાઓ, સ્ત્રીઓમાં માસિકની સમસ્યાઓ, મોટાપો અને ડાયાબિટીસ જેવી તકલીફો સામાન્ય બનતી જાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમે હોર્મોન સંબંધિત સમસ્યાઓ અંગે જાગૃતિ ફેલાવવા અને એન્ડોક્રાઈનોલોજિસ્ટ (હોર્મોનના નિષ્ણાત ડોકટર)ની વિશેષતા વિશે લોકોને માહિતગાર કરવા માટે પ્રયત્નશીલ છીએ. આ જાગૃતિ વધારવાના હેતુથી અમે 'ગ્રંથિ ડાયાબિટીસ સેન્ટર અને ઓબેસિટી સેન્ટર'નો પ્રારંભ કર્યો છે. અહીં અમે સુપર સ્પેશિયાલિટી ફેસિલિટીઝ પૂરી પાડશું અને લોકોને તેમની જીવનશૈલી એટલે કે આહાર, વિહાર અને વિચાર અંગે યોગ્ય માર્ગદર્શન આપીશું.

### ફેમિલી ફિઝિશિયન દ્વારા તમામ દર્દીઓની સારવાર એક જ છત નીચેઃ ફેમિલી ફિઝિશિયન ડો.પિનલ તૈલી



ડીએનબી ફેમિલી ફિઝિશિયન ડો. પિનલ તૈલીએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગ્રંથિ અને ઓમકાર ક્લિનિકમાં ફિઝિશિયન તરીકે કાર્યરત છું. આપણે જાણીએ છીએ કે ફેમિલી ફિઝિશિયન્સ સમાજમાં 'ગેટ કીપર'ની ભૂમિકા ભજવે છે. આ ક્લિનિકસમાં બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામ દર્દીઓની સારવાર એક જ છત નીચે કરવામાં આવે છે. આ પ્રકારની સંકલિત સારવાર પદ્ધતિ દર્દી અને ડોક્ટર વચ્ચે સાયકો-સોશિયલ અને ઈમોશનલ બોન્ડિંગને મજબૂત બનાવે છે. પરિણામે, દર્દીઓને વધુ સારી સંભાળ મળી રહે છે અને સમગ્ર આરોગ્ય પ્રણાલી પરનો બિનજરૂરી બોજ પણ ઘટે છે.

### પેથોલોજી લેબોરેટરીમાં અદ્યતન સેવાઓ ઉપલબ્ધઃ એમ.ડી. પેથોલોજિસ્ટ ડો. ઋત્વી તૈલી



અબતક સાથેની વાતચીતમાં ડો. ઋત્વિ તૈલી, એમ.ડી. પેથોલોજિસ્ટે જણાવ્યું હતું કે, હું ઓમકાર ક્લિનિકમાં કાર્યરત છું. ઓમકાર ક્લિનિક ખાતે અમારી પેથોલોજી લેબોરેટરીમાં અદ્યતન સેવાઓ ઉપલબ્ધ છે. અમે હોર્મોનલ અને ઈમ્યુનોલોજીના ટેસ્ટ્સ, બાયો-કેમેસ્ટ્રીના ટેસ્ટ્સ સહિતના વિવિધ મહત્વપૂર્ણ પરીક્ષણો સચોટતા સાથે કરીએ છીએ, જે દર્દીના નિદાન અને સારવારમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

# વિકસીત ભારતની સંકલ્પનાને સાકાર કરવા યુવક મહોત્સવનું આયોજન મહત્વનુંઃ મંત્રી બાવળિયા

## સૌ.યુનિ.ના ૫૩માં યુવક મહોત્સવ 'સિંદૂરોત્સવ'નું મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે રંગારંગ ઉદ્ઘાટન કરાયું






**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૩ મા યુવક મહોત્સવ "સિંદૂરોત્સવ" નું ગુજરાત રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે દીપપ્રાગટય કરી, લોકસભાના સાંસદ પરષોતમભાઈ રુપાલા સાહેબ તથા કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીની વિશેષ ઉપસ્થિતિમાં રંગારંગ ઉદઘાટન કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી તથા કુલસચિવ ડો. રમેશભાઈ પરમાર દ્વારા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાનું મોમેન્ટો તથા શાલ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ હતું.

શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશભાઈ રાબા તથા કે.કે. બાવડા દ્વારા રાજકોટ લોકસભાના સાંસદ પરષોતમભાઈ રુપાલા સાહેબનું



મોમેન્ટો તથા શાલ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ હતું.

આ ઉદઘાટન કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવ ડો. રમેશભાઈ પરમારે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં યુવક મહોત્સવમાં ભાગ લેવા અનેરો ઉત્સાહ અને થનગનાટ દેખાઈ રહ્યો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૩ મા યુવક મહોત્સવમાં ઉપસ્થિત ગુજરાત રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો આ ૫૩ મો યુવક મહોત્સવ છે. યુવક મહોત્સવ એ યુવાનોમાં રહેલી કલાને ઓળખવાનો મંચ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ યુવાનોને યુવક મહોત્સવ થકી પ્લેટફોર્મ પુરું પાડ્યું છે જે સરાહનીય છે. આજના યુવાનોમાં અપાર શક્તિઓ રહેલી છે. આપણી સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવા માટે યુવક મહોત્સવ જેવા આયોજનો થવા ખુબ જરુરી છે. આજની યુવા પેઢી શિક્ષણ અને સંશોધનની સાથે સાથે આપણી સંસ્કૃતિ, આપણું સાહિત્ય, આપણું ગૌરવને જાણે અને વધારે એ જરુરી છે.

મંત્રીએ જણાવ્યું હતું કે,હું અને રુપાલાએ આ જ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છીએ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ કોઈપણ ક્ષેત્રમાં ક્યાંય પાછા પડ્યા નથી. આવું સુંદર આયોજન કરવા બદલ યુનિવર્સિટીના કુલપતિ અને કુલસચિવને અભિનંદન પાઠવું છું. આ યુવક મહોત્સવના માધ્યમથી યુવાનોમાં રહેલ જોમ, જુસ્સો અને કૌવત બહાર લાવવાનો અવસર મળશે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી હરહંમેશ કહે છે કે યુવાનો એ ભારત દેશનું ઉજળું ભવિષ્ય છે. હું કોલેજોના આચાર્યઓ તથા સંચાલકોને યુવાનોને પ્રેરિત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ

(અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્રની ધીંગી ધરામાં કલા, સાહિત્ય, સંસ્કૃતિ રહેલી છેઃ પુરૂષોતમ રૂપાલા

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૩ મા યુવક મહોત્સવમાં રાજકોટ લોકસભાના સાંસદ પરષોતમભાઈ રુપાલો ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, યુવક મહોત્સવનું આયોજન એ યુવાનોમાં રહેલી શકિતઓને બહાર લાવવાનું પ્લેટફોર્મ છે. સૌરાષ્ટ્રના લોકનૃત્ય, બોલીઓ, સાહિત્યકારો, બાંધણી, રીવાજો, પધ્ધતિઓ જાણીતી છે. આપણી ભાતીગળ પરંપરા અને સંસ્કૃતિને જાળવવાનું કામ આજના યુવાનો આવા યુવક મહોત્સવમાં ભાગ લઈ કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને મારી શુભેચ્છાઓ પાઠવું છું.




### ત્રી-દિવસીય યુવક મહોત્સવમાં સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક વિભાગમાં ૩૩ સ્પર્ધાઓ વિદ્યાર્થીઓ કૌવત બતાવશે

### યુવક મહોત્સવમાં ઉપલેટા-ખામટાની મહિલા કોલેજ દ્વારા પ્રાચીન રાસ રજૂ કરવામાં આવ્યો

# 'મેરા દેશ પહલે' ને પ્રસ્તુતિએ ગુજરાતમાં જગાવી નવા ભારતની ભાવના

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્ર પ્રથમના ભાવને ઉજાગર





**અબતક રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો.

લેખક અને નિર્માતા મનોજ મુંતશિર લિખિત-નિર્મિત 'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ નરેન્દ્ર મોદીનો આ પ્રથમ પ્રયોગ નિહાળવા માટે યુવાશક્તિ ગિફ્ટ સિટીમાં ઉમટી પડી હતી. પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ નરેન્દ્ર મોદીની જીવન યાત્રાના અનેક પહેલુંઓ વર્ણવતી રોમાંચક મ્યુઝિકલ ગાથા પ્રસ્તુત કરી.જીવનયાત્રાનું રોમાંચક મંચન નરેન્દ્ર મોદીની જન્મભૂમિ વડનગરથી શરૂ થયેલી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા અને દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફરનું આ મંચન હતું. આ પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ નહીં, પણ રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી.આ મંચનમાં વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થીથી લઈને સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝીલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવાની ઘટનાનું દ્રશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વડાપ્રધાન તરીકે દેશની સેનાને આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા અને રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું સચોટ સંચાલન મનોજ મુંતશિર દ્વારા કરવામાં આવ્યું.રાજકીય અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ પંકજ જોશી સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉદ્યોગ-વ્યાપાર જગતના અગ્રણીઓ જેવા કે પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓએ આ મંચન માણ્યું હતું.વિશાળ સંખ્યામાં યુવાશક્તિની હાજરીએ પુરવાર કર્યુ છે કે, 'મેરા દેશ પહલે' માત્ર કોઈ સામાન્ય શો નહીં, પરંતુ નવી પેઢીની વિચારધારાનું પ્રતીક બની ગયો છે. 'નેશન ફર્સ્ટ'ની ભાવના હવે ઐતિહાસિક સાંસ્કૃતિક આંદોલન બની ગઈ છે, જેમાં ગુજરાતના યુવાઓ સહિત સૌ કોઈ ઉત્સાહથી જોડાઈ રહ્યા છે.



## ગિફ્ટ સિટીમાં મનોજ મુંતશિર લિખિત-નિર્મિત 'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ નરેન્દ્ર મોદીનો પ્રથમ પ્રયોગ યોજાયો; અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ જીવનગાથા પ્રસ્તુત કરી

# વિકાસ સાથે વિરાસતનું સંવર્ધન એ જ સાચો માર્ગ: મુખ્યમંત્રી

## વિસનગર ખાતે યોજાયેલી 'આજની ઘડી તે રળીયામણી' ભજન સંધ્યામાં મુખ્યમંત્રી,મંત્રી મુળુભાઈ બેરા, મંત્રી ઋષિકેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો સાથે ઉપસ્થિત રહ્યા





**અબતક, રાજકોટ**

વિસનગર ખાતે રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા 'આજની ઘડી તે રળીયામણી' ભજન સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંત્રી મુળુભાઈ બેરા, મંત્રી ઋષિકેશભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો સાથે ઉપસ્થિત રહ્યા હતા.મુખ્યમંત્રીએ આ અવસરે ભજન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ભજન મંડળીઓને પુરસ્કૃત કરીને સન્માનિત કર્યા હતા અને તેમને સંસ્કૃતિના સંરક્ષણ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ભજન-ભક્તિ આપણી સદીઓ જૂની સાંસ્કૃતિક વિરાસત છે. તેને સાચવી રાખવી એ આપણું સંસ્કાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના 'વિકાસ ભી, વિરાસત ભી' ધ્યેયમંત્રને સાકાર કરવા માટે આપણે સૌએ સંસ્કૃતિ અને વિકાસ બંનેને સમાન મહત્વ આપવું જરૂરી છે.તેમણે સૌને 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના વિચારને આત્મસાત કરીને આત્મનિર્ભર ભારતથી વિકસિત ભારત બનાવવાની યાત્રામાં સહભાગી થવાનું આહ્વાન પણ કર્યું હતું.આ કાર્યક્રમમાં ભજન, ભક્તિ અને સંસ્કૃતિના સુમેળ સાથે શ્રોતાઓએ ભાવનાત્મક માહોલમાં કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

તેમણે સૌને 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના વિચારને આત્મસાત કરવા અને આત્મનિર્ભર ભારત તરફના વિકાસ યાત્રામાં સહભાગી થવા માટે પ્રેરણા આપી. મુખ્યમંત્રીશ્રીએ ભજનના મહત્વની સાથે યુવા પેઢીને પણ આ પરંપરા જાળવવા અને આગળ લઈ જવાની મહત્વની ભૂમિકા નિભાવવાની સલાહ આપી.

કાર્યક્રમમાં ભજન, ભક્તિ અને સંસ્કૃતિના સુમેળ સાથે દર્શકો માટે સંગીત અને નાટ્યાત્મક પ્રસ્તુતિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેને સૌએ ઉત્સાહભેર જોઈને પ્રશંસા આપી. કાર્યક્રમમાં બાળકો અને યુવાનોના ભાગ લેવામાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો, જેના કારણે ભજન સંધ્યાનો અનુભવ માત્ર સાંસ્કૃતિક જ નહીં, પરંતુ સમુદાય અને યુવા પેઢીને જોડતો કાર્યક્રમ પણ બની ગયો હતો.

# જીવમાત્રની સેવા તે જ જીવનની જીવંતતા: નમ્રમૂનિ

## મંત્રી કપિલજી મિશ્રા, બરોડાના કાર્પોરેટર નીતીનજી ડોંગા, નરવીરસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં ઘાયલ પશુઓ માટેની એમ્બ્યુલન્સ અર્પણતાનો સમારોહ યોજાયો



**અબતક,રાજકોટક**

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના અંતરની કરુણા ભાવના ચાર પૈડાની લાઈફલાઈન બનીને મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, બેંગ્લોર જેવા અનેક ક્ષેત્રોમાં દિવસ અને રાત દોડીને હજારો ઘાયલ-બીમાર વેદનાગ્રસ્ત પશુ -પંખીઓને શાતા પમાડી રહી છે ત્યારે એવી જ બીજી બે લાઈફલાઈન અર્હમ એનિમલ એમ્બ્યુલન્સની અર્પણતા મહાનગર દિલ્હી અને બરોડાના હજારો અબોલ જીવો માટે કરવાનો સમારોહ બંને શહેરોમાં યોજાયો હતો.

ઉલ્લેખનીય છે કે ઘાયલ થયેલાં, લોહીથી લથપથ, બીમાર અને દર્દથી કણસતાં એવા અબોલ પશુ-પંખીને તાત્કાલિક સારવાર આપીને એમને વેદનામુક્ત કરવા માટે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણાથી છેલ્લાં બે વર્ષથી અનેક ક્ષેત્રોમાં દોડી રહેલી ૨૬થી વધુ અર્હમ એનિમલ એમ્બ્યુલન્સના માધ્યમે દરરોજના સેંકડો અને આજ સુધી ૧,૧૩,૦૦૦થી વધુ અબોલ જીવોની તાત્કાલિક સારવાર અને ઈલાજ કરીને એમને નવજીવન અને શાતા પમાડવામાં આવી છે ત્યારે દિલ્હી અને બરોડા શહેરના અબોલ જીવો માટે પણ આવી એક - એક એનિમલ એમ્બ્યુલન્સની અર્પણતાનો સમારોહ યોજાયો હતો.

અર્હમ યુવા સેવા ગ્રુપ દિલ્હીના ઉપક્રમે, હસુમતીબેન પોપટલાલ ધોળકિયા પરિવાર- દિલીપભાઈ ધોળકિયાના સહયોગે અર્પણ કરવામાં આવેલી આ એનિમલ એમ્બ્યુલન્સના ઈનોગરેશનનો અવસર દિલ્હી સરકારના મિનિસ્ટર કપિલજી મિશ્રા, દિલ્હી પ્રદેશ મંત્રી સારિકાજી જૈન, અશોકજી ગોયલ, રેનુજી અગ્રવાલ આદિ અનેક

(અનુ. આઠમા પાને)

# વિકાસ માટેના સંકલ્પથી નવી દિશા તરફ આગળ વધવા માટેનો અવસર: મંત્રી ભાનુબેન બાબરીયા



## વિકાસ સપ્તાહ અંતર્ગત સોનગઢ ખાતે મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે લાભાર્થીઓને સનદનું વિતરણ

**અબતક, આનંદ રાણા, સિહોર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના ૨૪ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાતની સાથે ભાવનગર જિલ્લામાં 'વિકાસ સપ્તાહની' ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત આજે શિહોર તાલુકાના સોનગઢ ગામે જિલ્લાના પ્રભારી તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને 'વિકાસ સપ્તાહ'નો કાર્યક્રમ યોજાયો હતો. જેમા મંત્રીના વરદહસ્તે શિહોર તાલુકાના ૫૬ જેટલાં વિવિધ ગામો માટે રૂ.૧૮૧.૫૬ લાખના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા. ૭ ઓક્ટોબર,૨૦૦૧ના દિવસે પ્રથમ વખત શપથ લીધાં હતા. તેમની લોકસેવાની યાત્રાને ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે એ અવસરે સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ એક ઉજવણીનું પર્વ નથી પરંતુ આપણાં રાષ્ટ્ર અને રાજ્યના સર્વાંગી વિકાસ માટેના

(અનુ. આઠમા પાને)

# ગુજરાત મેટ્રો રેલ બની ગતિ અને પ્રગતિનું પ્રતિક: ૧૦ કરોડથી વધુ નાગરિકોએ કરી સફર

## અમદાવાદથી ગાંધીનગર સુધીનો ૬૮ કિ.મી.નો રૂટ ૫૪ સ્ટેશનો સાથે પૂર્ણ રૂ૫ થી રૂ ૪૦ સુધીના ભાડે રોજ ૧.૫ લાખથી વધુ મુસાફરોની આરામદાયક અને સુરક્ષિત અને સમયસર સફર

**અમદાવાદમાં દૈનિક સરેરાશ ૩૫ હજાર મુસાફરોથી શરૂ થયેલી સંખ્યા આજે વધીને ૧.૫ લાખ સુધી પહોંચી**

**અબતક, રાજકોટ**

આજનું ગુજરાત માત્ર ઔદ્યોગિક વિકાસ માટે જ નહીં,પણ અદ્યતન માળખાગત સુવિધાઓ માટે પણ દેશભરમાં મોડેલ તરીકે ઊભરી રહ્યું છે. ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ ગુજરાતની પ્રગતિની જીવંત સાબિતી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વમાં આ પ્રોજેક્ટ અમદાવાદ, ગાંધીનગર અને સુરત જેવા મહાનગરોમાં લાખો નાગરિકોના રોજીંદા જીવનને વધુ સરળ બનાવે છે.

સમયની સાથે કદમ મિલાવતું ગુજરાત, વિકસિત ભારતના સંકલ્પનું સાકાર સ્વરૂપ બનીને ઊભરી રહ્યું છે. ગુજરાત હવે માત્ર ઔદ્યોગિક વિકાસ માટે જ નહીં, પરંતુ અદ્યતન માળખાગત સુવિધાઓ માટે પણ દેશભરમાં મોડેલ તરીકે ઓળખાય છે. આ પ્રગતિની જીવંત સાબિતી છે - ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ.

અમદાવાદ મેટ્રોની સફર વર્ષ ૨૦૨૫માં નવા આયામો સર કરી રહી છે. શરૂઆતમાં જ્યાં દિવસના સરેરાશ ૩૫ હજાર મુસાફરો મુસાફરી કરતા હતા, તે આંકડો આજે વધીને ૧.૫ લાખ સુધી પહોંચ્યો છે. અત્યાર સુધીમાં મેટ્રોમાં કુલ ૧૦.૩૮ કરોડ નાગરીકોએ મુસાફરી કરી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનએ ૯૯.૮૪ ટકા સમયસર સેવા આપીને મુસાફરોનો વિશ્વાસ જીત્યો છે.

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો નવેમ્બર ૨૦૧૪માં મંજૂર થયો હતો. માર્ચ ૨૦૧૯માં વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક સુધી ૬.૫ કિમીનો પ્રથમ ભાગ શરૂ થતાં અમદાવાદના નગરજનોને નવી સફરની શરૂઆત મળી. વર્ષ ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૩૨ કિમીની લાઈનનું લોકાર્પણ થતાં મેટ્રો અમદાવાદ શહેરના ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ ભાગને જોડતી લાઈન શરૂ થઈ હતી.

બીજા તબક્કામાં ગુજરાતના પાટનગર ગાંધીનગર અને આર્થિક પાટનગર અમદાવાદને જોડતો કુલ ૨૮.૨ કિમીનો રૂટ તૈયાર કરવામાં આવ્યો છે. મોટેરાથી સેક્ટર-૧ અને ગિફ્ટ સિટી સુધીનો ભાગ સપ્ટેમ્બર ૨૦૨૪માં શરૂ થયો જ્યારે સચિવાલય સુધીનો ભાગ એપ્રિલ ૨૦૨૫માં ખુલ્લો મુકાયો છે. ટૂંક સમયમાં અમદાવાદથી મહાત્મા મંદિર સુધીનો રૂટ સંપૂર્ણ કાર્યરત થતાં કુલ ૬૮ કિ.મી.ના રૂટ પરના ૫૪ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે.

મેટ્રોનું ભાડું માત્ર ₹૦૫ થી ₹૪૦ સુધીનું રાખવામાં આવ્યું છે. દૈનિક મુસાફર માટે પ્રતિ કિલોમીટર સરેરાશ રૂ. ૧ ના ભાડે સફર કરાવતી મેટ્રો સામાન્ય માણસ માટે ખરેખર બજેટ-ફ્રેન્ડલી મુસાફરી બની ગઈ છે.

મેટ્રો સ્ટેશનો માત્ર મુસાફરીના સ્થળ નથી એ ગુજરાતની સંસ્કૃતિ અને વારસાનું જીવંત પ્રદર્શન છે. દિવાલો પરના ચિત્રો, આર્ટ ઈન્સ્ટોલેશન અને કલા-સજાવટ મુસાફરીને વધુ આનંદદાયક બનાવે છે. દરેક સ્ટેશન એક મિની આર્ટ ગેલેરીની અનુભૂતિ આપે છે.



દિવ્યાંગજન માટે ખાસ રેમ્પ, લિફ્ટ, ટેક્ટાઈલ ફ્લોરિંગ અને આરામદાયક મુસાફરીની વ્યવસ્થા કરીને મેટ્રો સમાવેશી વિકાસનું પ્રતિક બની છે.

મુસાફરોની સુરક્ષા માટે મેટ્રો ટ્રેનોમાં કમ્યુનીકેશન

(અનુ. આઠમા પાને)

# કોટડાસાંગાણીના રામોદ ગામે એગ્રો સેન્ટરમાંથી રૂ.૧.૪૧ લાખના રોકડની ચોરી: તસ્કર ટોળકી ઝબ્બે

## વૃદ્ધ વેપારી લઘુશંકા જતાં ગણતરીની મિનિટોમાં જ ગારિયાધાર પંથકની ગેંગએ ટેબલનો લોક તોડી ખેલ પાડી દીધો

## રૂરલ એલસીબી ટીમે સીસીટીવી ફૂટેજના આધારે ચાર શખ્સોને ઝડપી તમામ મુદ્દામાલ રિકવર કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના રામોદ ગામે એગ્રો સેન્ટરમાંથી રૂ. ૧.૪૧ લાખની રોકડની ચોરીનો બનાવ સામે આવ્યો છે. ખડ બાળવાની પડીકી લેવા આવેલા શખ્સ આણી ટોળકીએ ગણતરીની મિનિટોમાં જ ટેબલનો લોક તોડી ખેલ નાખી દઈ ફરાર થઈ ગઈ હતી. બનાવને પગલે એલસીબી ટીમે ગણતરીની કલાકોમાં જ ગારિયાધાર પંથકની તસ્કર ટોળકીને દબોચી લઇ ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો હતો.

બનાવ અંગે કોટડાસાંગાણી તાલુકાના રામોદ ગામે રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ વેપારી કીશોરભાઈ હરીભાઈ ઉકાણીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું એગ્રીબીજનેસ સેન્ટર નામની દુકાન ધરાવી વેપાર કરું છું. ગત તા. ૧૧-૧૦-૨૦૨૫ ના રોજ બપોરના પોણા બારેક વાગ્યાની આસપાસ હું તથા અમારા ગામના મનોજભાઈ કરમશીભાઈ શેખડા, અમીતભાઈ ધીરૂભાઈ ઉઘાડ, મુકેશભાઈ બાવાભાઈ પડાળીયા રામોદ ગામે સરકારી મંડળી ચોકમાં આવેલ મારી એગ્રીબીજનેસ સેન્ટર નામની દુકાને બેઠેલ હતા. ત્યારે એક મજબુત બાંધાનો તથા આશરે પાંચક ફુટ જેટલી ઉંચાઈ ધરાવતો અજાણ્યો શખ્સ મારી દુકાને આવેલ અને કહેલ કે, ખેતરમાં ઉગેલ ખડ બાળવાની પડીકી હોય તો મને આપો. જેથી મેં એક પડીકી આપેલ જેના બદલામાં તેણે મને રૂ. ૫૦૦ આપેલ હતા. જેથી મેં રૂ.૪૫૦ પરત આપી દીધેલ હતા. બાદમાં તેણે વધુ એક પડીકી માંગતા મે તેણે ખડ બાળવાની વધુ એક પડીકી આપેલ હતી અને તે પડીકી લઈને રૂપિયા આપી અજાણ્યો શખ્સ ચાલ્યો ગયો હતો. બાદમાં



મનોજભાઈ, અમીતભાઈ તથા મુકેશભાઈ થોડીવાર મારી દુકાને બેઠા પછી પોતાના ઘરે જતા રહેલ હતા. બપોરના સવા બાર વાગ્યાની આસપાસ હું મારી દુકાન ખુલ્લી મુકીને ગ્રામ પંચાયતના ખાચામાં બાથરૂમ કરવા ગયેલ હતો. બાથરૂમ કરીને દુકાને પરત આવતા પંદર મિનિટ પૂર્વે ખડ બાળવાની પડીકી લેવા આવેલ શખ્સ ફરી પાછો મારી દુકાન અંદર આવીને ઉભો હતો. જેથી મેં કહેલ કે, તું શું ફરીથી પાછુ લેવા આવ્યો છો? તો અજાણ્યા શખ્સે પોતાના મોબાઈલ ફોનમાં એક દવાનો ફોટો બતાવી પૂછેલુ કે, આ દવા તમારી દુકાને છે? તો મેં મોબાઈલમાં ફોટો જોઈને કહેલ કે, આ દવા મારી પાસે નથી, તું બાજુની એગ્રોની દુકાનમાં તપાસ કરી લે. જેથી અજાણ્યો શખ્સ દુકાનેથી ઝડપથી જતો રહેલ હતો. બાદ હું દુકાન બંધ કરીને ઘરે જમવા માટે જવા નીકળ્યો હતો. ત્યારે મે મારી દુકાનમાં ગુજરાત રાજ્ય બીજ નિગમ સબસીડીથી જીરૂ અને ચણાના બિયારણના વિતરણના વેચાણના આવેલ રોકડ રૂપીયા મારી દુકાનના ટેબલના ખાનામાં મુકેલ હતા. તે રૂપીયા લેવા જતા ટેબલનું ખાનું ખોલતા ટેબલના ખાનાના લોક તુટેલી હાલતમાં જોવા મળ્યો હતો. બાદ ખાનામાં તપાસ કરતા રોકડ રૂ.૧,૪૧,૬૦૦ મળી આવ્યા ન હતા. બાદમાં વૃદ્ધે આજુબાજુમાં પડીકી લેવા આવેલ અજાણ્યા શખ્સની તપાસ કરતા તે મળી નહિ આવતા અંતે કોટડાસાંગાણી પોલિસ મથકમાં રોકડ ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે કોટડા સાંગાણી પોલીસ મથક તથા એલસીબીની ટીમો દ્વારા તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. દરમિયાન એલસીબી પીઆઈ વી વી ઓડેદરા અને પીએસઆઇ એચ સી ગોહિલની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે ગણતરીની કલાકોમાં જ તસ્કર ટોળકીને ઝડપી પાડ્યા હતા. એલસીબીની ટીમે વીકી વેલસી સેખલીયા, મહેશ ઉર્ફે મયલો મગન સોલંકી, વિજય મનુ સોલંકી અને સાગર મધુ સોલંકી (તમામ રહે. આબધા ગામ, ગારીયાધાર, ભાવનગર)ને પકડી પાડી ચોરીમાં ગયેલ રૂ. ૧,૪૧,૬૦૦ ની રોકડ ઉપરાંત સ્વીફ્ટ કાર સહિતનો મુદ્દામાલ કબજે કરી કોટડા સાંગાણી પોલીસના હવાલે કર્યા હતા.

# કાંગશિયાળીના ઔદ્યોગિક ઝોનમાંથી રૂ. ૭.૭૫ લાખની નકલી જંતુનાશક દવાઓ સાથે વેપારી ઝબ્બે

**જગતના તાતને અડધા ભાવે તૈયાર થતી દવાઓ ધાબડી ત્રણેક માસથી ઠગાઈ આચરતો'તો : આસામ તરફ ભાગી ગયેલા રાવકીના શખ્સનું નામ ખુલ્યું**

**અબતક, રાજકોટ**

જગતના તાતને ડુપ્લીકેટ જંતુનાશક દવા પધરાવવાના કૌભાંડનો રૂરલ એસઓજીની ટીમે પર્દાફાશ કર્યો હતો. કાંગશીયાળી ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાંથી નકલી જંતુનાશક દવાના જથ્થા સાથે વેપારીને પકડી પાડી કુલ રૂ.૭.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પકડાયેલ અમરેલીના શખ્સને ત્રણ મહિનાથી માલ સપ્લાય કરનાર રાવકીના વેપારીને પણ પોલીસે સકંજામાં લઈ નકલી જંતુનાશક દવાના મૂળ સુધી પહોંચવા કવાયત આદરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા ગેરકાયદેસર પ્રવૃતિ કરતા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં લાયસન્સ ધરાવતી કંપનીના ડુપ્લીકેટ નામથી ખેત ઉત્પાદકની જતુનાશક દવાનું વેચાણ કરતા શખ્સો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની સુચનાથી એસઓજી પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન કંપનીના નોડલ અધિકારી પ્રેમ દયારામ શર્માને આપેલ હકિકત આધારે કાંગશીયાળી ગામની સીમમાં આવેલ ગ્લોબલ



ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારના પ્લોટ નં.૧ નં.૧૧ ના સેઈડમાંથી દર્શન જયેશ ગઢાદરા (ઉ.વ.૧૯) (રહે. મોણેકારા સોસાયટી, અમરેલી) પાસેથી કાયદેસર કંપનીમા બનતી ખેતીની જતુનાશક દવાઓની ડુપ્લીકેટ દવાઓના જથ્થો રૂ.૭,૭૫,૧૭૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપી છેલ્લા ત્રણ મહિનાથી રાવકીના જંતુનાશક દવાના વેપારી પાસેથી ડુપ્લીકેટ જંતુનાશક દવા મંગાવીને ખેડૂતો સાથે છેતરપીંડી આચરતો હતો. અડધા ભાવે બનતી દવામાં બંને શખ્સો પોતાનું કમીશન રાખી વેપાર કરતાં હતાં. પોલીસે રાવકીના શખ્સને પણ સકંજામાં લઈ વધું તપાસ આદરી હતી.

જે અંગેની કાર્યવાહી એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ કે.એમ.ચાવડા, એએસઆઇ વિપુલ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ શીવરાજભાઈ ખાચર, પ્રહલાદસિંહ રાઠોડ, મયુરભાઈ વિરડા, અનિરૂધ્ધસિંહ જાડેજા, નૈમીષભાઈ મહેતા સહિતના સ્ટાફે કરેલ હતી.

ઝડપાયાયેલા શખ્સ પાસેથી યુનાઈટેડ ફોસ્ફરસની ફોસ્કીલ મોનોકોટો, સાફ કાર્બ ગમફરશળ, સીજેંટા ઈન્ડીયાની ઈસબીયોન, સ્કોર, બાયર ક્રોપસાઈસની રાઉન્ડઅપ હરબીસાઈડ, નાટિયો સાયટેમિક ફંગીસાઈડ નામની નકલી દવાઓ મળી આવી હતી.

**રૂરલ એસઓજીની ટીમે કુલ રૂ.૭.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો : નકલી જંતુનાશક દવાના મૂળ સુધી પહોંચવા કવાયત**

# છેતરપીડીના ગુનામાં આરોપીની ધરપકડ સામે હાઈકોર્ટેનો સ્ટે

## મોબાઈલ એસેસરીઝ તથા ઈલેક્ટ્રીકના ધંધામાં રોકાણ કરવાની લાલચ આપી વેપારી સાથે ૫૦ લાખની ઠગાઈ કરી

**અબતક રાજકોટ**

સુરતના વેપારીને મોબાઈલ એસેસરીઝ તથા ઈલેક્ટ્રીકના ધંધામાં રોકાણ કરવાની લાલચ આપી છેતરપીડી આચરવાના ગુનામાં આરોપીની ધરપકડ સામે હાઈકોર્ટે સ્ટે આપતો હુકમ કર્યો છે.રાજકોટમાં રહેતા હર્ષ રજનીશભાઈ રાયમાગાએ સુરતના વેપારી શૈલેન્દ્ર હરીરામ શ્રીયાને મોબાઈલ એસેસરીઝ તેમજ ઈલેક્ટ્રીકના ધંધામાં રોકાણ કરવાથી ૫૦ થી ૭૦ ટકા નફાની રકમ આપવાની લાલચ આપી ગુગલ-પે નંબર પર તથા એકાઉન્ટમાં ટુકડે ટુકડે કુલ ૫૦,૦૫,૫૦૦ જેટલી માતબાર રકમ મેળવી હતી. ફરીયાદીએ રોકાણ કરેલ નાણાના નફાની રકમ માંગતા આરોપીએ અલગ-અલગ બહાના બતાવી ફરીયાદીને પ્રોફીટ કે રોકાણ કરેલ નાણા પરત નહી આપી છેતરપીંડી આચરી



ધારાશાસ્ત્રી પાર્થ ડી. પીઠડીયા,

હોવાની બી.એન.એસ.ની કલમ-૩૧૮(૪) વિગેરે મુજબની ફરીયાદ ખટોદરા (સુરત) પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જે ફરિયાદ રદ કરવા આરોપી હર્ષ રાયમાગા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હતી. જે પીટીશન ચાલવા પર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ હાઈકોર્ટે તપાસનીસ અધિકારીને નો કોર્સીવ સ્ટેપનો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી રાજકોટના ધારાશાસ્ત્રી પાર્થ ડી. પીઠડીયા, હાઈકોર્ટના વીકી બી. મહેતા, અર્જુનસિંહ જાડેજા, આસીસ્ટન્ટ તરીકે ગૌરવ બોદુડે, સત્યદીપસિંહ જાડેજા, આદેશ કન્નર અને યશદિપસિંહ જાડેજા રોકાયા હતા.

# બાલાજી હનુમાન મંદિર નજીકથી ચોરાઉ મોબાઈલ સાથે તસ્કર ઝડપાયો

## આરટીઓ નજીક રહેતા શખ્સે બે દિવસ પૂર્વે બસ સ્ટેન્ડ ખાતેથી મોબાઈલ ઉઠાવી લીધાની કેફીયત: એ ડિવિઝન પોલીસની કામગીરી

**અબતક, રાજકોટ**

શહેરના બાલાજી હનુમાન મંદિર નજીકથી ચોરાઉ મોબાઈલ સાથે આરટીઓ કચેરી નજીક રહેતા તસ્કરને એ ડિવિઝન પોલીસની ટીમે ઝડપી લીધો હતો. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ અને એસીપી બી જે ચૌધરી દ્વારા મિલકત સંબંધી ગુના અટકાવવા તેમજ વાહન ચોરી, મોબાઈલ ચોરીઝ ઘરફોડ ચોરી, લૂંટ, ચિલઝડપ સહિતના અનડિટેક્ટ ગુના શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન સર્વેલન્સ સ્કોડના હેડ



કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા, કલ્પેશભાઈ બોરીચા અને ધારાભાઈ ગઢવીને મળેલી સંયુક્ત બાતમીના આધારે બાલાજી હનુમાન મંદિર, કનક રોડ પાસેથી વિજય લઘુશંકર ધામેલ (ઉવ ૩૮ રહે. નરસિંહ નગર-૭, આરટીઓની પાછળ, રાજકોટ)ને શંકાસ્પદ સ્માર્ટ મોબાઈલ ફોન સાથે પકડી પાડવામાં આવ્યો હતો. બાદ મોબાઈલનું બિલ કે આધાર પુરાવા માંગતા કોઈ આધાર પુરાવો રજૂ નહીં કરી શકતા આરોપીની યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા મોબાઈલ ફોન એસટી બસ સ્ટેન્ડ ખાતેથી બે દિવસ પૂર્વે ચોરી કરી લીધાની કેફિયત આપી હતી. બાદમાં મોબાઈલનો આઈએમઈઆઈ નંબર ચેક કરતા એ ડિવિઝન પોલીસ મથકમાં મોબાઈલ ચોરીનો ગુનો દાખલ થયાનું જાણવા મળતા પોલીસે આરોપીની ધરપકડ કરી મોબાઈલ કબજે કરી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. આ કામગીરીમાં એ ડિવિઝન પોલીસ મથકના બી વી બોરીસાગર, પીએસઆઈ એસ એમ રાણા, એએસઆઈ બી વી ગોહિલ, એમ એસ મકવાણા, હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા, કલ્પેશભાઈ બોરીચા, કરણભાઈ વિરસોડિયા, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા અને તેજસભાઈ ડેર રોકાયા હતા.

# ખેતીની જમીન સંબંધે ભાઈની નોંધ સામે અન્ય ભાઈ, બે બહેનોએ ઉઠાવેલી તકરાર નાયબ કલેકટર દ્વારા રદ

## વિલના આધારે ખેતીની જમીનની નોંધ દાખલ થઈ શકે

**અબતક રાજકોટ**

લોધીકા તાલુકાના ગામ માખાવડના રહેવાસી મુળ ખેડૂત મોહનભાઈ અરજણભાઈ વેકરિયા માખાવડ ગામે ખેતીની જમીનો ધારણકર્તા હતા. તેમના સંતાનોમાં ત્રણ દિકરા અને ચાર દિકરીઓ (સાસરે) હોય, મોહનભાઈએ તેની ખેતીની વારસાઈ જમીન તેના બે દિકરા કલાભાઈ મોહનભાઈ વેકરીયા અને કિશોરભાઈ મોહનભાઈ વેકરીયાને તેની હયાતીમાં ખેતીની જમીનની વહેચણી કરી દીધેલી. જેમાંથી દિકરીઓએ ભાગ જતો કરેલો. જેથી રેવન્યુ રેકર્ડે તે જમીન કલાભાઈ અને કિશોરભાઈના નામે અને ખાતે થઈ ગઈ હતી. દરમિયાન ત્રીજા દિકરા ગોવિંદભાઈ જેઓ મુંગા અને બહેરા હતા અને તેઓને કોઈ સંતાન ન હતા. ગોવિંદભાઈ મોહનભાઈએ તેની સ્વપાર્જિત મુડીમાંથી લોધીકા તાલુકાના ગામ માખાવડના રે.સ.નં. ૫૬ પૈકી ૨ જમીન એ. ૮-૦૦ ગુંઠા વેચાણ દસ્તાવેજ નં. ૨૦ તા. ૨૬/ ૦૩/ ૧૯૭૩ થી ખરીદ કરી હતી અને રેવન્યુ રેકર્ડે આ મિલ્કત વેચાણથી તેના નામે દાખલ થયેલી. આ મિલ્કતનું ગોવિંદભાઈએ તેમની હયાતીમાં રજિસ્ટર વિલ નં. ૧૦૪૦૩ તા. ૦૧/ ૧૦/ ૨૦૦૭ના રોજ કિશોરભાઈ મોહનભાઈની તરફેણમાં કરેલુ અને વિલથી સ્વતંત્ર માલીકી હક્કથી આ મિલ્કત કિશોરભાઈને આપેલી. ત્યાર બાદ ગોવિંદભાઈનું તા. ૧૨/ ૦૫/ ૨૦૨૫ના રોજ અવસાન થતાં રજિસ્ટર વિલના આધારે કિશોરભાઈએ આ જમીન તેના નામે દાખલ કરવા માટે અરજી કરતાં હક્કપત્રકે નોંધ નં. ૪૩૦૩ તા.૨૬/ ૦૬/ ૨૦૨૫ના રોજ દાખલ થયેલી. જેની સામે કિશોરભાઈના ભાઈ કલાભાઈ અને તેની બહેનો કાંતાબેન રામાણી અને દુધીબેન શીંગાળાએ વાંધો લીધેલો અને બાકી બે બહેનો સવિતાબેન અને ચતુરાબેને કોઈ તકરાર ઉઠાવેલી નહી. આમ આ નોંધ સામે વાંધા આવતાં નાયબ કલેકટર, રાજકોટ (ગ્રામ્ય) પ્રાંત વિમલકિર્તી ચક્રવર્તી સમક્ષ તકરારી કેસ નં. ૩૬/૨૦૨૫ ઉપસ્થિત થયો હતો. જેથી વિલ જેમની તરફેણમાં થયેલ તે કિશોરભાઈ મોહનભાઈના એડવોકેટ તરીકે વરિષ્ઠ ધારાશાસ્ત્રી અર્જુન પટેલ તથા હિમાંશુ શીશાંગીયાએ એવી દલીલ કરેલ કે હાલનું વિલ રજિસ્ટર વિલ છે અને વિલ કરનાર આ મિલ્કતના સ્વતંત્ર અને સુવાંગ માલીક છે. ત્યારે વિલ ખરૂં છે કે ખોટું વિલ કરનારને વિલ કરવાની સત્તા છે કે કેમ? તેવી કોઈ તકરારો નોંધ પાડતી વખતે જોઈ શકાય નહીં. કોઈ પણ રજિસ્ટર વિલનું પ્રોબેટ લેવાની ભારતના માત્ર ચાર મુખ્ય શહેરોમાં જ જરૂરીયાત છે, તેમજ નાયબ કલેકટરનું ધ્યાન દોરેલ કે વાંધેદારોએ જે તકરાર ઉપસ્થિત કરેલ છે તે તકરાર નિર્ણિત કરવાની સત્તા સિવિલ કોર્ટને છે. રેવન્યુ ઓથોરિટી આવી તકરારો નિર્ણિત કરી શકે નહી. ત્યારે આવી નોંધ પ્રમાણિત કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ હોઈ શકે નહી. અર્જુન પટેલ એડવોકેટની આ દલીલો ગ્રાહય રાખી રજિસ્ટર વિલના આધારે માખાવડ ગામના હક્કપત્રકે દાખલ થયેલ નોંધ નં. ૪૩૦૩ મંજુર કરવાનો ઔતિહાસિક ચુકાદો નાયબ કલેકટર, રાજકોટએ આપ્યો છે. આ કેસમાં અરજદાર વતી એડવોકેટ તરીકે ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, હિમાંશુ શિશાંગીયા, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ.પાનસુરીયા અને આકાંક્ષા એચ. રાજદેવ, જાનવી વિરાણી રોકાયા હતા.

# ભીમરાવનગરમાં દસ માસના બાળકનો તાવે ભોગ લીધો

## ત્રણ બહેનના એકના એક ભાઈના મૃત્યુથી પરિવારમાં અરેરાટી

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં અચાનક મરણના બનાવો દિવસે ને દિવસે ચિંતાજનક રીતે વધી રહ્યા છે આજીડેમ ચોકડી ભીમરાવનગરમાં ૧૦ માસના બાળક બે-ત્રણ દિવસથી તાવ આવતો હોય તેનો અચાનક મોત થતા પરિવારના માતમ છવાયો હતો આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ શહેરના આજીડેમ ચોકડી પાસે ભીમરાવ નગર માં રહેતા મગનભાઈ બારૈયા નો ૧૦ માસનો પુત્ર દેવાંશ ગત રાત્રે સવારના ૦૫:૦૦ વાગ્યે દેવાંશને જગાડતા દેવાંશ જાગતો ન હોવાથી તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ સારવાર મળે તે પહેલા જ બાળકનું મૃત્યુ નીપજ્યું હતું. તબીબો એ દેવાંશને મૃત જાહેર કરતા મૃતકને પીએમ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે બાળકને બે ત્રણ દિવસથી તાવ આવતો હોય અને ગત રાત્રે અગ્યાર વાગ્યા સુધી તો બાળક રમતું હતું તાવથી દેવાંશ નું મોત થયાનું પ્રાથમિક તારણ જાણવા મળેલ છે મગનભાઈ બારૈયા પોતે રિક્ષા ચલાવે છે અને સંતાનમાં ત્રણ પુત્રીઓ અને મૃતક દેવાંશ એક પુત્ર સૌથી નાનો હતો ત્રણ પુત્રીઓના નાના ભાઈ દેવાંશ નું અચાનક મોત થી પરિવારમાં માતમ છવાયો હતો આ અંગે આજીડેમ પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ કરી હતી છે તેવું જાણવા મળેલ છે

# કુંભારવાડામાં માતાના પડખામાં સુતેલા બાળકનું દબાઈ જતા મોત

## એકના એક પુત્રના મોતથી પરીવારમાં માતમ

**અબતક રાજકોટ**

શહેરમાં દિવસે ને દિવસે અચાનક મરણના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે રામનાથ પરા નજીક કુંભારવાડામાં રહેતી મહિલાના પડખામાં સુતેલા માસુમ બાળકનું દબાઈ જતા મોત નિપજતા તેના પરીવારમાં માતમ છવાયો છે. બનાવને પગલે એ ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી છે. આ અંગે પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મળતી માહિતી મુજબ કુંભારવાડામાં રહેતા શેફુદ્દીનભાઈ શેખનો ૧૨ દિવસનો પુત્ર તેની માતા સાથે સુતો હતો તે દરમ્યાન બેભાન થઈ જતા તેને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો સારવાર મળે તે પહેલા મોત નિપજયુ હતુ.તબીબોએ બાળકોને મૃત જાહેર કર્યુ હતું પીએમ અર્થે ખસેડવામાં આવ્યું હતુ બનાવની જાણ થતા એ ડિવિઝન પોલીસ મથકના જમાદાર નરેશભાઈ સહીતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં શેફુદ્દીન શેખ સોની કામની મજુરી કામ કરતા હોવાનુ અને તેને સંતાનમાં એકના એક પુત્ર હોવાનું પરીવારે જણાવ્યુ હતુ. સુતો હતો તે દરમ્યાન દબાઈ જતા આ બનાવ બન્યો હોવા પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે આ અંગે એ ડિવિઝન પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે ૧૨ દિવસના એકના એક પુત્રના મોતથી પરિવારમાં માતંગ છવાયો હતો તેવું જાણવા મળ્યું છે

# ૩૪ ધારાશાસ્ત્રીને માંદગી સહાય પેટે રૂપિયા ૧૩.૫૦ લાખની સહાય મંજૂર

## બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની એડવોકેટ વેલ્ફેર ફંડ કમિટીની યોજાયેલી બેઠકમાં લેવાયો નિર્ણય

**અબતક રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની એડવોકેટ વેલ્ફેર ફંડ કમિટીની યોજાયેલી બેઠકમાં રાજ્યના જુદા જુદા બાર એસોસિએશનોના ૩૪ ધારાશાસ્ત્રી ઓને માંદગી સહાય પેટે કુલ રૂપિયા ૧૩.૫૦ લાખની સહાય મંજૂર કરવામાં આવી છે.સને ૧૯૯૨ થી ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ મારફતે મૃત્યુસહાય તેમજ માંદગી સહાય સમીતિ દ્વારા જરૂરીયાતમંદ ધારાશાસ્ત્રીઓને આંશિક માંદગી સહાય બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી આપવામાં આવે છે અને ગંભીર બીમારીના કીસ્સાઓમા વધુ માંદગી સહાય માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ઈન્ડીજન્ટ એન્ડ ડીસેબલ એડવોકેટસ વેલ્ફેર કમીટીને મોકલી આપવામા આવે છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન શ્રી જે.જે.પટેલના અધ્યક્ષપદ હેઠળ આજરોજ ઈન્ડીજન્ટ એન્ડ ડીસેબલ એડવોકેટસ વેલફેર કમીટીની મીટીંગ મળેલી. જેમા વાઈસ-ચેરમેન શ્રી મુકેશ સી. કામદાર તથા સભ્યો શ્રી કીરીટ એ.બારીટ, શ્રી હીરાભાઈ એસ.પટેલ અને શ્રી અનિરૂધ્ધસિંહ એચ.ઝાલા હાજર રહેલા. સમગ્ર ગુજરાતના તાલુકા અને જીલ્લા અદાલતોના ધારાશાસ્ત્રીઓની માંદગી સહાયની અરજીઓ બીસીઆઈ એડવોકેટસ વેલફેર કમીટી ફોર ધી સ્ટેટ કમીટી દવારા મંજુર કર્યા બાદ ધારાશાસ્ત્રીઓની ગંભીર પ્રકારની બીમારીના કીસ્સામા વધુ માંદગી સહાય આપવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ઈન્ડીજન્ટ એન્ડ ડીસેબલ એડવોકેટસ વેલફેર કમીટીને ભલામણ કરવામા આવે છે. આવી વધુ માંદગી સહાય માટે ભલામણ કરવામાં આવેલ ૩૪ જેટલા ધારાશાસ્ત્રીઓની અરજીઓ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ઈન્ડીજન્ટ એન્ડ ડીસેબલ એડવોકેટસ વેલફેર કમીટીએ મંજુર કરતા કુલ્લે રૂપિયા ૧૩ લાખ પચાસ હજાર ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલના અધ્યક્ષપદ હેઠળ ગઈકાલે ઈન્ડિજન્ટ એન્ડ ડિસેબલ એડવોકેટસ વેલફેર કમિટીની મીટીંગ મળી હતી. જેમાં વાઈસ ચેરમેન મુકેશ સી. કામદાર તથા સભ્યો કીરીટ એ.બારોટ, હીરાભાઈ એસ.પટેલ અને અનિરૂધ્ધસિંહ એચ. ઝાલા હાજર રહ્યા હતા. તેમાં સમગ્ર ગુજરાતના તાલુકા અને જિલ્લા અદાલતોના ધારાશાસ્ત્રી ઓની માંદગી સહાયની અરજીઓ બીસીઆઈ એડવોકેટસ વેલફેર કમીટીને ભલામણ કરવામાં આવતા ૩૪ જેટલા ધારાશાસ્ત્રી ઓની અરજીઓ મંજુર કરાતા કુલ રૂપિયા ૧૩.૫૦ લાખ માંદગી સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. વેલ્ફેર ફંડની રિન્યુઅલ ફી ભરનાર ધારાશાસ્ત્રી ઓ જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગી સહિતની સહાયનો લાભ મેળવવા હકકદાર બને છે.

# ખેરવા ગામની સીમમાંથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ: સિસ્ટમ પ્રમાણે ચાલક ફરાર

## રૂ. ૯૭ હજારની ૭૬૫ બોટલ શરાબ, કાર મળી કુલ રૂ. ૪.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે : પીસીબીની કમાલ

**અબતક, રાજકોટ**

શહેર પોલીસની પીસીબી શાખાની ટીમે ખેરવા ગામની સીમમાંથી દારૂ ભરેલી કાર ઝડપી પાડી હતી. જે કારમાંથી રૂ. ૯૭ હજારની કિંમતની ૭૬૫ બોટલ કબ્જે કરાઈ હતી. જો કે, ભૂતકાળમાં પાડવામાં આવેલ દરોડાની સિસ્ટમ મુજબ આ વખતે પણ કારનો ચાલક મળી આવ્યો ન હતો.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા દ્વારા શહેરી વિસ્તારમાં દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને એમ આર ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલી સંયુક્ત હકીકતના આધારે ખેરવા ગામની સીમમાં યાસીન કારખાના પાસે આવેલ ખુલ્લા પટમાંથી વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપી લેવાઈ હતી.

પીસીબી ટીમે મારુતિ સ્વીફ્ટ કાર નંબર જીજે-૧૩-એએમ-૬૨૮૪ માંથી રૂ. ૯૭,૯૨૦ ની કિંમતની શરાબની ૭૬૫ બોટલ કબ્જે કરી હતી. જો કે, અગાઉની સિસ્ટમ મુજબ ચાલક મળી આવ્યો ન હતો.


### સંઘમ શરણમ ગચ્છામિ..

# શતાબ્દી ઉજવણી અને સંગઠનને લઈ કાલથી ભાગવતની મુલાકાત રાજકારણમાં ગરમાવો લાવી દેશે

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નવા પ્રદેશ પ્રમુખ વિશ્વકર્માને પણ મળશે

**અબતક, અમદાવાદ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલક મોહન ભાગવત કાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવવાના છે. બે દિવસ ગુજરાતની મુલાકાતમાં અમદાવાદ ખાતે આવેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે. ગાંધીનગરના કોબા ખાતે આવેલા પ્રેક્ષા વિશ્વ ભારતી ધ્યાન કેન્દ્ર ખાતે આચાર્ય મહાશ્રમણજી સાથે પણ મુલાકાત કરશે. કોબા ખાતે જાહેર કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂક અને દિવાળી પહેલા સરસંઘચાલક મોહન ભાગવતની ગુજરાત મુલાકાત ખૂબ જ સૂચક માનવામાં આવી રહી



છે.શતાબ્દી ઉજવણી અને સંગઠનને લઈ કાલથી ભાગવતની મુલાકાત રાજકારણમાં ગરમાવો લાવી દેશે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસ સંઘચાલકની બે દિવસ ગુજરાત મુલાકાતમાં ૧૪ ઓક્ટોબરે બપોરે તેઓ અમદાવાદ આવી પહોંચશે. એરપોર્ટથી સીધા તેઓ અમદાવાદના સંઘ કાર્યાલય ડો. હેડગેવાર ભવન ખાતે પહોંચશે. તાજેતરમાં જ ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની નિમણૂક કરવામાં આવી છે. ભાજપમાં આગામી દિવસોમાં ખૂબ મોટા ફેરફાર થઈ શકે છે ત્યારે દિવાળી પહેલા ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક આવી રહ્યા છે અને બે દિવસ સતત બેઠકોનો દોર કરવાના છે ત્યારે ખૂબ ગુજરાતના રાજકારણમાં સંઘનું યોગદાન સૂચક માનવામાં આવી રહ્યું છે. બે દિવસ મોહન ભાગવત ગુજરાતમાં છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નવનિયુક્ત ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ પણ મુલાકાત લેશે.

ભાગવત આ ઉપરાંત એક જાહેર કાર્યક્રમમાં પણ હાજર રહેનાર છે. ખાસ કરીને ગુજરાતમાં દિવાળી પુર્વેના રાજકીય એજન્ડા ભરપુર છે અને નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્મા પણ આજથી તેમના તા.૧૭ સુધીના રાજયના પ્રવાસે છે પણ તેઓ ખાસ ગાંધીનગર પરત આવીને ડો. ભાગવતને મળશે તેવા સંકેત છે. પ્રદેશ પ્રમુખ બન્યા બાદની તેમની આ પ્રથમ મુલાકાત છે.દિવાળી પુર્વે વિશ્વકર્મા તેમનું નવું સંગઠન જાહેર કરી શકે છે તો બીજી તરફ રાજયમાં મંત્રીમંડળમાં ફેરફાર વિસ્તારની પણ ચર્ચા છે અને ભાજપના ધારાસભ્યોમાં જેમને આશા છે.

### આચાર્ય મહા શ્રવણજી સાથે મુલાકાત કરી-પ્રવચન આપશે

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસ સંઘચાલકની બે દિવસ ગુજરાત મુલાકાતમાં ૧૪ ઓક્ટોબરે બપોરે તેઓ અમદાવાદ આવી પહોંચશે. એરપોર્ટથી સીધા તેઓ અમદાવાદના સંઘ કાર્યાલય ડો. હેડગેવાર ભવન ખાતે પહોંચશે. જ્યાં બપોરે સંઘના કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે. બીજા દિવસે સવારે સાડા નવ વાગ્યે ગાંધીનગરના કોબા ખાતે આવેલા પ્રેક્ષા વિશ્વભારતી ધ્યાન કેન્દ્ર ખાતે જશે. આચાર્ય મહા શ્રવણજી સાથે મુલાકાત કરી અને પ્રવચન આપશે. બાદમાં બપોરે અમદાવાદ સંઘ કાર્યાલય ખાતે પરત ફરશે. બપોરે સંઘ કાર્યાલય ખાતે તેઓ ફરી સંઘના ઉચ્ચ હોદેદારો અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે.

# કુવાડવામાં સાત વર્ષની માસુમ બાળકી પર જાતીય હુમલો: હેવાન સકંજામાં

## બાળકીના ગુપ્ત ભાગે કોઈક હથિયાર વડે ઈજા પહોંચાડી, શરીરે અડપલાં કર્યા : ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળા સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ કુવાડવા પંથકમાં એક સાત વર્ષની બાળકી પર જાતીય હુમલાની ઘટનાએ ચકચાર મચાવી છે. નજીકમાં જ રહેતા હેવાને કરેલા કુકર્મથી સર્વત્રથી ફીટકાર વરસી રહ્યો છે. દુકાને ભાગ લેવાં ઘર બહાર ગયેલ બાળકીને પોતાના ઘરે લઈ જઈ ગુપ્ત ભાગે

### દુકાને ભાગ લેવા ગયેલી બાળાને પાડોશમાં રહેતો શખ્સ પોતાના ઘરે ઉઠાવી ગયા બાદ કુકર્મને અંજામ આપ્યો

કોઈ હથીયારથી ઈજા કરી શરીરે અડપલા કર્યા હતાં. બાળકીને ગંભીર ઈજા પહોંચતા સારવારમાં રાજકોટ જનાના હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને રાઉન્ડઅપ કર્યો હતો.

બનાવ અંગે કુવાડવા વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિપુલ પ્રેમજી ગોહેલ નામના શખ્સનું નામ આપતાં કુવાડવા રોડ પોલીસે બીએનએસ એક્ટ ૭૪, ૭૫(૨), ૭૬ અને પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી ઘરકામની સાથે નોકરી પણ કરે છે. તેઓને સંતાનમાં સાત વર્ષની એક બાળકી છે. ગઈકાલે તેમની સાત વર્ષની બાળકી ઘરેથી બજારમાં ભાગ લેવાં માટે ગઈ હતી. જે બાદ પુત્રી મોડે સુધી ઘરે ન પહોંચતા તેણીએ પુત્રીને શોધવા બજારમાં પહોંચી હતી. પરંતુ ત્યાં પણ ક્યાંય મળી ન આવતાં તે હાંફળી- ફાંફળી થઈ ગઈ હતી. દરમિયાન તેણીના ઘરથી થોડે દુર રહેતો આરોપી દોડતો બાળકીને લઈ આવ્યો હતો અને પુત્રીને મૂકીને તુરંત જ નાસી છૂટ્યો હતો.

જે બાદ તેઓની માસૂમ બાળકી રડવા લાગી હતી. જેથી તેની પૂછતાછ કરતાં જણાવ્યું હતું કે, તે ભાગ લેવા બજારમાં લઈ ત્યારે પડોશમાં રહેતો આરોપી તેમને ફોસલાવીને તેના ઘરે લઈ ગયો હતો અને ત્યાં લઈ જઈ ધરરાથી તેણીના ગુપ્ત ભાગે કોઈ હથીયાર કે આંગળીથી ઈજા કરી હતી. ઉપરાંત ગળાના ભાગે તથા છાતીના ભાગે પણ અડપલા કરી ઈજા પહોંચાડી હતી. બાદમાં બાળકીને ગુપ્ત ભાગ સહિતના શરીરે ગંભીર ઈજા પહોંચી હોવાથી તેમને તુરંત જનાના હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બી. પી.રજીયા અને ટીમ હોસ્પિટલે દોડી આવ્યો હતો અને બાળકીની માતાની ફરીયાદ પરથી આરોપી સામે ગુનો નોંધી રાઉન્ડઅપ કરી વધું તપાસ યથાવત રાખી હતી. માસૂમ બાળકી સાથે આરોપીએ કરેલ દુષ્કૃત્યથી લોકોએ ફિટકાર વરસાવ્યો હતો.

## કુવાડવા રોડ પોલીસ મથકમાં પોક્સો એકટ સહીતની કલમો હેઠળ ગુનો : નરાધમને રાઉન્ડ અપ કરી પૂછપરછનો ધમધમાટ

# વિકાસ રથ યાત્રા થકી રાજ્યમાં પાંચ દિવસમાં રૂ.૪૮૩ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

## ગામડે-ગામડે ફરતા વિકાસ રથ દ્વારા ૨૩,૬૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૪૪.૬૭ કરોડથી વધુ સહાય વિતરણ, ૧.૭૦ લાખથી વધુ નાગરિકોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી: રાજ્યના યુવાનો, મહિલાઓ અને ખેડૂતોએ યાત્રામાં જોડાઈ પ્રગતિમાં સહભાગી બન્યા

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૪ વર્ષની જનસેવાનો ઉજવણી કરવા રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ વિકાસ સપ્તાહ અંતર્ગત ગુજરાતમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના દરેક જિલ્લામાં ‘વિકાસ રથ’ ચલાવી, ગ્રામ્ય વિસ્તારોમાં જઈ નાગરિકોને વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

છેલ્લા પાંચ દિવસમાં રાજ્યના ૩૪ વિકાસ રથોએ ગામડે-ગામડે મુલાકાત કરી, જેમાં રાજ્યમંત્રી, સાંસદ અને ધારાસભ્ય, તેમજ ૭,૨૦૦થી વધુ સ્થાનિક પદાધિકારીઓ-અધિકારીઓ સાથે ૧,૭૨,૦૦૦થી વધુ નાગરિકો જોડાયા હતા. આ સમયમાં ૪,૭૦૦ કરતા વધુ કામોનું લોકાર્પણ અને ૪,૫૫૪ કામોના ખાતમુહૂર્ત થયાં, જે કુલ રૂ. ૪૮૩ કરોડથી વધુનો વિકાસ દર્શાવે છે.

સાથે જ, વિકાસ રથ દ્વારા ૨૩,૬૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૪૪.૬૭ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવી. ૧.૭૦ લાખથી વધુ નાગરિકોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી અને રાજ્યના યુવા, મહિલાઓ, ખેડૂતો સહિત તમામ વર્ગોને વિકાસ યાત્રામાં જોડાયું.

ગુજરાત સરકારની આ યાત્રા વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટે પ્રત્યેક નાગરિકને પ્રેરણા આપે છે, અને રાજ્યભરના નાગરિકોએ ભાગ લઈ વિકાસ અને સુવિધાઓને પોતાના જીવન સાથે જોડવાનો ઉત્સાહ દર્શાવ્યો છે.

# એમબીએ-એમસીએની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ છતાં છ હજાર બેઠકો ખાલી રહી!

## સીમેટ સાથે ૩૬૦૨, સીમેટ વગર ૧૩૪૭૦ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો

**અબતક, અમદાવાદ**

રાજ્યની એમબીએ કોલેજોની કુલ ૧૮૧૫૫ અને એમસીએ કોલેજની ૮૯૨૦ મળી કુલ ૨૭૦૭૫ બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. સમિતિ દ્વારા જાહેર કરાયેલી આંકડાકીય વિગતો પ્રમાણે એમબીએ-એમસીએમાં સીમેટ સાથે માત્ર ૩૬૦૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા છે, જેની સામે નોન સીમેટ ૧૩૪૭૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા છે. આમ,હાલની સ્થિતિમાં એમબીએ-એમસીએમાં અંદાજે ૮ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે.એમબીએ-એમસીએમાં પ્રવેશ માટે સીમેટ એટલે કે કોમન મેનેજમેન્ટ એપ્ટીટયુટ ટેસ્ટ લેવામાં આવતી હોય છે. આ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને મેરિટના આધારે એમબીએ-એમસીએ કોલેજમાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવે છે. ચાલુવર્ષે પ્રવેશના ત્રણ રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. એટલે કે હાલમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી દેવામાં આવી છે. છેલ્લી આંકડાકીય વિગતો પ્રમાણે ચાલુવર્ષે સીમેટ આપીને જુદી જુદી એમબીએ-એમસીએ કોલેજમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૩૬૦૨ છે. પ્રવેશ સમિતિ દ્વારા પહેલા બે રાઉન્ડમાં સીમેટ આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. સીમેટ આપેલા તમામ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે પછી ખાલી પડનારી બેઠકો પર નોન સીમેટ એટલે કે સીમેટ આપી નથી તેવા વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવી છે. એટલે કે ત્રીજા રાઉન્ડથી નોન સીમેટ વિદ્યાર્થીઓ માટે કાર્યવાહી થતી હોય છે. દરવર્ષની જેમ ચાલુવર્ષે પણ સીમેટ કરતાં નોન સીમેટથી પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા અનેકગણી વધારે છે. નોન સીમેટ સાથે જુદી જુદી કોલેજોમાં ૧૩૪૭૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. આમ,નોન સીમેટ સાથે સૌથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. મહત્વની વાત એ કે, દરવર્ષે આ પ્રકારની સ્થિતિ ઉભી થતી હોવાછતાં સીમેટના માધ્યમથી પ્રવેશ આપવાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે. સીમેટના કારણે

(અનુ. આઠમા પાને)

### બોટાદમાં કપાસનો ‘કડદા’ વિવાદ ઉગ્ર બન્યો

# ‘આપ’ સમર્થિત પંચાયત પૂર્વે પથ્થરમારો : ડીવાયએસપી-પીઆઈ સહિતના કર્મચારીઓ ઈજાગ્રસ્ત

## પરિસ્થિતિ વણસતા પોલીસને ટીયરગેસના સેલ છોડવા પડ્યા : સરકારી વાહનોમાં તોડફોડ



**અબતક, રાજકોટ**

બોટાદના હડદડમાં થયેલા ગામલોકો અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણમાં પોલીસ કર્મચારીઓને ખુબ જ મોટા પ્રમાણમાં ઈજા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ પથ્થરમારામાં ડીવાયએસપીના પગમાં ફ્રેક્ચર થઈ ગયું છે તો પીઆઈને માથામાં પથ્થર વાગવાના કારણે સાત ટાંકા લેવા પડ્યા છે.

બોટાદ જિલ્લા એપીએમસીમાં કપાસના ’કડદા’ (ભાવ કટોતરી) વિરુદ્ધ ચાલી રહેલા વિવાદે હડદડ ગામમાં મોટું ઘર્ષણ થયું હતું. આમ આદમી પાર્ટી (આપ) સમર્થિત ખેડૂત મહાપંચાયતને મંજૂરી ન મળતાં બબાલ ફાટી નીકળી હતી. જેમાં પોલીસ અને ગ્રામજનો વચ્ચે તીવ્ર ઘર્ષણ થયું હતું. કેટલાક લોકોએ પોલીસ પર મોટીમાત્રામાં પથ્થરમારો કર્યો હતો, જેના કારણે

### હડદડ ગામ પોલીસ છાવણીમાં ફેરવાયો: ચુસ્ત બંદોબસ્ત

હાલ હડદડ ગામમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. તેમજ હડદડ ગામમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલ છે. રેન્જ આઈજી સહિતના પોલીસ કાફલાએ મામલો થાળે પાડ્યો છે.



### મહાપંચાયતની મંજૂરી નહિ હોવાને કારણે પોલીસ કાફલો દોડી ગયો’તો

મહાપંચાયતને લઈને કોઈ મંજૂરી ન હોવાને કારણે હડદડ ગામે મોટી સંખ્યામાં પોલીસ કાફલો દોડી ગયો હતો, ત્યારે બોટાદના ડીએસપી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે હડદડ ગામમાં ગેરકાયદેસર મહાપંચાયતનું આયોજન કર્યું હતું. તેથી પોલીસ ડીટેન કરવા માટે આવી હતી ત્યારે ગેરકાયદેસર લોકોએ મંડળી બનાવીને મહાપંચાયતનું આયોજન કર્યું હોય જેને ડીટેન કરવા આવતા કેટલાક લોકો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને પોલીસની ગાડીને પણ ઊંધી વાળી દેવામાં આવી હતી.

ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (ડીવાયએસપી) મહર્ષિ રાવલને પગમાં ફ્રેક્ચર થયું અને એલસીબી પીઆઈ એ. જી. સોલંકીને માથાના ભાગે ૭ ટાંકા લેવા પડ્યા છે. પરિસ્થિતિ વણસતા પોલીસે ટીયરગેસના સેલ છોડવા પડ્યા અને કેટલાક લોકોએ પોલીસ વાહનોના કાચ પણ તોડી નાખ્યા હતા. આ ઘટના શાંતિપૂર્વક વિરોધમાં કોણના ઈશારે પથ્થરમારો થયો અને અશાંતિ સર્જવાના તત્વો કોણ છે તેવા પ્રશ્નો ઉભા કરી દીધા છે.

હડદડ ગામ, જે બોટાદના

(અનુ. આઠમા પાને)

# ગુલાબી ઠંડીનો અહેસાસ: રાજકોટનું લઘુતમ તાપમાન ૧૯.૭ ડિગ્રી

## સવારે ઠંડી તો બપોરે ગરમીનો અહેસાસ, પવનોની દિશા બદલાતા બેવડી ઋતુની અસર પણ જોવા મળશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાંથી શુક્રવારે ચોમાસાની વિદાય સાથે શનિવારથી ઠંડીનો અનુભવ શરૂ થયો છે. રાજ્યના મુખ્ય ૧૭ શહેરો પૈકી ૧૨ શહેરોનું લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રીથી નીચું નોંધાયું હતું. રાજકોટ શહેરનું લઘુતમ તાપમાન ૧૯.૭ અને મહત્તમ તાપમાન ૨૩.૪ ડિગ્રી નોંધાયું છે. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને ૮ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો હતો.

બીજી બાજુ ડીસા, ભૂજ, કંડલા અને રાજકોટમાં ઠંડીનો બે વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. જ્યારે અમદાવાદ, વડોદરા, ભાવનગર, ગાંધીનગર, નલીયા, અને સુરતમાં ગત વર્ષ કરતાં વધુ ઠંડી નોંધાઈ છે. સામાન્ય રીતે રાજ્યમાં ૨૫ ઓક્ટોબરની આસપાસથી ઠંડીની શરૂઆત થતી હોય છે. તેની સામે ચાલુ સાલે ૧૫ દિવસ વહેલાં ઠંડીની શરૂઆત થઈ છે. ઉલ્લેખનિય છે કે, રાજ્યના મુખ્ય ૧૭ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૭.૩ થી ૨૪.૯ ડિગ્રીની વચ્ચે રહ્યું હતું.

ચાલું વર્ષે એક બાજુ દેશમાંથી ચોમાસાની વિદાય અને બીજી બાજુ વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના હિમાલયની પર્વતમાળામાં હિમવર્ષા શરૂ થઈ છે. સામાન્ય રીતે ચોમાસાની વિદાય બાદ રાજ્યમાં ધીમે ધીમે ઉત્તરના પવન શરૂ થતાં હોય છે, પરંતુ હાલ મોટાભાગે ઉત્તર-પૂર્વ અને ઉત્તર દિશાનો પવન ફૂંકાઈ રહ્યો છે. હિમવર્ષાના કારણે ઝડપી ઠંડી શરૂ થઈ છે.

ભાદરવાની ગરમી ખરીફ પાકોની પાકવાની અવસ્થાને મદદરૂપ થતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે ઓછી ગરમી રહી છે અને ઠંડીની શરૂઆત પણ થઈ છે. આ સ્થિતિમાં ઉતારો મોડો મળી શકે છે. બીજી કોઈ નુકશાન થવાની શક્યતા નથી. રવી વાવણીને કોઈ ખાસ અસર નહીં થાય. ઠંડીની વહેલી શરૂઆત થઈ છે એનો મતલબ એ નથી કે વહેલું વાવેતર કરવું જોઈએ. ખેડૂતોને સમયસર જ વાવેતર કરવું જોઈએ.